# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**તંત્રી :**
**ઈન્દુકુમાર જાની**

વર્ષ : 39 અંક : 24


**અન્ય પૃષ્ઠો પર...**


02 **સાંપ્રત**
ઈન્દુકુમાર જાની

06 **નોટબંધી : બેમીસાલ આપત્તી**
રોહીત શુક્લ

10 **ગેરકાયદે અને ગેરબંધારણીય...**
સંજય શ્રીપાદ ભાવે

11 **ગ્લોબલ વૉર્મીંગની વૉર્નીંગ**
યશવન્ત મહેતા

14 **માધુકરી**
નારાયણ દેસાઈ/અપુર્વ ઓઝા/કીશોરલાલ મશરુવાળા/ધવલ મહેતા/પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

19 **કેટલીક મીઠી-કડવી વાતો**
ગાર્ગી વૈદ્ય

21 **નવું વાચન**

24 **દક્ષીણાયન - સ્વાતંત્ર્યની...**
હરેશ મકવાણા

25 **કાર્યદક્ષ તબીબ દક્ષાબહેન...**

26 **પત્ર-સાર**

27 **દલીત સમાજની વીવીધ...**

29 **અહીંસા કાયરતા છે ?**

30 **ભાષા-ચર્ચા**

32 **કાવ્યોમાં સાંપ્રત**


## વીનોબાને જીવન સમર્પીત કર્યું એક દંપતીએ...

મીરાબહેન ભટ્ટનું આ પુસ્તક હાથમાં આવે એટલે એના પાને પાને વીનોબા જીવતા થાય. એક વીદુષી સન્નારીનું બાળપણ, યૌવન ને પ્રૌઢાવસ્થા બહુ સરળતાથી આલેખાયાં છે અને ‘મીલે સુર મેરા તુમ્હારા’ એ શીર્ષક સુચવે છે તે પ્રમાણે એમના અને અરુણભાઈના સ્નેહભર્યા દાંપત્યજીવનનો નકશો પણ આપણી સમક્ષ એવો સરળ મુકાયો છે કે ‘ધન્યો ગૃહસ્થાશ્રમ :’ એ ઉક્તી પાછળ રહેલું સત્ય આપમેળે પ્રગટ થાય.

મીરાબહેનનો વીદ્યાવ્યાસંગ એમને કેવી કેવી સફર કરાવીને અંતે લેખન તરફ લઈ આવ્યો ? ડૉક્ટર થવાનાં હતા - વકીલ થવાનાં હતાં અને મારગભુલ્યો મુસાફર અંતે ગંતવ્ય સ્થાને પહોંચે એમ ‘ચીંતનશીબીર’ દ્વારા સર્વોદયની ઝલક મેળવીને વીનોબાનાં ચરણોમાં વીશ્રાંતી પામ્યાં. એ યાત્રાનું આલેખન મીરાબહેનની કલમે ખુબ જીવંત બન્યું છે.

અરુણભાઈ મળ્યા અને મીરાબહેનને ગમી ગયા. સીધી સાદી વાત પણ બંને જણનું આખું જીવન વીનોબાને અને એમની વીચારસરણીને સમર્પીત, એ કારણે દરેક નાના મોટા પ્રસંગોમાં ધ્રુવનો તારો કદી અસ્ત ન પામે અને એમના નીકટના વર્તુળમાં પણ એનું તેજ પાથર્યા વગર ન રહે.

મીરાબહેન સીદ્ધહસ્ત લેખીકા છે. ચીંતન, અનુવાદ, મૌલીક કથાલેખન, નીયમીત કટારલેખન... અનેક રીતે તેઓ જનસમુદાયમાં જાણીતાં છે અને વીદ્વદ્‌વર્ગમાં પણ પોંખાયાં છે. આ પુસ્તક દ્વારા એમણે આપણને એમના ભાતીગળ જીવનને નીકટથી નીરખવાનો લહાવો આપ્યો છે તે બદલ આભાર તો માનવો જ જોઈએ પણ વધારે ઉત્તમ કામ તો એ થયું છે કે આ લખાણ દ્વારા એમણે એ આખા જમાનાને જીવતો કરી આપ્યો છે જેનાથી આજની પેઢી વીમુખ થતી જાય છે. મુલ્યહ્રાસનો દેશવ્યાપી રોગ આજે એટલો વધી ગયો છે કે એની સામે આંખ મીંચવાનું જોખમ ખેડાય નહીં. એવી ઘડીએ આવું મુલ્યવાન પુસ્તક આપણને મળે છે એનો મને ઘણો આનંદ થાય છે.

**– ધીરુબહેન પટેલ**

[**‘મીલે સુર મેરા તુમ્હારા’**નું આમુખ. પુસ્તકની વીગતો માટે જુઓ ‘નવું વાચન’.]

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### ખોબા જેવડું ક્યુબા : એનો ક્રાંતીવીર કાસ્ત્રો

ગેરીલા યુદ્ધ દ્વારા અમેરીકા જેવી મહાસત્તાને હંફાવનાર અને આજીવન સામ્યવાદી વીચારધારાને અનુસરનાર ક્યુબાના ફીદેલ કાસ્ત્રોએ તા. 26-11-2016ના રોજ એમની જીવનલીલા સંકેલી લીધી. સોવીયેટ સંઘનું વીઘટન, પુર્વ યુરોપમાં સામ્યવાદી વીચારસરણીનો અસ્ત તથા ચીને પણ નવી ઉદારતાવાદી આર્થીક નીતી અપનાવતાં ક્યુબા એકલું પડી ગયું હતું. તા. 13 ઑગસ્ટ, 1926ના રોજ ક્યુબાના (સંદર્ભ : ગુજરાતી વીશ્વકોશ : ખંડ-4) ખીરાન ખાતે જન્મેલા ફીદેલ કાસ્ત્રોએ કાયદાનો અભ્યાસ કરેલો. માર્કસવાદી સાહીત્યના વાચનથી ક્યુબાની 'પીપલ્સ પાર્ટી'માં જોડાયેલા. 1953માં ક્યુબાના સરમુખત્યાર બાટીસ્ટાની સામે લશ્કરી બળવો કર્યો, તેથી જેલમાં મોકલાયા. ચે ગુવેરા (1928-1967) સાથે સંપર્ક થયો. કાસ્ત્રોની સરદારી નીચે 1 જાન્યુઆરી, 1959ના રોજ નવી ક્રાન્તીકારી સરકાર સ્થપાઈ, જેમાં ચે ગુવેરા જોડાયેલા. (પછી તેઓ ગેરીલા યુદ્ધપદ્ધતીના પ્રચાર અર્થે બોલીવીયા ગયા હતા, પકડાઈ ગયા અને માર્યા ગયા.) ફીદેલ કાસ્ત્રોનો ક્રાન્તીરથ વણથંભ્યો ચાલુ રહ્યો. એમણે સોવીયેત રશીયા સાથે સંબંધ વીકસાવ્યા. રશીયા દ્વારા ક્યુબામાં ગોઠવાયેલા મીસાઈલ્સ સામે કૅનેડીએ વાંધો ઉઠાવી, ક્યુબાની આસપાસ નાકાબંધી કરી. જગત વીશ્વયુદ્ધના આરે આવી ગયેલું. છેવટે 1962માં સમજુતી થઈ, કટોકટીનું નીવારણ થયું. કાસ્ત્રોએ અત્રતત્ર કાન્તીકારી પરીબળોને ટેકો આપ્યો. બીનજોડાણની ચળવળ (non- alignment movement-NAM) `નામ'નું છઠ્ઠું અધીવેશન ક્યુબાના હવાનામાં મળ્યું; સાતમું દીલ્હીમાં. ત્યારે નવા પ્રમુખ તરીકેનો હવાલો કાસ્ત્રોએ ઈન્દીરા ગાંધીને સોંપ્યો. ઈન્દીરાજીને તેઓ બહેન ગણતાં. કાસ્ત્રોનાં નીધન પછી, એમનાં સ્ત્રીઓ સાથેનાં સંબંધો કે 'ક્યુબા'ની રુપજીવીનીઓ પણ ગ્રેજ્યુએટ હોય છે - જેવી વાતો છાપાંઓએ ચમકાવી. પરંતુ તેમનાં પ્રેરણાદાયી જીવનકાર્ય વીશે ખામોશી સેવી. કાસ્ત્રોએ સત્તા ગ્રહણ કર્યા પછી રાષ્ટ્રીયકરણની નીતી અપનાવી જેનાથી અમેરીકાની બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારે ધક્કો પહોંચ્યો અને ત્યારથી અમેરીકા માટે કાસ્ત્રો દુશ્મન નંબર એક હતાં. 1960માં તેઓએ ક્યુબામાં સાક્ષરતા મીશન ચલાવ્યું અને 96 ટકા જેટલો સાક્ષરતા દર હાંસલ કર્યો. આરોગ્યક્ષેત્રે એમણે જબરદસ્ત કામ કર્યું, પરીણામે બાળમૃત્યુ દર વીકસીત દેશો જેટલો કરી નાખ્યો. એમની હત્યા કરવાના 634 વખત પ્રયાસો થયેલા. 1968માં એક જીવલેણ હુમલામાંથી બચ્યા પછી કાસ્ત્રોએ કહ્યું હતું, 'હું મારી શરતોએ જ મરીશ.' 1959માં એમણે સત્તા ગ્રહણ કરી, પછી છેક 2006માં નાદુરસ્ત તબીયતના કારણે ભાઈ રાઉલ કાસ્ત્રોને સત્તા સોંપી. ગત વર્ષે અમેરીકી રાષ્ટ્રપતી બરાક ઓબામાએ ક્યુબા પર લાદેલો પ્રતીબંધ હટાવી દીધો અને ખુદ ત્યાં પહોંચી ગયા છતાં કાસ્ત્રોએ તેમની સાથે મુલાકાત ન કરી; કહી દીધું, 'ક્યુબાને અમેરીકા પાસેથી કંઈ નથી જોઈતું.'



જનવાદી કવી હીંમત ખાટસુરીયા ચે અને કાસ્ત્રોના ચાહક હતા. એમના બે સંગ્રહોના મુખપૃષ્ઠ પર ચે ગુવેરાનો સ્કેચ છપાયો છે. બંનેના અવતરણો પણ છપાયાં છે, તે પૈકી કાસ્ત્રોનું : 'What distinguishes a real revolutionary from false one is precisely this : one will act to carry the masses; the other waits for the masses to acquire the spirit before beginning to act.'

હીંમત ખાટસુરીયાના અંતીમ સંગ્રહ 'ઉલગુલાન' (ક્રાન્તી)ની પંક્તીઓ સાથે ફીદેલ કાસ્ત્રોને લાલ સલામ :

**જીંદગીનો અર્થ ભેરુ કાફલા બઢતા રહેષ**
**બન્ને બાજુ મારગે એ નામને મઢતા રહે.**
**લાલ પુષ્પો, લાલ લોહી, લાલ સુરજ જીંદગી,**
**લાલ અક્ષર બન્ને બાજુ નામને પઢતા રહે.**

### 'મોદીજી, તમે કેશલેસ ઈલેક્શન લડી બતાવશો ?'

આ મુંઝવણ કોને કહેવા જઈએ ? માંડ માંડ દાખલો ગણી કાઢ્યો, તાળો મેળવ્યો કે જવાબ સાચો છે... ત્યાં જ દાખલાની મુળ રકમ જ બદલાઈ ગઈ !! નોટબંધીથી સમગ્ર દેશના અર્થતંત્રને કેટલો ફાયદો થયો, કેટલું કાળું નાણું નાબુદ થયું, ભ્રષ્ટાચાર કેટલો ઘટ્યો તેની ગણતરી માંડતાં હતા ત્યાં જ મોદી સરકારે હવે સીફતપુર્વક 'બ્લેક મની'ની ચર્ચા એક બાજુ મુકી દઈને 'કેશલેસ ઈકોનોમી' પર છલાંગ મારી દીધી છે... જાત જાતનાં સુત્રો : 'મેઈક ઈન ઈન્ડીયા', 'સ્કીલ ઈન્ડીયા', 'સ્વચ્છ ભારત', 'ડીજીટલ ઈન્ડીયા' અને હવે લોલીપોપ 'કેશલેસ ઈન્ડીયા' ! શું ભારતીય જનતા પાર્ટી અને આરએસએસના તમામ વ્યવહારો કેશલેસ થશે ? તમામ

ચુંટણીઓ 'કેશલેસ' લડાશે ?

નરેન્દ્ર મોદીના એજન્ડામાં ગ્રામીણ ભારત છે જ નહીં. કચ્છમાં સ્થાનીક કક્ષાએ રુપીયા ન મળતાં રાપર - ભચાઉ સુધી લાંબુ થવું પડે છે, દીવસ બગડે છે ને માથેથી ત્રણસો રુપીયાનો ખર્ચો ! એવું જ દાહોદ, ડાંગ, ધરમપુર વગેરે આદીવાસી વીસ્તારમાં જોવા મળે છે. સાબરકાંઠાના એક વીસ્તારમાંથી ગ્રામજન પાંચસોની નોટ બદલવા ગયો, બેંકમાં કેશ નહોતી; એક દલાલે રૂ. 400 આપ્યા. આવવા-જવાનો અને જમવાનો ખર્ચ અલગ ! 'અનસુયા'માં રામીબેન પુછે છે : 'અમારી મહેનતની કમાણી છે તે રાતોરાત કાળી કેમની થઈ ગઈ ?!' [નવેમ્બર-22, 2016] ઉંઘ હરામ થઈ જાય એવા કીસ્સાઓ અમદાવાદ ઉપરાંત ગામેગામનાં છે... બીજી બાજુ આરબીઆઈના પૈસા જાય છે ક્યાં એ પ્રશ્ન સાથે સમાચાર છે : આરબીઆઈનાં સુત્રો કહે છે, સાંજ પડે બેન્કોમાં 'વહીવટ' શરુ થાય છે. સીસીટીવી બંધ કરી મળતીયાઓની જુની નોટો વટાવી દેવાય છે. [દીવ્ય ભાસ્કર : 2-12-2016] વળી, કેશલેસ એક તુત બની રહેશે : હેકર્સ માત્ર છ સેકન્ડમાં તમને 'કેશલેસ' કરી શકે છે. [નવગુજરાત સમય : 3-12-2016] દેશમાં ગત વર્ષે આશરે 72 ટકા કંપનીઓ પર સાઈબર હુમલા 3 વર્ષમાં 96 હજારથી વધુ વેબસાઈટ હેક ! ... આ જોખમ ઓછું છે ? ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય સુધીર ગાડગીલની બોલેરો કારમાંથી રૂ. 20,000 કરોડની નવી નોટોના બંડલ મળી આવ્યાના સમાચાર સોશ્યલ મીડીયામાં સતસવીર વાયરલ થયા છે... નકલી નોટોનો કારોબાર બેરોકટોક ચાલુ છે. હાઈટેક ભાઈ-બહેને રૂ. 3.75 કરોડની 2000ની નકલી નોટો છાપી, 2 કરોડ વટાવ્યા, 62 લાખ પકડાયા, કાળું નાણું ધોળું કરવા માટે 30 ટકા કમીશન પર 500/1000ની નોટો બદલી. [સતસવીર રીપોર્ટ દીવ્ય ભાસ્કર, 2-12-2016] કર્ણાટકમાં કરોડો રુપીયા સાથે બે ઈજનેરોની ધરપકડ થઈ છે. વળી, બેંગલુરુમાં રૂ. 6 કરોડની નવી નોટ જપ્ત થઈ છે. લોકો 500 અને 2000ની નોટો માટે વલખાં મારે છે ત્યારે વડગામ (જી. બનાસકાંઠા)ના મોકેશ્વર ગામે યોજાયેલા લોકડાયરામાં રૂ. 500-2000ની નવી નોટોનો વરસાદ વરસ્યો !

કાળું નાણું ધરાવનારને દેશદ્રોહી ગણીને તેમને જેલભેગાં કરવા જોઈએ. તેને સ્થાને મોદીસરકાર એક પછી એક યોજનાઓ જાહેર કરે છે ! ઈન્કમ ડીસ્ક્લોઝર સ્કીમ પછી કેન્દ્રે કાળાં નાણાંને ધોળાં કરવા સારુ વધુ એક તક આપી છે. નાણાં મંત્રીએ 28મી નવેમ્બરે લોકસભામાં આવકવેરા સુધારા બીલ રજુ કર્યું. તેમાં 50 ટકા ટેક્સ ભરીને કાળુંનાણું વધુ એક વાર ધોળું કરવાની તક અપાઈ છે. વળી, આટઆટલું કરવા છતાંય વ્યક્તી જાતે કબુલે નહીં તો સરકારના દરોડા દ્વારા જે નાણાં પકડાશે તેના પર 85 ટકા ટેક્સ લેવાશે...



[સૌજન્ય : નવગુજરાત સમય, તા. 10-12-2016]

આમ કરચોરીના કાળાંનાણાંમાંથી 15 ટકા તો તેનો માલીક રાખી શકશે !

**દેશનું અર્થતંત્ર બદથી બદતર થતું જાય છે...**

નોટબંધીને કારણે પીએમઆઈ (પર્ચેઝીંગ મેનેજર્સ ઈન્ડેક્સ) નવેમ્બરમાં ઘટીને 52.3ની નીચી સપાટીએ આવી ગયો છે. નોટો પરના પ્રતીબંધને પગલે ખરીદી કામકાજ અને ઉત્પાદન પ્રવૃત્તી મોટાભાગે ઠપ થઈ જવા પામી છે. બીજી બાજુ સરકારી બેન્કોની ડુબેલી લોન્સ (એનપીએ) સતત વધતી જાય છે. જુનના અંતે તે રૂ. 5.50 લાખ કરોડની હતી તેમાં ત્રણ માસમાં 14.5 ટકાનો વધારો થવાથી તે રૂ. 6.30 લાખ કરોડ થવા પામી છે ! છેલ્લા અંકમાં જુદા જુદા અભીપ્રાયોને વાચા આપી હતી, તેમાં રીઝર્વ બેંકના પુર્વ ગવર્નર ડી. સુબ્બારાવે આશંકા વ્યક્ત કરી હતી કે નોટબંધીને લીધે જે નાણાં એકઠા થશે તેનો ઉપયોગ બેંકોની એનપીએ ઘટાડવા માટે થશે તો લોકોનો વીશ્વાસ સરકારમાંથી ઉઠી જશે, લોકો સમજી જશે કે સરકારનો ઈરાદો જ ગલત છે ! સોશ્યલ મીડીયામાં ચીંતાજનક સમાચાર છે : વીશ્વ બેંકે ભારત વીકાસશીલ દેશ હોવાનો દાવો હટાવી દીધો છે ! હવે આપણે પાકીસ્તાન, ઝામ્બીયા અને ઘાના જેવા દેશોની હરોળ આવી ગયા છીએ... [www.jansatta.com / business/...tag/102691] વધુ દુઃખદ વાત એ છે કે 'બ્રીક્સ' દેશોમાં ભારતને બાદ કરતાં ચીન, રશીયા, દક્ષીણ આફ્રીકા અને બ્રાઝીલ અપર મીડલ ઈન્કમ શ્રેણીમાં આવી ગયા છે. વળી, ઈન્ડીયા રેટીંગ્સના મત મુજબ 2016-17 માટે જીડીપીનો સંભવીત આંક હવે 6.8 ટકા આંકવામાં આવ્યો છે, જે અગાઉ 7.8 ટકા હતો. ખુદ રીઝર્વ બેંકે આર્થીક વૃદ્ધી દર 7.1 ટકાનો અંદાજ્યો છે. ઉપરાંત આગામી વર્ષે 4,00,000 નોકરીઓ ઓછી થશે.

**હવે જોઈએ કેટલીક ઘટનાઓ વીશે ફટાફટ !**

• 'સ્વચ્છ ભારત'નો નારો વડાપ્રધાનને અતી પ્રીય છે. જુદા જુદા નેતાઓથી લઈને ખુદ અમીતાભ બચ્ચન કચરો વાળતા

હોય એવી વીડીયો જોવા મળે છે. ગાંધીજયંતીએ મુખ્યમંત્રીએ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનને 'હવે જાહેર શૌચક્રીયા મુક્ત' હોવાનું પ્રમાણપત્ર આપ્યું. પરંતુ ઓઢવ, વાસણા, સાબરમતી અને નદીવીસ્તારમાં લોકો જાહેરમાં શૌચક્રીયા કરતા હોવાની તસવીર પ્રગટ થઈ. [દીવ્ય ભાસ્કર : 6-11-2016] બીજી બાજુ ગુજરાત સરકારે 4800 ગામડાંઓ ખુલ્લામાં શૌચક્રીયામુક્ત હોવાનો રીપોર્ટ તત્કાલીન ચીફ સેક્રેટરીએ રીટાયર્ડ થયા અગાઉ મોકલેલો, સંબંધીત વીભાગના અગ્રસચીવે શ્રેષ્ઠ કામગીરીના અભીનંદન મેળવ્યા પણ પછીથી 100 ટકા શૌચાલયયુક્ત હોવાની વાત કાગળ પર હોવાનું જોવા મળ્યું. [સંદેશ : 25-11-2016] દરમ્યાન, અત્યંત દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે. [સંદેશ 5-12-2016] ધાનેરા તાલુકાના ફતેપુરા ગામે એક મહીલા સવારે 7 વાગ્યાના અરસામાં ખુલ્લામાં શૌચક્રીયા કરતા હતા ત્યારે ભુંડે એમને ફાડી ખાધાં.

• નર્મદા કેનાલની ડીસ્ટ્રીબ્યુટરીમાં અવારનવાર ગાબડાં પડે છે. છેલ્લાં ચાર સમાચાર : (1) નર્મદા કેનાલની જોડીયા ડીસ્ટ્રીબ્યુટરી કેનાલમાંથી નીકળતી ગોલગામ માઈનોર-3માં બુકાણા ગામની સીમમાં 15 ફુટનું ગાબડું પડ્યું. 30 એકરમાં પાણી ફરી વળતાં ખેતરો જળબંબાકાર બની ગયા. ઉભો પાક નાશ પામ્યો, પશુઓને નાખવાનો ઘાસચારો પણ ખરાબ થઈ ગયો છે. (2) વાવ-થરાદ પંથકમાં જાનાવાડા પાસે નર્મદાની પેટા કેનાલમાં ગાબડું પડ્યું. આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યા. રાયડા સહીતનો પાક ફેઈલ ગયો. (3) વાગરાના રહાડા ગામેથી પસાર થતી નાની કેનાલમાં ભંગાણ સર્જાતાં મગ, તુવેર વગેરે પાકો નાશ પામ્યાં. (4) ખેડાના બાજકપુરા ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગાબડું પડતા ખેડુતોને નુકસાની ભોગવવાનો વારો આવ્યો... નર્મદા યોજનાને ખેડુતોની જીવાદોરી ગણાવવામાં આવેલી. પરંતુ કેનાલ બાંધકામમાં ભ્રષ્ટાચાર થવાથી તે ખેડુતો માટે ગળાફાંસો બની ગયેલ છે ! ટીચકપુરા (વ્યારા)માં છાત્રાલયનું મકાન પડી ગયું, છાત્રાઓના મૃત્યુ થયાં; વડોદરામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના ફ્લેટ, જે 2001માં બંધાયેલા તે પડી જવાથી જાનમાલને નુકસાન થયું... શું કેનાલ હોય કે મકાનો - નબળાં બાંધકામો માટે ક્યારેય ઈજનેરો કે કોન્ટ્રાક્ટરોને સજા થાય છે ? શા માટે ભીનું સંકેલવામાં આવે છે ?

• **શું વીકાસ થશે કે વીનાશ ?** જાન્યુઆરી 2010માં અમુક વીસ્તારોમાં પ્રદુષણની માત્રા ભયંકર રીતે ઉંચી હોવાથી વટવા, નારોલ, પાનોલી, અંકલેશ્વર, વાપીને 'ક્રીટીકલ ઝોન' જાહેર કરવામાં આવેલા. જેને હટાવીને નવા ઉદ્યોગો સ્થાપવા માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે. એવું કહેવાય છે કે આને કારણે રોજગારીની 30 હજાર નવી તકો સર્જાશે પરંતુ આધુનીક યંત્રોથી અનસ્કીલ્ડ લેબર (જેની સંખ્યા ખુબ જ છે) ને નોકરી મળવાની નથી. વળી, 85 ટકા સ્થાનીકોને રોજી આપવાનો નીયમ પણ પળાતો નથી. આમ રોજગારી વધવાનો મુદ્દો શંકાસ્પદ છે પરંતુ કેમીકલ, ડાઈઝ, પ્રોસેસ હાઉસ જેવા ઉદ્યોગો આવશે; એમાં મોટાભાગે એવાં પણ હશે કે જેનાં ઉત્પાદન પર વીદેશમાં પ્રતીબંધો લદાયા છે. આપણા જમીન, પાણી, હવાને પ્રદુષીત કરશે તે ચોક્કસ. એટલે સરવાળે વીકાસ થશે કે વીનાશ ?

• નોટબંધી પછી જનધન ખાતાઓમાં ફટાફટ રકમો જમા થવા લાગી, તેમાં ભારે ઉછાળો આવ્યો. આ ખાતાધારકો આર્થીક ગરીબો છે તે જાણીતી હકીકત છે. હવે સમાચારો જણાવે છે કે રુરલ બૅંકોમાં બૅંક ઑફ મૈસુરના જનધન ખાતાના ભંડોળમાં 1200 ટકાનો વધારો થયો છે. 9મી નવેમ્બરે ગુજરાતની વીવીધ બૅંકોમાં રૂ. 1,873.12 કરોડ જમા હતા, તે 23મી નવેમ્બરે વધીને રૂ. 3,964.63 કરોડ થયા - 111 ટકાનો વધારો ! જાહેર ક્ષેત્રની ટોપ ટેન બૅંકોમાં આ સમયગાળામાં રૂ. 20,264.21 કરોડ (56 ટકા)નો અને ખાનગી ક્ષેત્રની ટોપ ટેન બૅંકોમાં રૂ. 1,057.56 કરોડ (66 ટકા)નો જબરદસ્ત વધારો થવા પામ્યો. શું જનધન ખાતાઓ ખોલાવવાનો નીર્ણય 'કાળું ધન' ધોળું કરવાનું ભાજપનું આગોતરું આયોજન હતું ? વળી, આ જનધન ખાતામાં એકાએક ઠલવાયેલું કરોડો રુપીયાનું નાણું રાજકીય હસ્તીઓનું હશે, સટ્ટાખોરો - કાળાબજારીઓનું હશે કે ખરેખર ગરીબોનું ? આ સંશોધન કરવાનો વીષય છે. વડાપ્રધાને જાહેરાત કરી છે કે, આ નાણાંની માલીકી ગરીબોની જ ગણાશે પરંતુ ગરીબોને જે-તે ગામમાં જ રહેવાનું હેય છે; પાણીમાં રહેવું અને મગરમચ્છ સાથે વેર બાંધવાની હીંમત ગરીબો કરી શકશે ખરાં ? જેનાં નાણાં હશે તેમણે આગોતરી સહીઓ નહીં કરાવી રાખી હોય ?

• સોશ્યલ મીડીયા સહીત જીએસટીવી જેવી ચેનલમાં એક વીડીઓ વાયરલ થયો છે; તેમાં જેમણે ઈન્ટરવ્યુ આપ્યો છે તેમણે વડાપ્રધાનને ખુલ્લો પત્ર પણ લખ્યો છે ! વડાપ્રધાનના એ સમયના વીશ્વાસુ, વરીષ્ઠ ધારાશાસ્ત્રી અને હાલ 'આપ'ના અગ્રણી યતીન ઓઝાએ લખેલો આ પત્ર ગંભીર છે અને પત્ર તથા ટીવી મુલાકાતમાં કરેલાં આક્ષેપો અતી ગંભીર છે ! 8મી નવેમ્બરે નોટબંધી જાહેર થયા બાદ લાખો રુપીયાનું સોનું ખરીદાયું હોવાના અને એક કરોડ રુપીયા આપવાથી 63 લાખ રુપીયાની બેગ અપાતી હોવાના આક્ષેપો તેઓએ કર્યા છે ! આની સત્વરે તપાસ થવી જોઈએ.

## અખબારી આયનામાં ગુજરાતની ભાજપ સરકાર

• ગત ગુણોત્સવ દરમીયાન સરકારની જાહેરાત છતાં એ-પ્લસ ગ્રેડવાળી શાળાઓને રૂ. દસ હજારનું ઈનામ મળ્યું

નથી. પ્રાથમીક શાળાઓમાં શીક્ષણનું સ્તર સુધારવા સહીતની આઈએએસ/મંત્રીઓની ભલામણોનું શું થયું - કોઈને ખબર નથી. 2500થી વધુ શાળાઓએ એ-પ્લસ ગ્રેડ મેળવેલો. (ગુજરાત સમાચાર : 4-11-2016).

• **મગફળીના ભાવ : ખેડુતોને અન્યાય** - ભાજપના રાજમાં ખેડુતો લુંટાયા, તેલમાફીયા કમાયા/મગફળીનો ઉત્પાદન ખર્ચ મણદીઠ રુ. 1100 - સરકાર રુ. 844માં ખરીદશે (4/11 - ગુ.સ.)/ટેકાના ભાવ 844 જાહેર કર્યા છતાં રુ. 715નો ભાવ બોલાયો - ભાવ મેળવવા માટે અનેક દાખલાઓની જરુર - જુનાગઢ માર્કેટ યાર્ડમાં ખેડુતોએ મગફળીની હરાજી અટકાવી - રાજકોટ યાર્ડમાં વેચાઈ જ નહીં (6/11 - ગુ.સ.) પાંથાવાડા (પાલનપુર)માં ખેડુતોએ ચક્કાજામ કર્યો - જુનાગઢમાં ફરી 700ના ભાવે મગફળી વેચાઈ, હરાજી અટકાવાઈ (સંદેશ) રાજકોટમાં નાફેડના અધીકારીઓ માત્ર એક જ સોદો કરી રવાના થઈ ગયા - ખેડુતોને ઉલ્લુ બનાવતી સરકાર (ગુ.સ.) 58 કેન્દ્ર પરથી મગફળી ખરીદવાના દાવા સામે સરકારે માત્ર 17 કેન્દ્ર પરથી જ ખરીદી કરી; ખેડુતોએ ગુંદરી - ડીસા સ્ટેટ હાઈવે જામ કરી દીધો. (દીવ્ય ભાસ્કર : 8-11-2016)

• દીવાળીના દીવસોમાં ફટાકડા ફોડવાના મામલે ઝઘડો થતાં પટેલો અને દલીતો બાખડ્યાં - દલીતો ખેતમજુરોનો ચોઈલા (જી. અરવલ્લી) ખાતે બહીષ્કાર. (ટાઈમ્સ ઑફ ઈન્ડીયા : 6- 11-2016)

• કેરોસીનમાં જંગી કાપ બાદ મોંઘવારીમાં વધુ એક ફટકો. ગુજરાતના રેશનીંગ કાર્ડધારકો સસ્તી તુવેરદાળ - તેલથી વંચીત. (સંદેશ : 8-11-2016)

• રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એક્ટ (રેરા)ના નીયમો ઘડવામાં 'ગતીશીલ ગુજરાત' યુપી, મહારાષ્ટ્ર કરતાં પાછળ. 30/10ની અંતીમ તારીખ પછી સરકારે કેન્દ્રને નીયમો મોકલ્યા. (દીવ્ય ભાસ્કર : 8-11-2016)

• મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના કેન્સર, હૃદય અને મગજને લગતી ગંભીર બીમારીઓમાં ગરીબોને મફત સારવાર મળે તે માટેની છે, વાર્ષીક રુ. 1.20 લાખ કરતાં ઓછી આવકવાળા માટેની છે. આવું પ્રમાણપત્ર રુ. 1200-1400ના ખર્ચે મળી જાય છે. તેથી ઓડી- મર્સીડીઝમાં આવનાર 'મા' કાર્ડથી મફત ઈલાજ કરાવે છે ! (દીવ્ય ભાસ્કર : 8-11-2016)

• અહો વૈચીત્ર્યમ્ - ઉત્રાણ ગેસ પ્લાન્ટની એક યુનીટ વીજળી રુ. 1406માં પડે છે ! ઓછું વીજ ઉત્પાદન કરતાં પ્લાન્ટની ફીક્સ્ડ રકમ ચુકવી ઝીંકાતો ફ્યુઅલ ચાર્જ ! (નવ ગુજરાત સમય અને ગજરાત સમાચાર : 8-11-2016)

• ગુજરાતમાં સ્વચ્છ ભારત મીશન અંતર્ગત લાભાર્થીઓ શૌચાલયની રુ. 12500ની સહાય માટે 1 હજારની લાંચ આપવા મજબુર. જેના ઘરે શૌચાલય હોય તેવા ઓળખીતાઓને રકમ ફાળવીને પણ કટકી કરવામાં આવે છે. (ગુજરાત સમાચાર : 8-11-2016)

• ગુજરાતમાં બેરોજગારીનું બીહામણું ચીત્ર : એસટીમાં 611 જગ્યાઓ માટે 12 લાખ ફોર્મ ભરાયાં અને 7,967ને જ કોલલેટર મોકલાયા. (ગુજરાત સમાચાર : 8-11-2016)

• ભુતીયા એમ્બ્યુલન્સ 2.10 લાખ લીટર ડીઝલ પી ગઈ ! એમ્બ્યુલન્સની ટાંકી કરતાં પણ વધુ ડીઝલ ભરાયું - બીલો પાસ થઈ ગયા - બંધ કંડમ ગાડીઓ કેવી રીતે દોડી ? આરટીઆઈમાં દસ વર્ષની માહીતી મંગાઈ હતી : સીવીલ હૉસ્પીટલે ફક્ત 27 મહીનાની માહીતી આપી. ભાવ વધે ત્યારે જ લોગબુક ભરાય ! (નવગુજરાત સમય : 8-11-2016)

• વાઈબ્રન્ટ શીક્ષણ : રાજ્યની 125 કોલેજોમાં કાયમી પ્રીન્સીપાલ જ નથી ! શહેરની 35 કૉલેજો કાયમી પ્રીન્સીપાલથી વંચીત ! (નવગુજરાત સમય : 9-11-2016)

• ગતીશીલ ગુજરાતના કૃષીવીકાસના બણગાંનો ફુગ્ગો ફુટ્યો : ગુજરાતનું કૃષી ઉત્પાદન ઘટ્યું - વાવેતર હેઠળનો વીસ્તાર પણ ઘટ્યો ! (ગુજરાત સમાચાર : 10-11-2016)

• નીચલી કેડરના અધીકારીઓ સામે ભ્રષ્ટાચારના કેસો કરાય છે ત્યારે આઈએએસ - આઈપીએસ સામે લાંચના કેસો અંગે સરકારની ઉદાસીનતા. રાજ્યના વીજીલન્સ કમીશનરે સરકારી પગલાં અંગે ચીંતા વ્યક્ત કરી (ગુજરાત ટુડે : 12-11-2016)

• અમદાવાદમાં 49 ટકા બાળકો ડાયાબીટીસના શીકાર હોવાનું તારણ : દેશમાં ત્રીજા સ્થાને. એસોચેમનો રીપોર્ટ : 72 ટકા બાળકો નીયમીત કસરત કરતા નથી, 65 ટકા બાળકો મેદસ્વી છે. (ગુજરાત સમાચાર : 13-11-2016)

**અને છેલ્લે :**

**તમીળનાડુના મુખ્યમંત્રી જે. જયલલીતાનું દુઃખદ અવસાન થયું. તેઓને ભ્રષ્ટાચારના મામલે કારાવાસની સજા થયેલી. કુલ ચાર વખત મુખ્યમંત્રી પદે તેઓની વરણી થઈ ! પોતાના વ્યક્તીત્વના પ્રભાવ હેઠળ તેઓ ચુંટણીઓ જીતી શકતાં. આમેય વ્યક્તીપુજા ભારતીયોનાં લોહીમાં છે. એમજીઆર, એનટીઆર, જયલલીતા, ગોવીંદા, ધર્મેન્દ્ર, હેમા માલીની જેવાં ફીલ્મી નટ-નટીઓ આસાનીથી ચુંટાઈ આવી શકે છે... જોકે જયલલીતાનું નોંધપાત્ર પાસું એ હતું કે અમ્મા કેન્ટીન દ્વારા દરેક નાગરીકને રાહતદરે ભોજન મળી શકે એવું કાર્ય તેઓએ કરી બતાવ્યું ! પછી 'અમ્મા' નામ સાથે સંકળાયેલી જીવનજરુરી ચીજો પણ તમીળનાડુમાં મળતી થઈ ગઈ છે... જયલલીતાને સ્મરણાંજલી !**

❑

# નોટબંધી : બેમીસાલ આપત્તી

**રોહીત શુક્લ**

સરકારે નોટબંધી જાહેર કરી અને ભારતીય જનજીવનમાં એક ઉલ્કાપાત થયો. આ ઘટનાને અનેક નીષ્ણાતો, મીડીયાકર્મીઓ, જાહેરજીવનના અગ્રણીઓ તેમ જ સામાન્ય જનસમુદાયે ભીન્ન ભીન્ન રીતે જોઈ તપાસી છે. 70 ઉપરાંત વ્યક્તીઓએ આત્મહત્યા કરી. નાના ધંધા રોજગાર લગભગ પડી ભાંગ્યા, ખેતી અને ખેડુતોની હાલાકી વધી ગઈ, વીદ્યાર્થીઓની ફી ભરવાથી માંડીને દવાખાનાનાં બીલ ચુકવવા સુધીની અને લગ્નથી માંડીને મરણની ક્રીયા સુધીની રોકડ રકમ માટે લોકો ટળવળતા રહ્યા. ખાતાઓમાં પૈસા હોવા છતાં તે ઘણાને કામ ન આપ્યા.

બીજી તરફ 'કાળું' નાણું ધરાવનારાઓ પૈકી કોઈ કોઈએ તે નદીનાળામાં વહાવ્યાં કે બાળી મુક્યાના હેવાલો પણ આવ્યા. કાશ્મીરમાં ચાલતો તણાવ આ નોટો બંધ થવાની સાથે જ ઘટી ગયો - સરકારના અન્ય પગલાં કે 150 દીવસના કરફ્યુને લીધે નહીં - એવું પણ કહેવાયું.

વીશ્લેષકોએ અભ્યાસપુર્ણ રજુઆત કરીને જણાવ્યું કે ભારતીય ચલણમાં રુ. 500 અને રુ. 1000ની નોટોનું ચલણ લગભગ રુ. સત્તર લાખ કરોડનું છે, જે પૈકી મોટી નોટોનું પ્રમાણ 86 ટકાથી પણ વધુ છે. વળી, દેશમાં નેવું ટકા સોદાઓ રોકડ રકમ દ્વારા થાય છે. આથી 10મી નવેમ્બરથી જ બેંકો તથા એટીએમમાં મોટી કતારો જામી પડી. કદાચ જગતના ઈતીહાસમાં ભારત એકમાત્ર દેશ બન્યો કે જ્યાં વગર વેતને સૌને સો ટકા કામ મળ્યું -લાઈનોમાં ઉભા રહેવાનું ! આ પગલાંના પુરસ્કર્તા કેટલાક વીધાનો કરે જાય છે. એક મહાન નેતાનો આ એક હીંમતભર્યો (બહાદુરીભર્યો ?) નીર્ણય છે, દેશમાંથી કાળું ધન અને કદાચ ભ્રષ્ટાચાર પણ નાબુદ થઈ જશે, આતંકવાદીઓના હાથમાં આવતા નાણાં બંધ થઈ જશે, બનાવટી નોટોનો વ્યવહાર થંભી જશે અને આ 'પચાસ દીવસ' વેઠી લીધા પછી સૌ સારાં વાનાં થઈ જશે.

9મી નવેમ્બરથી આજ સુધી આવી અનેક વાતો ચર્ચાઈ ગઈ છે અને કદાચ હજુ લાંબા સમય સુધી ચર્ચાતી રહેશે. આ લેખનો ઈરાદો આ ચર્ચાઓની પુનરુક્તી કરવાનો નથી. આ પગલાને એક લાંબી શ્રૃંખલાની કડીના રુપે જોવું ઠીક રહેશે.

આ શ્રૃંખલાનું પ્રારંભબીંદુ કદાચ 2010માં છે. 2004માં ભાજપના નેતૃત્વવાળું ગઠબંધન હાર્યું, મનમોહન સીંહના નેતૃત્વવાળી સરકાર રચાઈ, જે 2009માં પણ વીજેતા નીવડી. આ સમયથી જ ભાજપ અને સમાન 'ધર્મી' પક્ષોએ કોંગ્રેસના નેતાઓના ચરીત્રહનન સહીતના પ્રયાસો હાથ ધર્યા હતા. હજુ ગુજરાતમાં 'વીકાસ'ના મ્હોરા હેઠળ મતો તો એકઠા કરાતા હતા. ત્યારે - રાજકારણના અઠંગ ખેલાડી અડવાણીને સત્તાપ્રાપ્તીની, નવી નીસરણી ઘડવાનું સુત્ર હાથ લાગી ગયું હતું. તેમને સમજાઈ ચુક્યું હતું કે 'વીકાસ' જે થયો જ નથી; અથવા થઈ શકે તેમ નથી તેના આધારે લાંબું તરાશે નહીં. રામજન્મભુમીના મુદ્દાને પણ બેમર્યાદ ઉછાળી શકાય તેમ ન હતો. વડાપ્રધાન બનવાની અદમ્ય લાલસા અને કુશાગ્ર કાવતરાંબાજીમાંથી તેમને સાંપડેલો મુદ્દો હતો ભ્રષ્ટાચારનો. વીદેશોમાં મબલખ કાળું ધન સંતાયેલું છે એનો તેમણે પોકાર કર્યો અને બાબા રામદેવે તેને તરત ઝીલ્યો. 2010માં બાબા રામદેવે દ્વારકાથી 'ભારત સ્વાભીમાન યાત્રા'નો પ્રારંભ કર્યો. અલબત્ત, શરુના તબક્કામાં તેમાં રોગમુક્ત ભારત ઉપર ભાર હતો. 'પતંજલી'ની પેદાશો વેચવાનો પણ તેમાં અભીગમ હતો. આ પ્રથમ યાત્રાનો અંત ઉજ્જેનમાં મહાકાળેશ્વરના મંદીરના દર્શનથી આવ્યો.

રામદેવની બીજી યાત્રાનો પ્રારંભ ઝાંસીથી થયો. દીલ્હીના રામલીલા મેદાનમાં આ વીશાળ જનમેદની અચાનક કેવી રીતે આવી હશે ? મેદની એકઠી કરવામાં વીશેષ ફાવટ ધરાવનારા ભાજપ - આરએસએસ વગેરેની ભુમીકા ક્યારેક સ્પષ્ટ થશે ત્યારે જણાશે કે આ બધું અચાનક, સ્વયંભુ કે અનાયોજીત ન હતું.

તે સમયની મનમોહનસીંહની સરકાર એક 'સીટીંગ ડક'થી વીશેષ ન હતી. તે સમયના સરસેનાપતી અને ગૃહ સચીવ, બંને આજની ભાજપપ્રેરીત નવી સરકારમાં મંત્રી સ્થાન શોભાવે છે તે યાદ રાખીએ. ગુજરાતમાં જે 'કેગ'ના અહેવાલોની ઉપેક્ષા કરાય છે તે જ 'કેગ'ના ભારત

> ***તે સમયના સરસેનાપતી અને ગૃહ સચીવ, બંને આજની ભાજપપ્રેરીત નવી સરકારમાં મંત્રી સ્થાન શોભાવે છે તે યાદ રાખીએ.***

*આમ રામજન્મભુમી અને વીકાસના મુદ્દા બીનઉપજાઉ બની જતા, ઈરાદાપુર્વક કોંગ્રેસને ભ્રષ્ટાચારી ગણાવી દઈને ચુંટણીઓ જીતવાનો વ્યુહ રચાયો છે.*

સરકાર સામેના અહેવાલમાં ટુજી જેવા 'ગોટાળા'ની વાત ચગાવવામાં આવી. કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર એટલે ગરીબોને લુંટનારા અને અમે શુદ્ધ જેવી વાતોને ભ્રષ્ટ નાણાં વડે ખરીદાઈ ગયેલા માધ્યમો દ્વારા વારંવાર અને ભારપુર્વક કહેવાઈ. આ વાતોમાં ક્યાં તો અતીશયોક્તી હતી અથવા તે સાવ નીરાધાર પણ હતી. દા.ત. એમ કહેવાયું કે સ્વીસ બેંકોમાં ભારતના 1.6 ટ્રીલીયન ડોલર્સ પડ્યા છે; પણ ત્યાંની સરકાર કહે છે, 'આ રકમ માત્ર બે બીલીયન ડોલર્સ' જ છે. એક એવી પણ વાત ચલાવાઈ કે હસન અલીખાન નામના માણસ પાસે 60 બીલીયન રુપીયા હતા જે ખારગોસીના શસ્ત્ર સોદાકાંડમાં વપરાતા હતા. આ નાણાં યુબીએસ નામની બેંકમાં હતા એમ પણ કહેવાયું. બેંકે પોતે આ સમગ્ર વાતને પાયાવીહોણી ગણાવી છે. 2007થી પ્રારંભાયેલો આ કેસ હજુ 'જૈસે થે' છે.

આમ રામજન્મભુમી અને વીકાસના મુદ્દા બીનઉપજાઉ બની જતા, ઈરાદાપુર્વક કોંગ્રેસને ભ્રષ્ટાચારી ગણાવી દઈને ચુંટણીઓ જીતવાનો વ્યુહ રચાયો છે. આ કહેવાનો મતલબ એ નથી જ કે કોંગ્રેસ શુદ્ધ છે, ખરેખર તો રાજકારણમાં જનારા કોઈ 'સાધુ-સંત' પણ હીરણ્યમય પાત્ર વડે ઢંકાયા વગર રહેતા નથી.

નોટબંધીનું પગલું ભ્રષ્ટાચારના મુદ્દાનો રાજકીય લાભ ઉઠાવવા વાસ્તે હતું તે સમજવામાં ઉપયોગી થઈ પડે તેવા અન્ય પણ કેટલાક મુદ્દા તપાસીએ.

મનમોહન સીંહની સરકાર બહુ ભ્રષ્ટ હતી એમ કહેવાય છે ! પણ વાસ્તવ શું છે ? ભારતની જીડીપીના 23થી 26 ટકા આવી બ્લેક, શેડો કે પેરેલલ ઈકોનોમીના છે. સમગ્ર એશીયાની સરાસરી 28થી 30 ટકાની છે. આફ્રીકા અને દ. અમેરીકામાં આ પ્રમાણ 41થી 44 ટકા છે. દુનીયાના વીકાસશીલ એવા 96 દેશોની શેડો ઈકોનોમીની સરાસરી 38.7 ટકા છે; ભારત આ સરાસરીથી ઘણું નીચું છે. સરકારે અચાનક જ 22 બીલીયન નોટોના કાગળીયાં કરી નાંખવાની જરુરત જ નહોતી. વળી કુલ 18 લાખ કરોડ રુપીયાની ચલણી નોટોને અચાનક ચલણમાંથી હડસેલી મુકવાથી ભારે મોટા પ્રત્યાઘાત ઉભા થવાના છે.

યુપીએ-2ના કાળમાં ભ્રષ્ટાચાર સામેની બુમરાણ મચાવવામાં આવી; અત્યારે પાર્લામેન્ટ ચાલવા દેવાની અપીલ કરનારી હાલની સરકારના પક્ષોએ તે સમયે આવી કોઈ જરુર જોઈ ન હતી. છતાં સરકારે પ્રત્યક્ષ વેરાના બોર્ડના ચેરમેન એમ. સી. જોશીની અધ્યક્ષતામાં એક સમીતી નીમી. આ સમીતીના કેટલાક તારણો આ પ્રમાણે હતા :

1. ભારતના બે મોટા રાજકીય પક્ષો (કોંગ્રેસ અને ભાજપ) પોતાના પક્ષની આવક અનુક્રમે પાંચ અને બે અબજ રુપીયા દર્શાવે છે. પણ તેમનો ચુંટણી ખર્ચ અનુક્રમે સો અને દોઢસો અબજ, 2014ની ચુંટણીમાં થયો હોવાનો સંભવ છે.

2. આર્થીક બાબતોના ગુનેગારોની સજામાં વધારો કરો. તેમને સખત શ્રમની સજા કરો.

3. સમગ્ર દેશમાં આવા ગુનાઓની કાયદેસરતા તપાસવા વાસ્તે એક અલગ ઓલ ઈન્ડીયા જ્યુડીશીયલ સર્વીસ રચો અને કરવેરા માટેની ટ્રીબ્યુનલો બનાવો.

4. કાળા નાણા માટે એક માફી યોજના લાવો.

વધુ વીગતોમાં ઉતર્યા વગર સ્પષ્ટપણે દેખાતી કેટલીક બાબતો નોંધીએ :

1. તા. 29 નવેમ્બરના એક અહેવાલ મુજબ સરકાર જે કરચોરોને ખરેખર પકડે છે તેની પાસેથી વસુલાત પેટે માંડ છ ટકા રકમ વસુલ કરે છે.

2. દેશના ન્યાયતંત્રની હાલત જ ચીંતાજનક છે. મુખ્ય ન્યાયમુર્તીના કહેવા મુજબ 4500 કોર્ટોમાં ન્યાયાધીશો જ નથી - ત્યાં જ્યુડીશીયલ ટ્રીબ્યુનલની તો વાત જ ક્યાંથી કરાય ? વળી, 30 સપ્ટેમ્બર, 2016ના દીવસે પુરી થયેલી યોજનામાં સરકારને માંડ રુ. 65,250 કરોડ જ મળ્યા છે. તેની સામે સરકારનું લક્ષ્યાંક રુ. બે લાખ કરોડનું હતું - તે યાદ રાખીએ ! આ રકમમાંથી ટેક્સ રુપે રુ. 29,362.5 કરોડ જ મળ્યા છે.

નોટબંધી, કાળુનાણું અને રાજકારણના આ ગહન કાવાદાવામાં એક નાનકડો પણ અગત્યનો ખુણો નોટોની સંખ્યાનો છે. 2014 અને 2016ના બે વર્ષના ટુંકાગાળામાં રુ. 500 અને રુ. 1000ની નોટોની સંખ્યામાં 38 ટકાનો વધારો કરાયો છે.

આ સરકારના શાસનકાળમાં - માત્ર બે જ વર્ષમાં આ નોટોના ફેલાવામાં 38 ટકા જેવો મોટો વધારો કેમ થયો ? સાદું કારણ એ છે કે સરકાર મોંઘવારીની સમસ્યા

હલ કરી શકી નથી. આથી મોટી નોટોની જરુર વધી છે. બેકારી અને ગરીબીનીવારણના મોરચે પણ ખાસ સફળતા સાંપડી નથી. યાદ રાખીએ, સત્તા ઉપર ન હતા ત્યારે આ જ મહાનુભાવોએ મનરેગાનો વીરોધ કર્યો હતો.

આ મુદ્દાને એક અન્ય ખુણેથી પણ તપાસીએ. ભારતની જીડીપી (ચાલુ ભાવે) રુ. 15 ,17,81000 કરોડ છે જે પૈકી લગભગ રુ. 35,00,000 કરોડ (22 ટકા) કાળું અર્થતંત્ર છે. આ અર્થતંત્ર લગભગ રુ. અઢાર લાખ કરોડની નોટો વડે ચાલે છે જે પૈકી લગભગ સાડાત્રણ લાખ કરોડ, નોટોના સ્વરુપે રહેલું કાળું નાણું હોવાનો અંદાજ છે. તા. 28-11-16 સુધીમાં કુલ લગભગ રુ. સાડા આઠ લાખ કરોડ બેંકોમાં જમા થઈ ચુક્યા છે. હવે જોવાનું એ થાય છે કે આ પૈકી કેટલું પાછું આવે છે. અહીં એ પણ યાદ રાખીએ કે આપણા ઘણા એનઆરઆઈ પાસે પણ ભારતીય ચલણ સંઘરાયેલું પડ્યું છે.

વાજબી રીતે પુછાય તેવો સવાલ એ પણ છે કે શું સરકારને કાળું નાણું ક્યાં અને કોની પાસે છે તેની ખબર જ નથી ? સરકારની રાજ ચલાવવાની ક્ષમતા સામે જ આ સવાલ શંકા ઉભી કરે છે. આ પ્રકારની ચલણમાં કે સંપત્તી સ્વરુપની અસ્કામતો વીદેશોમાં, સોનું - ઝવેરાત અને રીઅલ એસ્ટેટમાં, હાથ ઉપરના વીદેશી ચલણમાં અને ચલણના સ્વરુપે હોય છે. ખરેખર તો ચલણના સ્વરુપે ઘણો નાનો હીસ્સો હોય છે.

આ સમગ્ર કવાયત અને દાવપેચ બાબતે, ખાસ કરીને વીરોધ પક્ષો દ્વારા એક ટીકા એ થઈ છે કે સરકારે અત્યંત ગુપ્ત રીતે આ આખી રમતમાંથી પોતાના મળતીયા - સંપીલાને બચાવી લીધા છે. આ અંગે અરવીંદ કેજરીવાલે ભાજપના એક નેતાએ રુ. 2000ની નવી નોટોના બંડલ સાથેના સોશીયલ મીડીયા ઉપર મુકાયેલા ફોટાનો ઉલ્લેખ કર્યો છે. આ ફોટા તા. 8મી નવેમ્બર પહેલાના છે.

આ બાબતે અન્ય બે બાબતોનો પણ ઉલ્લેખ કરવો રહ્યો :

1. નવી સરકાર રચાઈ તે પહેલા ભારતમાંથી એક નાગરીક વીદેશમાં પંચોતેર હજાર ડોલર મોકલી શકતો. સરકાર રચાયાના એક જ મહીનામાં આ રકમ વધારીને સવા લાખ ડોલર કરાઈ અને હવે તે અઢી લાખ ડોલર છે. એક દાખલા રુપે જ લઈએ : અમીતાભ બચ્ચન પોતાના કુટુંબના દરેક સભ્યની આવક ઉપર સચ્ચાઈથી વેરા તો ભરી દે પણ પછી જો તે રકમ દેશમાં જ રાખે તો તેની સંપત્તી વધતી જ જાય અને તેની ઉપર પણ વેરા લાગી શકે. આથી દર વર્ષે અઢી લાખ ડોલરના હીસાબે, પોતાના કુલ પાંચ માણસના મળીને સાડાબાર લાખ ડોલર્સને જો તે પનામા ખાતે મોકલી દે તો ક્યાંય વેરો લાગે નહીં. યાદ કરીએ : દેશની ટોચની ગણાય તેવી 2000 હસ્તીઓના નામ પનામા પેપર્સમાં ખુલ્યા છે.

2. આરએસએસ જેવી સંસ્થાઓના બેંક ખાતા હોવા બાબતે શંકા છે. બીજી તરફ દર વર્ષે દશેરા જેવા દીવસે લાખો સ્વયંસેવકો શાખામાં પૈસા આપે છે. આ પૈસા ક્યાં જતા હશે ? તે કેવી રીતે સચવાતા હશે ? તેનો વહીવટ કેવી રીતે થતો હશે ? પેલી રેમીટન્સની મર્યાદાને પંચોતેર હજાર ડોલરથી વધારીને અઢી લાખ ડોલર કરવાના પગલાને આની સાથે કોઈ સંબંધ હશે ?

જેમની પાસે રોકડ સ્વરુપે કાળુનાણું છે તેમની પાસે તેને સફેદ કરવાના પણ અનેક રસ્તા છે. જે થોડાકની જાણકારી સાંપડે છે તે આ પ્રમાણે છે :

1. ઘણા મંદીરો વીસ ટકા કાપીને કાળાના ધોળા કરી આપે છે.
2. કેટલીક સહકારી બેંકોએ પાછલી તારીખમાં થાપણો કરી આપી છે.
3. ઘણા શુન્ય બેલેન્સ ધરાવતા જનધન ખાતાઓમાં પૈસા જમા કરાયા છે.
4. કેટલાક ગરીબોને તાત્કાલીક ‘ધીરાણ’ આપવા માંડ્યું છે.
5. પેટ્રોલ પંપો ઉપર સો-સોની નોટોથી પેટ્રોલ કે ડીઝલ ભરાવનારાના નાણાં રુ. 500- 1000ની સામે કમીશન લઈને બદલવામાં આવ્યા છે.
6. કેટલાકે સ્ટાફને આગોતરા પગાર ચુકવ્યા છે.
7. રેલ્વે રીઝર્વેશન કરાવી પછી તે કેન્સલ કરીને પણ નાણાં બદલી લેવાયા છે.
8. ક્યાંક - જેમકે કલકત્તામાં ‘જમાખર્ચી’ નામથી કેટલીક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેઢીઓએ કાળાના ધોળા કરી આપ્યા છે.
9. ખેતીની આવક કરપાત્ર ન હોવાથી તેનો પણ ખાસ્સો લાભ લેવાયો છે.

*પેલી રેમીટન્સની મર્યાદાને પંચોતેર હજાર ડોલરથી વધારીને અઢી લાખ ડોલર કરવાના પગલાને આની સાથે કોઈ સંબંધ હશે ?*

તો પછી સવાલ એ ઉઠે છે કે નોટબંધીના આ પગલાંને કારણે દેશમાં ભ્રષ્ટાચાર વધ્યો કે ઘટ્યો ? વળી, સરકાર

ક્યારેય કાળા નાણાં કે ભ્રષ્ટાચાર સંપુર્ણપણે દુર થશે એમ કહેતી નથી, એ તો કહે છે - તેમાં ઘટાડો થશે. સવાલ એ છે કે આ ઘટાડાનું પ્રમાણ કેટલું હશે, એક ટકો, પાંચ ટકા, દસ ટકા ? આ આખા સંદર્ભમાં વીચારવાના બે મુદ્દા તરફ હવે ધ્યાન આપીએ :

*ભ્રષ્ટાચાર નાબુદ કરવા માટે બંધારણીય એવી લોકાયુક્ત - લોકપાલની કે પછી ન્યાયતંત્રમાં પુરતી નીમણુક જેવા માર્ગો પણ તે લેવા માંગતું નથી. આવું કેમ ?*

1. સરકારને કાળા બજારીયા કે ભ્રષ્ટાચારી કોણ છે તેની ખબર જ હોતી નથી ? હમણાં છ મહીના પહેલા જ દેશભરમાં તુવેરની દાળ બસો રુપીયે કીલો સુધી પહોંચી ત્યારે તે કોના કારણે બન્યું તે સરકાર જાણતી નથી ? જાણવું જોઈએ ? બધા જ જાણે છે કે આ બધી રચનામાં સરકાર, તેના રાજકીય પક્ષો, બાબુઓ અને ઉદ્યોગપતીઓની સાંઠગાંઠ હોય છે. બીજી તરફ આ બધાના ભ્રષ્ટ વ્યવહારોને રોકવા માટે તંત્રની પણ વ્યવસ્થા અને ઉપાયો છે જ. તેનો ઉપયોગ કેમ ન કરાયો ?

2. દેશમાં ભ્રષ્ટાચાર નાબુદ કરવાની ચર્ચા વર્ષોથી ચાલે છે. તેના વ્યવસ્થીત ઉપાય તરીકે લોકપાલ અને લોકાયુક્ત તંત્રની હીમાયત થઈ જ છે. કર્ણાટકમાં તો જસ્ટીસ હેગડેએ દાખલો બેસે તેવી કામગીરી કરી બતાવી છે. સામે પક્ષે ભાજપના મધ્ય પ્રદેશમાં 'વ્યાપમ' ગોટાળા બાબતે સરકારની નરી નીષ્ક્રીયતા પ્રવર્તે છે. સંસદમાં પ્રશ્નો પુછવામાં લાંચ લેનારામાં ભાજપના સાંસદો પણ હતા અને ભાજપના એક પુર્વ પ્રમુખ પણ ભ્રષ્ટાચારી હોવા બદલ મુશ્કેલીમાં મુકાયેલા. આ સંજોગોમાં ભાજપ એક પક્ષ તરીકે શુદ્ધ હોવાનો દાવો કરે તો તે ટકી શકે તેમ નથી અને ભ્રષ્ટાચાર નાબુદ કરવા માટે બંધારણીય એવી લોકાયુક્ત - લોકપાલની કે પછી ન્યાયતંત્રમાં પુરતી નીમણુક જેવા માર્ગો પણ તે લેવા માંગતું નથી. આવું કેમ ?

આ તબક્કે આ પગલાની અસરકારકતા વીશે પણ વીચાર કરવો જોઈએ. એક ગણત્રી અનુસાર રુ. 500-1000ની ચલણમાં રહેલી નોટોનું કુલ મુલ્ય રુ. 15.44 લાખ કરોડ છે. રીઝર્વ બેંકનાં આંકડા અનુસાર તા. 28-11-16 સુધીમાં રુ. 8.45 લાખ કરોડ પાછા આવી ગયા છે. આ ઉપરાંત, અન્ય બેંકોના ક્રેડીટ રીઝર્વ રેશીયો (CRR)ના સ્વરુપે, રીઝર્વ બેંક પાસે રુ. 4.06 લાખ કરોડ પડ્યા છે. આ રકમ મુખ્યત્વે રુ. 500-1000ની કીમતની છે. આ ઉપરાંત બેંકો પોતે પણ પોતાના રોજીંદા વ્યવહાર અર્થે હાથ ઉપર રોકડ રાખતી હોય છે. આ પૈકી મોટી નોટોમાં રખાતી નોટોનું મુલ્ય અંદાજે રુ. 50,000 કરોડ હોવાનો અંદાજ છે. આમ, (8.45 + 4.06 + 0.50) તમામ રકમો ગણતા કુલ રુ. 13 લાખ કરોડ થાય છે. અગાઉ નોંધ્યું તેમ રુ. 15.44 લાખ કરોડની આ ચલણી નોટોમાંથી, જેનો હીસાબ મળી ગયો છે તેવી રુ. 13 લાખ કરોડની રકમ બાદ કરતા હવે બજારમાં કુલ રુ. અઢી લાખ કરોડ બાકી રહે છે. આ રકમ પણ ડીસેમ્બરના છુટના મહીના દરમીયાન પાછી ફરે તો ? દેશમાં કાળું નાણું અને તેથી ભ્રષ્ટાચાર છે જ નહીં તેવું સરકાર જાહેર કરશે ? અને પેલા નેવું અપમૃત્યુનું શું ? સરકાર તેમને માટે શું કરશે તે તો સરકારમાં બેઠેલાંની સંવેદનશીલતા ઉપર પણ આધાર રાખે છે. લોકસમુદાયે પણ આ પ્રશ્ન કરવાનો વારો આવશે.

આ સમગ્ર ચર્ચાના હજુ ઘણા મુદ્દા અને પાસાં ચર્ચી શકાય છે પણ સમાપન કરતા પહેલા તેની અર્થતંત્ર તથા વીવીધ વર્ગો ઉપર પડેલી અસરોની ટુંકી ચર્ચા કરીએ :

આ પગલું સમગ્ર અર્થતંત્રને ખોરવી નાંખનારું છે. મુંબઈના ઝવેરી બજારમાં રોજનો વકરો રુ. 125 કરોડ છે. લગ્નસરા હોઈ તેમાં વધારો થવાનો જ હતો; પણ આ 500-1000ની મોંકાણમાં તે ઘટીને દૈનીક માત્ર રુ. 13 કરોડનો થઈ ગયો. પણ ઝવેરીની વાત છોડીએ. સામાન્ય ખેડુત કપાસ-મગફળી, ડાંગર વગેરે લઈને બજારમાં આવવામાં જ હતો; સરખા ભાવ મળે તેની કશ્મકશ ચાલતી હતી; ત્યાં જ આ મરણતોલ અને બેરહમ ફટકો પડ્યો. રવી પાકના ઘઉં જેવા પાકના વાવેતર માટે જરુરી ખાતર, બીયારણ, મજુરી વગેરેની વ્યવસ્થા જ ખોરવાઈ ગઈ. આ વર્ષે ગુજરાતમાં માત્ર 39 ટકા જમીનો ઉપર જ રવીપાકનું વાવેતર શક્ય બન્યું.

ગરીબોની હાલત કંગાલીયત તરફ વળી; ઝારખંડમાં એક માણસ દીવસના માત્ર 35 રુ.માં સાત માણસનું કુટુંબ નીભાવે છે તે સમાચાર સુચવે છે કે તેમને સૌને બીપીએલથી પણ નીચે ધકેલી દેવાયા છે. ઝુંપડપટ્ટીમાં રહીને નાના મોટા કૌશલ્યો વડે ચામડાં, ભરતકામ, સીલાઈ, ફર્નીચર

વગેરે જેવા જાતમહેનતના વ્યવસાયો કરનારાને કાચો માલ મળતો નથી અને તૈયાર માલ વેચાતો નથી. મજુરી ચુકવવાના પણ પૈસા નથી. સ્કીલ ઈન્ડીયાની ગુલબાંગો હાંકનારાઓએ દેશની પ્રવર્તમાન સ્કીલ ઉપર નભનારાંનું પણ નખ્ખોદ કાઢી નાંખ્યું છે. આ તમામની હવે કેસ્કેડીંગ ઈફેક્ટ શરુ થઈ છે. દેશનું અર્થતંત્ર પત્તાનાં મહેલની માફક તુટી રહ્યું છે. 2014ની ચુંટણીઓમાં તાનમાં આવીને લલકારીને બોલ્યા હતા - 'મનમોહન સીંહ ડોક્ટર છે પણ (ડોલરની સામે) રુપીયો મરણપથારીએ પડ્યો છે.' તે સમયે લગભગ રૂ. 60 જો ભાવ હતો, આજે રૂ.70નો ભાવ છે. શું કહીશું ? રુપીયો મરણપથારીએ છે અને ડૉક્ટરની જગ્યાએ ઉંટવૈદું ચાલી રહ્યું છે ?

*ભ્રષ્ટાચાર નાબુદ કરવા માટે બંધારણીય એવી લોકાયુક્ત - લોકપાલની કે પછી ન્યાયતંત્રમાં પુરતી નીમણુક જેવા માર્ગો પણ તે લેવા માંગતું નથી. આવું કેમ ?*

અર્થતંત્રનાં આવા અનેક મુદ્દા છે પણ હવે થોડીક ચર્ચા રાજકીય પરીપ્રેક્ષ્યની પણ કરીએ. પંજાબ, ઉ.પ્ર., ગુજરાત અને ગોવામાં ચુંટણીઓ આવી રહી છે. ભારતની ચુંટણીઓ હવે ઈન્દુચાચાની રીતે - 'નોટ આપો અને વોટ આપો'ની રીતે લડાતી નથી. આથી 'સામેના' પાસે પૈસાનું બળ ન રહે અને પોતે પૈસા વડે મેદાન મારી જાય તેવી ચાલબાજી ચાલે છે. પણ સામેના પણ ગાંજ્યા જાય તેવા હોતા નથી. જે પ્રમાણમાં 500-1000ની નોટો પાછી ફરી છે તે જોતા તેની પ્રતીતી થાય જ છે.

કોણ જાણે કેમ પણ હવે દરેક મુદ્દે રાષ્ટ્રવાદની દુહાઈ દેવાય છે. આથી એમ પણ કહેવાયું કે આતંકવાદીઓ પાસે બનાવટી નોટો છે અને તેનો પણ આ હીંમતભર્યા પગલાં સાથે ખાત્મો થઈ જશે. દેશમાં ફરતું બનાવટી ચલણ કુલ ચલણના માત્ર 0.023 ટકા છે. આ અંગે અગાઉ તપાસ થઈ ત્યારે માલુમ પડ્યું હતું કે તે માત્ર પાકીસ્તાનથી જ નથી પ્રવેશતું, શ્રીલંકા, બાંગ્લાદેશ તથા અન્ય પડોશી દેશો પણ તેના ઉગમસ્થાનો છે. અહીં રાષ્ટ્રવાદ, આતંકવાદ કે કાળા નાણાંના સફાયાના મુદ્દાને સાંકળવાની જોગવાઈ જ થઈ શકે તેમ નથી.

તો પછી આ પગલાં વીશે શું કહેવું ? ચુંટણી અને

## 'ગેરકાયદે અને ગેરબંધારણીય' પગલું...

**નોટબંધીમાં સરકારે એનેસ્થેશીયા આપ્યા વીના ઓપરેશન કર્યું તેથી લોકોનાં મોત થયાં, એ મતલબની વાત વીમુદ્રાકરણના પ્રણેતા હોવાનું કહેવાતા 'અર્થક્રાંતી' વીચારમંચના અનીલ બોકીલે કરી. ડીમોનેટાઈઝેશનને કારણે ભારતના સામાન્ય માણસને અતીશય હાલાકી વેઠવી પડી રહી છે એ બાબતમાં કોઈ શંકા નથી. જોકે જેની શંકા નીષ્ણાતો ચોક્કસ સેવી રહ્યા છે તે મુદ્દા આ નોટબંધીની નીતીના કાનુની, બંધારણલક્ષી અને લોકશાહીને લગતાં પાસાં અંગેના છે. તાજેતરમાં પીપલ્સ યુનીયન ફોર સીવીલ લીબર્ટીઝ અને મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રસીના નેજા હેઠળ નોટબંધી અંગે યોજાયેલી એક જાહેરચર્ચામાં જાણીતા ધારાશાસ્ત્રી ગીરીશ પટેલે નોટબંધીના પગલાંને 'ગેરકાયદે અને ગેરબંધારણીય' ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'બંધારણીય દૃષ્ટીએ વીચારીએ તો આ એક આર્બીટરી એક્શન (આપખુદ પગલું) છે.' તેમણે સમજાવ્યું કે 'આ પગલાનાં પરીણામોનો સરકારે વીચાર કર્યો નથી, એટલે જેને આપણે નોનએપ્લીકેશન ઓફ માઈન્ડ કહીએ છીએ એ જ્યાં જ્યાં બતાવી શકાતું હોય તે પગલું આર્ટીકલ-14નો ભંગ છે.' બીજા પ્રશ્ન તરીકે ગીરીશભાઈ કહે છે, 'આર્ટીકલ 19માં સ્વતંત્રતાની વાત છે. મારા પૈસા હું ઉપાડી ન શકું એ માણસ અને નાગરીક તરીકેની મારી ડીગ્નીટીનો સવાલ છે.' નોટબંધીને કારણે લાઈવલીહુડ (રોજીરોટી)નો જે સવાલ આવીને ઉભો રહ્યો છે તેમાં ગીરીશભાઈ આર્ટીકલ-21નો ભંગ ગણે છે. વધુમાં તે કહે છે : 'આર્ટીકલ 19- જીમાં દરેકને પોતપોતાનો ધંધો કરવાનો અધીકાર છે, એ અધીકાર જાણે લઈ લેવામાં આવ્યો છે. આજે પૈસો નથી માટે ધંધો ન કરી શકે એવું એક દીવસ માટે પણ બને તો તે ગેરકાયદે છે.' કાયદામાં જે પ્રમાણભાનતાનો સીદ્ધાંત (ડૉક્ટ્રાઈન ઓફ પ્રપોર્શનાલીટી) છે તે અહીં ચુકી જવાયો છે એ વીશે ગીરીશભાઈ કહે છે, 'એવું તો ન હોવું જોઈએ કે પચાસ માણસોને દબાવવા માટે તમે એક લાખ માણસોને હેરાન કરો. તમે જે પગલું લો તેમાં પ્રપોર્શન હોવું જોઈએ. તમે કહો છો કે અમે સર્જીકલ સ્ટ્રાઈક કરી, સુપ્રીમ કોર્ટ કહે છે તમે કાર્પેટ બોમ્બીન્ગ કરી રહ્યા છો.'**

**– સંજય શ્રીપાદ ભાવે**

[`**નવગુજરાત સમય**' : તા. 2-12-2016ના લેખનો પ્રારંભ; સાભાર]

❑

સત્તાકારણના મુદ્દાને બાજુએ રાખીએ તો પણ તેની પેશી પોતે જ, લોકશાહીને ચાહનારા સૌ કોઈ માટે આઘાતજનક છે. પુરતી અને સંતોષકારક તથા ખાત્રીપુર્વક ચકાસાયેલી પુર્વતૈયારી વગર સમગ્ર દેશને તળેઉપર કરી દેવાયો. સર્જીકલ-સ્ટ્રાઈકની વાહવાહી ઓછી પડી તે ફાઈનાન્સીયલ સેક્ટરમાં પણ આવું કદમ ભરાયું હોય તેવો - જાણે કે લ્હાવો લેવાનો હોય તેવો ઉત્સાહ શરુ શરુમાં વ્યક્ત થયો.

કમનસીબી એ છે કે લોકોની આવી અભુતપુર્વ બેહાલીના સમયે તેમને સાંત્વના આપવાની પણ સુઝ પડતી નથી. અત્યંત માલદાર, સત્તાવાન અધીકારી અને કેટલાક રાજકીય વજુદ ધરાવનારા સીવાય સૌ કોઈ ત્રસ્ત છે. લગ્ન હોય, મરણ હોય, પ્રસુતી હોય કે માંદગી; વૃદ્ધ હોય, અપંગ હોય કે કોઈ જ અપવાદ સીવાય દેશના નેવું ટકાથી પણ વધુ લોકો દુ:ખી છે.

આમ છતાં આ પગલાંને આવકારવામાં આવ્યું છે. પુરતી માહીતી અને સમજના અભાવે હજુ ઘણા લોકો માને છે કે આના કારણે કાળું નાણું ખતમ થશે કે ભ્રષ્ટાચાર ચાલ્યો જશે. આવું કાંઈ જ થવાનું નથી. ભારતના લોકોની સહનશક્તીને દાદ દઈશું ? અંગ્રેજોની ગુલામીના કારણે જનમાનસમાં એક પ્રકારનો નીસ્પૃહભાવ પ્રવેશી ગયો હશે ?

એક બીજી રીતે જોઈએ. વીવીધ સાંપ્રદાયીક ગુરુઓને પગે પડનારા, લાંબી લાંબી અને કષ્ટદાયક પગપાળા યાત્રાઓ કરનારા, પોતાના જ શરીરને ભારે કષ્ટ દેનારા આ સમાજમાં સ્વપીડન સાહજીક થઈ ચુક્યું છે. જે સમાજને પરપીડનમાં આનંદ મળતો હોય તે સમાજને પરપીડકની પણ જરુર પડતી હોય છે. ક્યારેક સૌએ જોયું હશે : નાનો બાર વર્ષનો સાધુવેશી બાળક 75 વર્ષની વૃદ્ધાને કહે છે : ‘મૈયા આટા દે દે - તેરા કલ્યાણ હોગા’. બાર વર્ષનું બાળક તેનાથી છ ગણી ઉંમર ધરાવતી સ્ત્રીને તુંકારે બોલાવે અને તેમાં કોઈને કશું જ અજુગતું ન લાગે !

આ એક પગલાંને કારણે આર્થીક મોરચે ભારત પાછળ ધકેલાઈ ગયું છે. તાત્કાલીક તો વીદેશી મુડીરોકાણ સંકોચાઈ જશે. મંદી પણ વ્યાપક બનશે અને બેકારી પણ વધશે. સરકારમાં થોડાક વીચક્ષણ સલાહકારો હોત તો આખા દેશે આવી આપત્તી વેઠવી ન પડત !

❑

# ગ્લોબલ વૉર્મીંગની વૉર્નીંગ

**યશવન્ત મહેતા**

કેટલાક સમય અગાઉ અમે ગંગોત્રી વીશે લેખ કર્યો હતો. એમાં જણાવ્યું હતું કે જે હીમનદી (ગ્લેસીયર)માંથી ટપકતાં પાણી ગંગાનદીનું મુળ બને છે, ગંગોત્રી બને છે, તેનું સ્થાન ગત પચાસેક વર્ષોમાં પચાસેક ફુટ દુર જતું રહ્યું છે ! વળી, એની પાછા ખસવાની ગતી સતત વધી રહી છે. આ ગ્લોબલ વૉર્મીંગ યાને વૈશ્વીક ઉષ્માવૃદ્ધીનું પરીણામ છે. અમે તો એટલે સુધી વીધાન કર્યું હતું કે કેટલાક દાયકા પછી ગંગોત્રી અને હીમજન્મા ગંગા રહેશે પણ નહીં ! હા, વરસાદી નદી રહેશે. પરંતુ વીરાટ હીમ સંચયમાંથી ટપકતાં પાણી વડે બારેમાસ વહેતી ગંગા કદાચ ન પણ રહે ! ગંગાને નામે પણ રાજકારણ ખેલવા ઉદ્યુક્ત સજ્જનોને આ વીધાન ન પણ ગમે. અને અમારી પણ હાર્દીક તમન્ના તો એ જ છે કે ગંગામૈયા એનું હીમ-પીયર જાળવી રહે. વર્ષો સુધી જે જળમાં જીવાત ન જન્મે એવું નીર્મળ જળ આપતી રહે.

અમારો ભય હવે સમગ્ર વીશ્વને ચીંતાતુર બતાવતી ગ્લોબલ વૉર્મીંગની ઘટનામાં જન્મ પામ્યો છે. ગ્લોબલ વૉર્મીંગ યાને વૈશ્વીક ઉષ્માવૃદ્ધીની અસર સાર્વત્રીક છે. આ લખું છું ત્યારે 21મી નવેમ્બર છે. હું જ્યાં રહું છું ત્યાં અર્ધી સદી અગાઉના સમયમાં ઑક્ટોબરના અંત સુધીમાં ઠંડી શરુ થઈ જતી. આ વર્ષે આજની તારીખ સુધી રાતે પણ છતના પંખા ચલાવવા પડે છે ! અને બપોર ? બપોરે તો ક્યારેક ભ્રમ થઈ આવે છે કે આ નવેમ્બર છે કે મે ?

અને આ એકલા અમારા અમદાવાદની ઘટના નથી. પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ઉત્તરી પ્રદેશ એટલે કે ઉત્તર ધ્રુવપ્રદેશમાં ઑક્ટોબરમાં સામાન્ય રીતે ઠંડી જેટલી હોવી જોઈએ એનાથી 20થી 22 અંશ ઓછી હતી. એટલે કે ઠંડક ઓછી હતી. ઉત્તર ધ્રુવપ્રદેશ ખરેખર તો પાણીનો દરીયો જ છે; પરંતુ એના ઘણાખરા વીસ્તારમાં ઠંડીનું પ્રમાણ એટલું બધું હોય છે કે ત્યાં બારે માસ બરફ જામેલો રહે છે. પરંતુ વર્ષનો કેટલોક સમય પૃથ્વી પોતાની ધરી એટલી વાંકી રાખીને ફરે છે કે ઉત્તર ધ્રુવપ્રદેશના ઘણા ઘણા વીસ્તારો, સુધી સુર્યકીરણો પહોંચતાં જ નથી. ત્યાં સતત ‘રાત’ રહે

***આ** માંથી ત્રીજા ભાગનો જળઅંશ ધ્રુવપ્રદેશોમાં બરફ બનીને બંધાઈ રહે છે. જો આ સમગ્ર અથવા એનો મોટો અંશ ઓગળી જાય તો દુનીયાના દરીયા કેટલા ઉંચા આવે એની ગણતરીઓ વીજ્ઞાનીઓ માંડી રહ્યા છે.*

છે ! અરે, કેટલાક વીસ્તારોમાં તો છ માસનો દીવસ અને છ માસની રાત રહે છે ! નીશાળીયાંઓ આ બધું જાણે છે. આ આપણે પ્રૌઢો પણ ભણતાં હતાં ત્યારે ભણેલાં, પરંતુ હવે ભુલી ગયાં છીએ.

ખેર, જેમની સામે હવે જીંદગીનાં અલ્પ વર્ષ રહ્યાં છે એમનો તો પ્રશ્ન નથી, પણ જે નીશાળીયાંઓનો ઉલ્લેખ કર્યો અને જેમની સામે આખી જીંદગી પડી છે એમને માટે આ ગ્લોબલ વોર્મીંગ એક જબરદસ્ત પડકાર અને ગંભીર જોખમ છે. એક જોખમ તો અનીયમીત ઋતુઓનું છે. ગરમી વધારે રહે; પરંતુ ક્યારેક અસાધારણ વીશેષ ગરમી પડે. 2016ના ઉનાળામાં ભારતમાં ક્યાંક 52-55 અંશ સેન્ટીગ્રેડ ગરમી થઈ ગયેલી. આવી આત્યંતીક ગરમી ચામડીના રોગોથી માંડીને ચામડીના કેન્સર સુધી પરીણામ દાખવે.

બીજું જોખમ પૃથ્વી પરના બરફ પીગળવાનું છે. માત્ર ગંગાજનક હીમનદી જ નહીં, એવી હજારો હીમનદીઓ પીગળવા માંડતાં દરીયાની સપાટી ઉંચી આવે. પરંતુ એથી અનેકગણી વીશેષ માત્રામાં દરીયાઈ સપાટી ઉંચી આવવાનું તો ધ્રુવપ્રદેશોના બરફ ઓગળવાથી બને. પૃથ્વીની કુલ સપાટીનો બે-તૃતીયાંશ ભાગ જળમય છે એ પણ બધા નીશાળીયાં જાણે છે. આમાંથી ત્રીજા ભાગનો જળઅંશ ધ્રુવપ્રદેશોમાં બરફ બનીને બંધાઈ રહે છે. જો આ સમગ્ર અથવા એનો મોટો અંશ ઓગળી જાય તો દુનીયાના દરીયા કેટલા ઉંચા આવે એની ગણતરીઓ વીજ્ઞાનીઓ માંડી રહ્યા છે. અરે, દરીયાનાં પાણી એકાદબે મીટર ઉંચાં આવે તોય દરીયાકાંઠાની કેટલી જમીન અને કેટલી વસતી ડુબી જાય, એના અંદાજ મંડાઈ રહ્યા છે. એક ઓરીસ્સાને કાંઠે ક્યારેક પવનનું તોફાન થાય અને દરીયાઈ મોજાં ઉછળે તો લાખો લોકોને અસર થાય છે, એ આપણે વારંવાર વાંચીએ છીએ. પાંચેક વર્ષ અગાઉ દરીયા નીચે એક જ્વાળામુખી ફાટ્યો એનાથી સુનામી આવી, એટલે કે દરીયાનાં મોજાં અભુતપુર્વ પ્રમાણમાં ઉછળ્યાં, એણે દક્ષીણ ભારતના પુર્વ કીનારાની તબાહી મચાવી હતી. આ જ રીતે, પેસીફીક મહાસાગર જેવા અતી વીશાળ જળરાશી પર આત્યંતીક ગરમી પડવાથી જે હલચલ પેદા થાય એ પણ વ્યાપક નુકસાન કરે છે. ગ્લોબલ વૉર્મીંગનું પ્રમાણ જેમ જેમ વધે તેમ તેમ દરીયાઈ તોફાનોનું સ્વરુપ વધુ ખતરનાક બનશે. એમાં વળી દરીયાની સપાટી ઉંચી આવી હોવાથી દરીયાકાંઠા પર વધુ ને વધુ દુર સુધી નુકસાન પહોંચશે.

આપણે લેખની શરુઆતમાં જોયું કે શીયાળાની શરુઆતનો સાધારણ સમય ક્યારનોય આવી ગયો હોવા છતાં ગરમી જણાય છે. દુનીયાભરના અહેવાલો જણાવે છે કે સમગ્ર પૃથ્વી પર વીસમી સદીની સરેરાશ ગરમી (ઉષ્ણતામાન-ટેમ્પરેચર) કરતાં 2016ની ગરમી 0.73 અંશ વધારે હતી. આને આપણે સીમાંત (માર્જીનલ) ગરમી-વૃદ્ધી ગણીએ, છતાં એટલી વૃદ્ધી પણ પર્યાવરણમાં દુરગામી અસર કરી શકે છે. વાસ્તવમાં 2016નાં વર્ષમાં આપણી પૃથ્વીનું ઉષ્ણતામાન નોંધવાની શરુઆત થઈ ત્યારથી આજ સુધીનું સૌથી અધીક ઉષ્ણતામાન હતું !

ઉષ્ણતામાનની આ વૃદ્ધી યાને ગ્લોબલ વૉર્મીંગનાં કારણો પણ નીશાળીયાંઓ જાણે છે. મુખ્ય કારણ ભુગર્ભ તેલોના બળતણનું છે. હજારો વર્ષ પર્યન્ત ભુગર્ભમાં સચવાઈ રહેલ તેલ (પેટ્રોલીયમ તેલ) કાઢીને, એનો બળતણ તરીકે વપરાશ કરીને અનેક પ્રકારનાં યંત્રો ચલાવવામાં આવે છે. ખાસ કરીને મોટર વાહનોનું પ્રમાણ આમાં મોટું છે. દુનીયાભરમાં કરોડો કરોડો મોટર વાહનો ધમધમી રહ્યાં છે. એમના ધુમાડા વાતાવરણને દુષીત કરે છે. ગરમ કરે છે. એ ધુમાડાને પ્રતાપે વાતાવરણમાંના ઓઝોન વાયુનું પડ નબળું પડે છે. પરીણામે સુર્યકીરણો વધુ તીવ્રતા સાથે પૃથ્વી પર પહોંચે છે. ભુગર્ભમાંથી મળેલાં તેલ ઉપરાંત રેફ્રીજરેટર વગેરેમાં વપરાતા વાયુઓ, વન-જંગલ બળવાથી પેદા થતા ધુમાડા, અરે માનવ મૃતદેહોના દહનથી પેદા થતા ધુમાડા સહીત ઘણાં ગૌણ પરીબળો પણ ગ્લોબલ વૉર્મીંગમાં ફાળો આપે છે.

સમુદ્રોને તળીયે ગરમી હોય છે, કારણ કે પૃથ્વીના તળીયામાં હજુ આજે પણ પ્રચંડ ગરમી છે. પેલા સમુદ્રોના મોટા વીસ્તાર પરના બરફનું પ્રમાણ જેમ જેમ ઘટતું જાય છે તેમ તેમ દરીયાનાં પાણીની ગરમી વધતી જાય છે. આજે

પણ સમુદ્રોમાં કેટલાક ગરમ પ્રવાહો વહી જ રહ્યા છે. હવે એ પ્રવાહો વધુ ને વધુ ગરમ બનતા જશે. એથી સમગ્ર વાતાવરણ (હવા) પણ ગરમ થશે, અને તે ઉષ્ણતામાનની વૃદ્ધીમાં ફાળો આપશે. વળી, આવા ગરમ સમુદ્રોને તોફાને ચડતાં વાર નહીં લાગે. સમુદ્રોની આ ગરમીનું જ પરીણામ 'એલ નીનો' પ્રકારનાં તોફાનો છે.

આમ, ક્રમશ: વધુ ને વધુ આકરા થતા જતા હવામાનને નાથવા કશાક પ્રયાસ તો કરવા પડે. શરુઆત વીજ્ઞાનીઓની ચેતવણીથી થઈ છે. દુનીયાના દેશોને એમણે ચેતવ્યા છે કે ગ્લોબલ વૉર્મીંગમાં ફાળો આપતા વાયુઓ અને ધુમાડા બહુ જલદીથી નીયંત્રીત નહીં કરો તો આફતો નોતરી બેસશો. આથી, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘના આગ્રહથી દુનીયાના દેશો વારંવાર મળી રહ્યાં છે અને નીયંત્રણનાં પગલાં વીચારી રહ્યા છે. સૌથી મોટી વાત ખનીજ તેલોની વપરાશ ઘટાડવાની છે. યંત્રો અને વાહનો સુર્યશક્તીથી ચાલે એ માટેના પ્રયત્ન ચાલે છે. વીદ્યુત પેદા કરવા માટે પણ કોલસો કે ખનીજ તેલ વાપરવાને બદલે સુર્યપ્રકાશ અથવા પવન વધારે વપરાય એવો અનુરોધ થઈ રહ્યો છે. અરે, એટલે સુધી કે મૃતદેહોને અગ્નીદાહ દેવાને બદલે એમનું દફન થાય એવો પણ અનુરોધ થાય છે.

ગ્લોબલ વૉર્મીંગ વીશે ચીંતા કરવા અત્યાર સુધીમાં દુનીયાના દેશો 22 વાર મળી ચુક્યા છે. આ માટેની સભા યોજાય ત્યારે હવે 200 જેટલાં રાષ્ટ્ર ભાગ લે છે. ઘણાં વર્ષોની ચર્ચાવીચારણા પછી 2015માં પેરીસ ખાતે કેટલાક મહત્ત્વના ઠરાવ થયા હતા. મુખ્યત્વે, વૈશ્વીક ઉષ્ણતામાનને વધતું અટકાવવું, ખનીજ તેલ વાપરતાં વાહનોની સંખ્યા ઘટાડવી, સુર્ય-ઉર્જાના વપરાશને પ્રોત્સાહન આપવું અને એ માટે પછાત દેશોને મદદ કરવા માટે પ્રતીવર્ષ 100 બીલીયન ડોલર (આશરે સાઠ હજાર કરોડ રુપીયા) જમા કરવા વગેરે નીર્ણયો લેવાયા. આ પેરીસ સમજુતી પછી નવેમ્બર, 2016માં મોરોક્કોના મર્રાકેશ ખાતે વળી 200 દેશો આ મુદ્દે આગળ વીચારવા અને જે કાંઈ થયું છે એનાં લેખાંજોખાં લેવા મળ્યા હતા. અહીં જે વધુ મહત્ત્વના મુદ્દા પ્રગટ થયા તેમાં એક એ છે કે પેલા 100 બીલીયન ડોલરના અપેક્ષીત ભંડોળમાં ઘણો ઓછો ફાળો મળ્યો ! કારણ સાફ છે. એમાં મોટો ફાળો વીકસીત દેશો તરફથી મળે એવી અપેક્ષા રહે છે, અને વીકસીત દેશો ગ્લોબલ વોર્મીંગથી બહુ ડરતાં નથી. વળી,

*વીકસીત દેશો તરફથી મળે એવી અપેક્ષા રહે છે, અને વીકસીત દેશો ગ્લોબલ વોર્મીંગથી બહુ ડરતાં નથી. વળી, એ બધા દેશો પણ ક્રમશ: દરીદ્ર થઈ રહ્યા છે. અને ગરીબ દેશોના હીત માટે નાણાં ખર્ચવાની એમની તૈયારી સ્વાભાવીક જ ઓછી છે.*

એ બધા દેશો પણ ક્રમશ: દરીદ્ર થઈ રહ્યા છે. અને ગરીબ દેશોના હીત માટે નાણાં ખર્ચવાની એમની તૈયારી સ્વાભાવીક જ ઓછી છે.

મર્રાકેશ ખાતે છવાયેલો રહેલો બીજો મુદ્દો અમેરીકાના રાષ્ટ્રપતી તરીકે બડબોલા અને અલ્પ નૈતીક ડોનાલ્ડ ટ્રમ્પની ચુંટણીનો હતો. આ સજ્જને ચુંટણીપ્રચાર દરમીયાન વારંવાર, એવું ઉચ્ચાર્યું છે કે આ ગ્લોબલ વોર્મીંગ ફોર્મીંગ માત્ર બકવાસ છે ! એવી કશી ચીંતા કરવાની જરુર નથી. ટ્રમ્પના આવા વલણને પરીણામે ગ્લોબલ વોર્મીંગ સામેની લડતને ભારે ફટકો પડવાનો સંભવ છે, કારણ કે પેલો જે નાણાકીય ફાળો છે, એમાં અમેરીકાનો ફાળો સૌથી મોટો હોય એ અપેક્ષીત છે. પણ ટ્રમ્પ આ આખી વાતને જ બકવાસ કે બનાવટ (HOAX) માનતા હોવાથી એ આ હેતુમાં ફાળો આપે એ વાતમાં માલ નથી. છતાં, કદાચ રાષ્ટ્રપતીપદ સંભાળ્યા પછી શ્રીમાનના વલણમાં નરમાશ આવે પણ ખરી.

દરમીયાનમાં, આપણા દેશે તો ગ્લોબલ વૉર્મીંગ અટકાવવાનાં પગલાં પ્રામાણીકપણે લેવાનું શરુ કરી દેવું જોઈએ.

**ફુટનોટ :** શુભ હેતુથી લેવાયેલ પગલું હોય, પરંતુ એ પગલું કોઈકના પગને કચડી નાખતું હોય તો શુભ રહેતું નથી. વર્તમાન સંઘ સરકારે રુ. 500 અને 1000ની ચલણી નોટો રદ કરવાનું શુભ હેતુવાળું પગલું જરાય વીચાર કર્યા વગર અને તૈયારી વગર ભર્યું તેથી કરોડો લોકોને અબજો અબજોનું નુકસાન થઈ રહ્યું છે. જનજીવનમાં હાલાકીનો પાર નથી. ચલણના રદ્દીકરણને અંગ્રેજીમાં ડીમોનેટાઈઝન (Demonetisation) કહે છે. કોઈકે એનો સંક્ષેપ Demon કર્યો છે. એ કેટલો બધો અર્થવાહી છે !

yeshwant.mehta.1938@gmail.com

❑

# માધુકરી

## ખુલ્લું ઘર

નારાયણ દેસાઈ

મુળ જર્મનીથી આવેલા ફાધર કુન્ત્સે બ્રાઝીલના સાઓ પાઓલા શહેરની એક ઝુંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નીવાસ સ્વીકાર્યો હતો. એકવાર દેશના ઉત્તર-પશ્ચીમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડાંમાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લુંટાવાનો ભય ઉભો થયો છે, એટલે દુકાનદારોને બંદુકના પરવાના આપવા જોઈએ. ભુખે મરતા લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાધર કુન્ત્સના હૃદયમાં જે પીડા થઈ તે તેમને ઉત્તર-પશ્ચીમમાં લઈ ગઈ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઈને તેમણે જાહેર કર્યું કે પોતે 21 દીવસના ઉપવાસ પર ઉતરે છે. શરુઆતમાં તો લોકોએ એમની હાંસી કરી : 'ઉપવાસ કરવાથી ભુખમરો ઓછો જ મટવાનો છે ?' પણ ફાધર કુત્સને તો ખુંચતી હતી નગરજનોની હૃદયશુન્યતા. તેમણે ચુપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા. બે દીવસ, ત્રણ દીવસ, ચાર દીવસ. લોકો વીચારવા લાગ્યા : 'આ તો દક્ષીણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ વેઠે છે ?' કોઈ કોઈએ આવીને પુછ્યું, 'અમે શું કરી શકીએ ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ ?' ફાધરે કહ્યું : 'ભુખે મરતા લોકોની પીડ જેમણે ખરેખર પીછાણી હોય તેઓ એક કામ કરે. પોતપોતાના ઘર બહાર એક પાટીયું મુકી તેની ઉપર આટલું લખી દે. 'આ ઘર સૌને સારુ ખુલ્લું છે. અમારી પાસે જે કંઈ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકું. ને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું.' હવે એક પછી એક ઘરની આગળ 'ખુલ્લા ઘર'નાં પાટીયાં મુકાવા લાગ્યાં. 21 દીવસને અંતે તો એ શહેરનાં હજારો ઘરો સામે એવાં પાટીયાં મુકાઈ ગયાં ને બંદુકના પરવાના માગતું શહેર ભુખ્યા લોકો સારુ ઘર ખુલ્લાં મુકતું થઈ ગયું.

> *હવે એક પછી એક ઘરની આગળ 'ખુલ્લા ઘર'નાં પાટીયાં મુકાવા લાગ્યાં. 21 દીવસને અંતે તો એ શહેરનાં હજારો ઘરો સામે એવાં પાટીયાં મુકાઈ ગયાં ને બંદુકના પરવાના માગતું શહેર ભુખ્યા લોકો સારુ ઘર ખુલ્લાં મુકતું થઈ ગયું.*

[24મી ડીસેમ્બર - **નારાયણ દેસાઈની** જન્મજયંતી નીમીત્તે, સૌજન્ય : **'વાચનયાત્રાનો** પ્રસાદ' - **લોકમીલાપ પ્રકાશન, પૃ. 327.**]

*

## ચુનીકાકાની દ્વીતીય પુણ્યતીથી નીમીત્તે તેમને સ્મરણાંજલી

અપુર્વ ઓઝા

થોડાં વર્ષો પહેલાં ચુનીકાકાનો મારી ઉપર ફોન આવ્યો, 'હું તમને તમારી ઓફીસમાં મળવા માગું છું, તો તમે મને ક્યારે મળશો ?' મેં કહ્યું કે એવું હોય તો હું તમને મળવા માટે આવી જાઉં.' તો તરત જ તેમનો જવાબ હતો, 'મારે તમારું કામ છે તેથી હું જ આવીશ.' થોડાક જ સમયમાં તે ઓફીસમાં આવ્યા અને કહ્યું કે, 'હું જમીન વગરના ઘણા ખેડુતોને સાંથણીની જમીન અપાવવાની ઝુંબેશ કરી રહ્યો છું. ઘણી જગ્યાએ જમીન અપાવી છે પણ તેઓ ટેકા વગર ખેતી કરી નહીં શકે, ખેતી નહીં કરે તો સરકાર તેમની જમીન પરત લઈ લેશે. તમે સુરેન્દ્રનગરમાં કામ કરો છો તો તમે આ લોકોને ટેકો ના આપી શકો ?' મેં જણાવ્યું કે, અમારી સંસ્થા 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) જરુર આ કામ કરી શકે.' તે પછી ચુનીકાકાએ કહ્યું કે મારી પાસે થોડાં નાણાં પડ્યાં છે તેનાથી કામ શરુ કરીએ તે પછી તમે સરકારમાંથી કે બીજેથી ફંડ લાવી કામ ચાલુ કરો. કામ ચાલુ થયું અને સંસ્થાના કાર્યકર્તાઓ સાથે ચુનીકાકાએ આ ગામોની મુલાકાત લીધી. જે ગામલોકોને જમીન મળી હતી તેમની સાથે મીટીંગ કરી. ઉત્સાહ હતો પણ તે સાથે ભય અને નાણાંની અછત હતી. 'ખેતી કરવી છે પણ જમીન સુધારવી કઈ રીતે ? બીજા લોકો જે-તે જમીન ઉપર ઉગેલા પાકનું ભેલાણ કરી નાંખે તો શું કરી શકાય ?' આ બધા પ્રશ્નોનો જવાબ ચુનીકાકાએ આપ્યો. બે વર્ષ કામ કર્યા બાદ આ ખેડુતોનું જીવન બદલાઈ ગયું.

વાટાવચ્છ ગામમાં તો જે, મજુર તરીકે કામ કરતા હતા અને જેમને કોઈ ધીરાણ

આપવા તૈયાર ન હતું તે લોકો કપાસમાં ઘણું કમાયા. ઘણા ખેડુતોએ કુવા કર્યા અને પીયત ચાલુ કરી વર્ષમાં ત્રણ પાક લેવા લાગ્યા. તેમનાં બાળકો નીશાળમાં નીયમીત જવા લાગ્યાં, બહેનોએ બચત કરવાનું ચાલુ કર્યું. બીજાનાં ઢોર ભેલાણ ના કરી જાય તે માટે વાડ ઉભી કરી.

*તે વખતે તેમનો આશાવાદી ચહેરો યાદ કરીને લાગે છે કે બીજા ચુનીકાકા જરુર ઉભા થશે અને ગુજરાતના ગરીબ અને હાંસીયામાં ધકેલાઈ ગયેલા ખેડુતોને ઉત્સાહ અને દીશા બતાવશે.*

ચુનીકાકા વખતોવખત મુલાકાત લેતા રહ્યા અને બે વર્ષ પછી અમે મળ્યા ત્યારે તેમના ચહેરા ઉપર આનંદ હતો. તેમણે કહ્યું કે, 'અપુર્વભાઈ, આપણે તેમને જમીનના માલીક અને મજુરમાંથી ખેડુત બનાવી દીધા. હવે આપણે હજુ વધારે કામ કરવાનું છે.' તેમણે બીજા ખેડુતોની યાદી આપી, જે આખા સુરેન્દ્રનગર જીલ્લાના ગામલોકોની હતી; તે બધાને જમીન મળેલી પણ નાણાંના અભાવે તેઓ ખેતી કરી શક્યા ન હતા.

ચુનીકાકાએ યાદી આપી કહ્યું કે બીજાં બધાં કામોમાં આ મુખ્ય કામ આપણે ભુલવાનું નથી. ચુનીકાકા સાથે મારે ઘણી મીટીંગોમાં અને કાર્યશાળાઓમાં મળવાનું રહેતું, પણ તેમની સાથે મળીને કામ કરવાનો આ પહેલો અનુભવ હતો; અને તે કામ કરતાં - કરતાં કેટલું બધું શીખવા મળ્યું ! તેમની સ્પષ્ટતા, સમયપાલન, દીર્ઘદૃષ્ટી અને ગ્રામવીકાસની સમજ ખુબ પ્રેરણાદાયી હતાં. ઘણા લોકો જમીન માટે લડે છે, પણ જમીન મળી જાય પછી તેઓ આગળ વધી શકતા નથી. બીજા ઘણા લોકો ખેડુતો સાથે જમીનસુધારણા અને ખેતીનું કામ કરે છે પણ જમીનવીહોણાને જમીન અપાવી શકતા નથી. ચુનીકાકાની દૃષ્ટીમાં આ બે કાર્ય એકબીજા સાથે જોડાયેલા હતા. તેમના માટે જમીન અપાવ્યા પછી પણ જમીનસુધારણા કરી આગળ વધવું તે બંને અગત્યનું છે. તેમની આ ઉંમરે કામ કરવાની જે ધગશ હતી તે જોઈને કોઈ પણ કાર્યકર્તા કહી ન શકે કે મને કંટાળો કે થાક લાગે છે, કારણ કે તેમની ડીક્શનરીમાં કંટાળો અને થાક હતા જ નહીં.

મને ઘણીવાર ચીંતા થાય છે કે ગુજરાતમાં ચુનીકાકાનું સ્થાન કોણ લેશે ? પરંતુ તે વખતે તેમનો આશાવાદી ચહેરો યાદ કરીને લાગે છે કે બીજા ચુનીકાકા જરુર ઉભા થશે અને ગુજરાતના ગરીબ અને હાંસીયામાં ધકેલાઈ ગયેલા ખેડુતોને ઉત્સાહ અને દીશા બતાવશે.

[સૌજન્ય : '**લોકસ્વરાજ**' ડીસેમ્બર, 2016]

*

## હીંદુ અને મુસલમાન

**કીશોરલાલ મશરુવાળા**

શું આપણે ખાતરીપુર્વક કહી શકીશું કે હીંદુઓ મુસલમાનો કરતાં અચુકપણે વધારે ઈમાનદાર, ન્યાયી અને ઉદાર હૃદયના છે ? ઉલટાનું મને તો એમ લાગે છે કે જુદા જુદા દર્જાના ગમે તે હીંદુઓ અને મુસલમાનોને એકસરખી સંખ્યામાં ચુંટવામાં આવે તો દયાળુ, ઉદાર અને વીશ્વાસપાત્ર મુસલમાનોની સંખ્યા હીંદુઓ કરતાં ઓછી ન નીકળે. આપણું કલ્યાણ આ વાત સમજવા અને નીખાલસપણે સ્વીકારવામાં છે. જે પળે આપણે મુસલમાનો પ્રત્યેનું આપણું વલણ બદલીશું અને જેમ તેમના દોષો જોઈએ તેમ ગુણો પણ જોવા માંડીશું, તે પળે આપણને માલુમ પડશે કે સદ્‌વર્તનનો એક હીંદુ જેટલો ઉદાર જવાબ વાળી શકશે, તેના કરતાં વધારે ઉદાર જવાબ મુસલમાન વાળી શકશે. નાતજાત, વાડા, ગોળ, ભાણાવહેવાર, બેટીવહેવાર વગેરે મુખ્યત્વે હીંદુ સમાજની ખાસીયત છે.

આ બાબતમાં એક વીચીત્ર વીરોધ છે. વીચારવાન અને સાચા ખુદાના મુસલમાન ભક્તો અને સુફીઓ મોટેભાગે ઉદાર, મોટા દીલના અને ઉચ્ચ નૈતીક ચારીત્ર્યવાળા હોય છે અને અસહીષ્ણુતાથી મુક્ત હોય છે; ધર્માંધતા અને સંકુચીત મનોદશા સાધારણ લોકોમાં અને તેમના અજ્ઞાન મોલવીઓ અને વીદ્વાન 'ભાષણવાળાઓ'માં હોય છે. પરંતુ હીંદુ ધર્મના અનુયાયીઓમાં - તે વેદધર્મી, જૈન, શીખ કે બીજા કોઈ પંથના હોય - ધર્માંધતા અને અસહીષ્ણુતા પોથીપંડીત અને શાસ્ત્રવેત્તાઓમાં જોવામાં આવે છે; સહીષ્ણુતા અને સદ્‌ભાવ

એ આમપ્રજાના ગુણો છે.

[`**મીલાપ**ની વાચનયાત્રા : 1950' માંથી સાભાર]

*

## માનવ સમાજ માટે રેશનાલીઝમ 'લીબરેટીંગ' છે

**ધવલ મહેતા**

***રેશનાલીઝમ :*** *નવલાં મુક્તીગાન. સંપાદન : ઈન્દુકુમાર જાની (નયા માર્ગ પ્રકાશન- અમદાવાદ).*

ઈન્દુકુમાર જાની દ્વારા સંપાદીત આ પુસ્તકમાં 27 નાના લેખો છે જે રેશનાલીઝમના વીવીધ પાસાંઓની ચર્ચા કરે છે. ઈન્દુકુમાર જાની પોતે સોશીયલ એક્ટીવીસ્ટ છે અને દલીત - આદીવાસીઓના અધીકારો માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે તે કારણે તેમનું ચીંતન 'આઈવરી ટાવર' પ્રકારનું નથી, પરંતુ ભુમીસ્થીત છે. આ પુસ્તક રેશનાલીઝમના આંદોલનમાં મદદરુપ થઈ શકે તેમ છે.

**રેશનાલીસ્ટ વ્યક્તી અને રેશનાલીસ્ટ સમાજ :** રેશનાલીસ્ટ વ્યક્તી અને રેશનાલીસ્ટ વ્યક્તીની માન્યતાઓ પુરાવા કે હકીકત આધારીત હોય છે. તે અંધશ્રદ્ધાનો ઘોર વીરોધ કરે છે. તે ધાર્મીક શોષણ સામે લડે છે. તે ચમત્કારમાં માનતો નથી અને સાધુ, સંતો, ગુરુઓના ચમત્કારોની સાબીતી નહીં હોવાથી તેને ઢોંગ માને છે. આથી તે ધર્મ અને ધાર્મીક શોષણની વીરુદ્ધ છે અને સત્યઆધારીત અને વીજ્ઞાનઆધારીત સમાજની રચનામાં માને છે. રેશનલ સમાજની ખોજ એટલે ન્યાયી સમાજની ખોજ. આ સમાજ માનવઅધીકારો (યુનીવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ) પર રચાયેલો હોવો જોઈએ. કોઈ ધર્મ કે વર્ગ કે જ્ઞાતીના આધાર પર નહીં, તેમ રેશનાલીસ્ટ માને છે. આ પુસ્તકમાં એક લેખ પ્રો. જયંતી પટેલનો છે જે ઈશ્વરને કપોળકલ્પીત કલ્પના કે ફેન્ટસી માને છે. આથી ઈશ્વરપ્રણીત સમાજ રચનાનો પણ તેઓ વીરોધ કરે છે તેમાં ઘણું તથ્ય છે. પરંતુ વીચારસરણીની બાબતમાં મુડીવાદી કે સમાજવાદી કે સામ્યવાદી કે સર્વોદયવાદી કે લોહીયાવાદી કે ટ્રોટસ્કીવાદી કે રોયવાદી વીચારસરણી રેશનલ ગણાય કે નહીં તેની ચર્ચા કરવાનું રેશનાલીસ્ટો ટાળે છે. પરંતુ આ ચર્ચા ચાલુ જ રહેવાની. કારણ કે વીચારસરણીઓ પણ માનવ અનુભવોને આધારે ઉત્ક્રાંતીત થયા કરે છે. આમ છતાં રેશનાલીસ્ટો ફાસીવાદ, નાઝીવાદ, હીન્દુત્વવાદ, ઈસ્લામવાદ કે ક્રીશ્ચીયન વીચારસરણીઓને તો નાપસંદ કરે જ છે, એટલું જ નહીં પરંતુ તેની સામે સતત લડત ચલાવે છે. શું કોઈ રેશનાલીસ્ટ ધર્મમાં માને તો તેને રેશનાલીસ્ટ ગણવો કે નહીં તેના પર ચર્ચા ચાલુ છે. શું કોઈ શુદ્ધ હીન્દુ, શુદ્ધ મુસ્લીમ કે શુદ્ધ ક્રીશ્ચીયન કે યહુદી રેશનાલીસ્ટ હોઈ શકે ? જો તેને રેશનાલીસ્ટ ગણવામાં આવે તો તે ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે તે સાબીત થાય અને મોટાભાગના રેશનાલીસ્ટો ઈશ્વરને કપોળકલ્પના ગણે છે. તેમ છતાં બધા રેશનાલીસ્ટો વીજ્ઞાનને અને વૈજ્ઞાનીક પદ્ધતીને સત્યશોધનની શ્રેષ્ઠ પદ્ધતી તો ગણે છે અને સમાજમાં કોઈ પણ વીચારસરણી હોય તો તે સત્ય આધારીત હોવી જોઈએ તેમ માને છે. દરેક ધર્મનો અનુયાયી તેના ધર્મને શ્રેષ્ઠ માને છે અને તેમાંથી હીંસા થવાનો સંભવ રહે છે. ઘણા એમ પણ માને છે કે શ્રદ્ધા સારી પણ અંધશ્રદ્ધા ખોટી પરંતુ આ બન્ને વચ્ચેની ભેદરેખા બહુ જ પાતળી હોવાથી શ્રદ્ધાળુ ક્યારે અંધશ્રદ્ધામાં સરી પડશે તે કહેવાનું મુશ્કેલ છે. રેશનાલીઝમ સમાજ માટે લીબરેટીંગ છે, કારણ કે ધર્મ અને અંધશ્રદ્ધા આધારીત ખોટી માન્યતાઓ આધારીત વર્તન, વાણી અને વીચારોનું વીરોધી છે. પરંતુ સમાજમાં માત્ર ધર્મ કે અંધશ્રદ્ધા આધારીત જ શોષણ થતું નથી. મુડીવાદીઓ મજુરોનું, સ્ત્રીઓનું પુરુષો, જમીનદારો ખેડુતોનું, લેણદારો દેવાદારોનું, રાજકારણીઓ નાગરીકોનું શોષણ કરે છે તે કંઈ અંધશ્રદ્ધા આધારીત નથી, પરંતુ સત્તાની અસમાનતાને કારણે છે. આ ક્ષેત્રોમાં રેશનાલીઝમ કરતાં રેશનલ સમાજ રચના માટેની વીચારસરણીનું ઘડતર અગત્યનું છે. રેશનલ સમાજ એટલે ન્યાયી સમાજ. અંગ્રેજીમાં આને જસ્ટ સોસાયટી કહી શકીએ અને તે માટે આઈડીઆ ઓફ જસ્ટીસની પુર્ણ સમજ જોઈએ. આઈડીઆ ઓફ જસ્ટીસ વીના રેશનાલીઝમ અધુરું છે. અત્યારની વીચારસરણીઓ તે માટે હજુ ટુંકી પડે છે. ભવીષ્યમાં નવી નવી

> *બધા રેશનાલીસ્ટો વીજ્ઞાનને અને વૈજ્ઞાનીક પદ્ધતીને સત્યશોધનની શ્રેષ્ઠ પદ્ધતી તો ગણે છે અને સમાજમાં કોઈ પણ વીચારસરણી હોય તો તે સત્ય આધારીત હોવી જોઈએ તેમ માને છે.*

આઈડીઓલોજી ‘ઈવોલ્વ’ થશે તેમ જણાય છે. અત્યારે ગુજરાતમાં રેશનાલીઝમના ક્ષેત્રે રમણ પાઠક, જયંતી પટેલ, પ્રો. બી. એ. પરીખ, યાસીન દલાલ, અશ્વીન કારીઆ, હર્ષા બાડકર (મુંબઈ), બાબુભાઈ દેસાઈ, સુર્યકાન્ત શાહ, દીનેશ શુક્લ અને અલબત્ત બીપીન શ્રોફ તથા ઈન્દુકુમાર જાની જેવા ધુરંધરો કામ કરી રહ્યા છે અને પોતાના ગજવામાંથી પૈસા કાઢીને આ પ્રવૃત્તી તદ્દન સ્વૈચ્છીક (વોલન્ટરી) રુપે ચલાવી રહ્યા છે. ગુજરાતની એક કરુણીકા છે કે ધર્મ માટે લાખો અને કરોડો રુપીયા એકઠા થઈ શકે છે. જ્યારે રેશનાલીઝમ પ્રવૃત્તી માટે દસ હજાર રુપીયા ભેગા કરવામાં પણ ફાંફાં પડે છે. અત્યારે ગુજરાતમાં વૈશ્વીક માનવવાદ, વીવેકપંથી, (મુંબઈથી બહાર પડે છે), સત્યાન્વેષણ, નયા માર્ગ, નીરીક્ષક વગેરે રેશનાલીઝમના પુરસ્કર્તા સામયીકો બહાર પડે છે. અલબત્ત નીરીક્ષકનો મુખ્ય વીષય માનવ સ્વાતંત્ર્ય, માનવ અધીકારો અને લોકશાહી છે. જ્યારે રેશનાલીઝમ તેનો ગૌણ વીષય છે, પણ તેણે રેશનલ રાજકારણ તથા રેશનલ સમાજના ચીંતનમાં મોટો ફાળો આપ્યો છે. અત્યારે રેશનાલીઝમની જેમ સેક્યુલારીઝમની વ્યાખ્યા વીશે મતભેદ છે, તેમ છતાં રેશનાલીઝમના વીચારમાં જે સ્પષ્ટતા છે તે સેક્યુલારીઝમના વીચારમાં નથી. બન્નેને સહોદર અથવા પીતા-પુત્ર કહી શકાય.

**આ** *તમામ કામદારો ચાંદની ચોકની ફુટપાથો પર રાત્રી ગાળે છે. ચાંદની ચોક તરફ જતી કોઈ બસે છુટાના અભાવે કંડક્ટરે બસમાં પેસવા દીધા નથી. 13 કી.મી. અંતર રાત્રે પગે ચાલી કાપવું પડ્યું હતું.*

આ પુસ્તકમાં નરસીંહભાઈ પટેલનો લેખ તેમના ‘ઈશ્વરનો ઈનકાર’ નામના 1932માં લખાયેલા પુસ્તકમાંથી લેવાયો છે, જે રેશનાલીઝમની દીશામાં પાયોનીયરીંગ કામ છે. તેવી જ રીતે ‘શું મૃત્યુ પછી જીવન છે ખરું ?’ નામનો ડૉ. અબ્રાહમ કોવુરનો લેખ સરસ છે. મૃત્યુ પછી જીવન કેમ નથી તેની સમજણ આ લેખમાં ડૉ. કોવુર આપે છે. કેદારનાથનો લેખ તદ્દન ઈરેશનલ છે અને ‘ઓશો’નો લેખ ગોળગોળ છે. આ બાબત ધ્યાનમાં રાખવાનું છે કે દુનીયામાં કોઈ 100 ટકા રેશનાલીસ્ટ નથી. ‘ઓશો’ મહાન ચીંતક હતા, પણ અધ્યાત્મની બાબતમાં લોજીકની દૃષ્ટીએ ગલ્લાંતલ્લાં કરતા હતા.

શું રેશનાલીસ્ટ માણસ આનંદી કે સુખી હોય ? ના. તે જરુરી નથી. રેશનાલીસ્ટ વ્યક્તી આનંદી, સુખી, ડીપ્રેસ્ડ, મુડી, મીજાજી, અતડો, અભીમાની વગેરે હોઈ શકે છે. આનંદ, સુખ, ડીપ્રેશન, રમુજવૃત્તી વગેરેના સ્રોતો રેશનાલીઝમના સ્રોતોથી જુદા છે. રેશનાલીસ્ટ માત્ર પુરાવા આધારીત જ્ઞાન અને તેના આધારે થતી સમાજરચનામાં રસ ધરાવે છે. રેશનાલીઝમ સમાજના બધાં દુઃખોની દવા નથી. તે ઈશ્વર પુનર્જન્મ, આત્માન, બ્રહ્મ, યોગીક ચમત્કારો વગેરેમાં માનતો નથી. કારણ કે તેને માટે પુરતા વૈજ્ઞાનીક પુરાવા નથી. તેથી જ તે સમાજમાં ઉભી થતી ભ્રમણાઓ દુર કરે છે. હવેના રેશનાલીસ્ટોનું લક્ષ ધાર્મીક શોષણ ઉપરાંત આર્થીક અને રાજકીય શોષણ હઠાવવાનું હશે તેમ આશા રાખી શકાય. પરંતુ આ કામ જબરજસ્ત અભ્યાસ અને સામાજીક નીસબત માગી લે છે. જેને માટે અત્યારના રેશનાલીસ્ટોની સજ્જતા ટુંકી પડે છે.

(ગુજરાત સમાચાર અને ‘**હીતરક્ષક**’ : ઑક્ટોબર 2016માંથી સાભાર).

*

## નોટબંધીની સૌથી વધારે અસર અસંગઠીત ક્ષેત્ર પર

**પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

હીંદીમાં કહેવત છે ‘તમારી તરસ છીપાવવા તમારે જાતે જ કુવો ખોદવો જોઈએ.’ નોટબંધીની અસર દીલ્હીના સૌથી વધારે ગરીબ, કંગાળ, ઘરવીહોણા, પરચુરણ કામદારો અને ચેરીટેબલ ટ્રસ્ટોના દયાદાન પર જીવતા અપંગ અને આશ્રીત લોકોની જીંદગી પર કેવી થઈ છે તે નીહાળવા દીલ્હીના રસ્તાઓ અને શેરીઓમાં હું નીકળી પડ્યો. દરેકના મુખેથી એક જ પ્રશ્ન સાંભળવા મળતો હતો કે ‘જો સરકાર અમારા હાથ બાંધી દે, તો કુવો અમે કેવી રીતે ખોદી શકીએ ?’

ચાંદની ચોક વીસ્તારમાં બેંકો બહાર લાંબી કતારો લાગી હતી. દસ દીવસ બાદ પણ આ માહોલમાં કાંઈ ફેર પડ્યો ન હતો. યુવાનો રાત્રીના ત્રણ વાગ્યાથી ઉભા રહ્યા હતા. બેંક ખુલવાને 7 કલાકની હજુ વાર હતી. દર કલાકે કતાર વધુ ને વધુ લાંબી થતી હતી. હવે બુરખો પહેરેલ

સ્ત્રીઓ પણ પોતાનાં ખાતામાંથી પૈસા મેળવવા પોતાનો વારો આવવાની રાહ જોતી હતી. તેમના માટે અન્ય કોઈ વીકલ્પ ન હતો. કારણ કે પૈસા વીના રસોડાનો ચુલો સળગાવવો કેવી રીતે ?

ચાંદની ચોક કંપની બાગમાં દરરોજ સવારે 6 કલાકે હજારો બેકાર કામદારો કામ મળવાની આશાએ એકત્ર થાય છે. તેઓ આસામ, પશ્ચીમ બંગાળ, ઉત્તરાંચલ, ઉત્તરપ્રદેશ, બીહાર, ઝારખંડ અને મધ્યપ્રદેશના વીસ્તારોમાંથી આવેલ હોય છે. દીલ્હીમાં આવા અનેક મજુર અડ્ડાઓ છે. કંપની બાગ ખાતે એકઠા થતા મજુરો અત્યંત ઓછા દરે લગ્નપ્રસંગ અને અન્ય મીજબાનીઓમાં કામ કરે છે. ત્યાં ઉભેલા મજુરો આક્રોશપુર્વક કહેતા હતા કે જો નોટબંધી ન હોત તો અમે અહીં કોઈ કામની રાહ જોતા બેઠા ન હોત. અત્યારે ભરપુર લગ્નગાળો ચાલી રહ્યો છે પરંતુ અમને કોઈ કામ આપતું નથી. કેટલાકે પોતાનો જુનો અનુભવ વર્ણવતાં કહ્યું કે 'દીલ્હીમાં યોજાતા વૈભવી અને ભવ્ય લગ્નોમાં અમને વાહનોમાં લઈ જવામાં આવે છે. ત્યાં યુનીફોર્મ પહેરાવવામાં આવે છે. ત્રણ દીવસ સુધી ચાલતા આ લગ્ન માહોલમાં બે રાત્રીએ ભાગ્યે જ સુવાનું મળે છે. ત્રીજા દીવસે કોન્ટ્રાક્ટરે દરેકને રૂ. 500ની જુની નોટ પધરાવી. અમે જુની નોટ લેવા ઈન્કાર કર્યો તો કોન્ટ્રાક્ટરે કહ્યું કે અમારી પાસે હાથ પર જુની નોટ જ છે. આ જુની નોટના દલાલ પાસેથી અમોને રૂ. 300 મળ્યા.'

આ તમામ કામદારો ચાંદની ચોકની ફુટપાથો પર રાત્રી ગાળે છે. ચાંદની ચોક તરફ જતી કોઈ બસે છુટાના અભાવે કંડક્ટરે બસમાં પેસવા દીધા નથી. 13 કી.મી. અંતર રાત્રે પગે ચાલી કાપવું પડ્યું હતું. ખાણીપીણીનાં કોઈ સ્થળે જુની નોટ લેવા તૈયાર ન હતું. હવે કોઈ કામ પર તેમને લઈ જતું નથી. તેમનો ગુસ્સો નરેન્દ્ર મોદી પર હતો. તેઓ કામ કરવા તૈયાર હતા. પરંતુ કામ મળવાની કોઈ શક્યતા ન હતી. તેથી મંદીરો અને ટ્રસ્ટો તરફથી મળતાં ભોજનની લાઈનમાં ઉભા રહેવાની તેમને ફરજ પડી હતી. ચાર કલાક બાદ વારો આવતો હતો. ભીખ માટે લાંબો હાથ કરવાનું કોઈને ગમતું ન હતું. પરંતુ આ કામદારો લાચાર હતા.

ટાઉન હોલ બહારના મજુર અડ્ડા પર કડીયા, સુથારો પોતાનાં સાધનો લઈ કામ મળવાની રાહ જોતા હોય છે. તેઓ વીવીધ ધર્મ અને પંથોના અનુયાયીઓ હોવા છતાં તેમની વચ્ચે ભાઈચારો પ્રવર્તે છે. ફુટપાથ પરની સાંકડી જગ્યામાં તેઓ બધા પાસે પાસે સુઈ રહે છે. તેમની કઠણાઈ એ રીતે વધી ગઈ હતી કે વાયુ પ્રદુષણનાં જોખમી સ્તરનાં કારણે દીલ્હી અને આસપાસના વીસ્તારોમાં નોટબંધી અગાઉ જ બાંધકામ પ્રવૃત્તી ઠપ્પ થયેલી હતી. નોટબંધીએ 'દાઝ્યા પર ડામ' દીધાનું કામ કર્યું.

દીલ્હીમાં ઘર અને આશ્રય વીહોણી સ્ત્રીઓ જુમ્મા મસ્જીદ આસપાસ ભીખ માંગતી ફરે છે. તેમાંની કેટલીક બેંકોમાં નોટની અદલાબદલી માટે ગઈ, તો લાંબી કતારમાં ઉભા રહેવાને બદલે 30 ટકા કમીશનથી નોટ વેચી નાખવાનું પસંદ કર્યું. કારણ કે ભીખ માગવાનો ધંધો ખોટી થાય તો પોતે અને બાળકોને ભુખે મરવાનો વારો આવે.

આ કામદારો પૈકી કેટલાય એવા લોકો છે કે જેમને કાં તો જંગલમાંથી તગેડી મુકાયા છે અથવા તેમની ખેતીની જમીન ઉદ્યોગો માટે ઝુંટવી લેવામાં આવી છે અથવા તેમની ઝુંપડપટ્ટીઓ તોડી પાડવામાં આવી છે. આ બધું સ્માર્ટ સીટીનાં નામે થયું હતું. 85 ટકા ચલણમાં રહેલ આ નોટો રાતોરાત બંધ કરી દેવાના નીર્ણયની સૌથી વધારે ઘાતક અને વ્યાપક અસર આવા અસંગઠીત ક્ષેત્રોના લોકો પર થયેલ જોવા મળે છે. અર્થતંત્ર પર વ્યાપક અસર ધરાવતો આવડો મોટો નીર્ણય કરતા અગાઉ મોદી સરકારે લાખો મજુરો, ખેડુતો, આદીવાસીઓ, હળપતીઓ, માલધારી, બીમાર અપંગ વૃદ્ધ લોકો તેમજ એકલી રહેતી સ્ત્રીઓની હાલત વીશે કેમ વીચાર કર્યો નહીં હોય તે પ્રશ્ન ઉદ્ભવે છે. એમ કહેવાય છે કે દર ચારમાંથી ત્રણ વ્યક્તીઓને બેંકમાં ખાતું હોતું નથી. દીલ્હીમાં વધારે ઠંડી હોય ત્યારે ફુટપાથ પર થરથરતાં તેમણે રાત ગુજારવી પડે છે. કામની આશાએ રાહ જોઈ બેસી એવું પડે છે. કામ ન મળે ત્યારે મફત ભોજન પુરું પાડતા ટ્રસ્ટો અને મંદીરોની કતારમાં જોડાવું પડે છે. દાયકાઓથી તેઓ આવું જીવન ગુજારી રહ્યા છે. પરંતુ આવી મુશ્કેલી તેમણે ક્યારેય વેઠી ન હતી.

(માનવ અધીકારોના જાણીતા કર્મશીલ અને લેખક હર્ષ મંદરના Indian Express તા. 29- 11-'16 અંકમાં પ્રગટ થયેલ લેખનો ભાવાનુવાદ)

❑

# કેટલીક મીઠી-કડવી વાતો

**ગાર્ગી વૈદ્ય**

### ... જો દીકરી ન હોય તો

હરીયાણા રાજ્યની વીધાનસભાને દીગંબર જૈન સાધુ શ્રી તરુણવીજયજી મહારાજે સંબોધન કર્યું. વીધાનસભાઓ પણ હવે જલદીથી ભજનમંડળીઓ બની જશે એવું લાગે છે ! બંધારણીય રીતે ચુંટાયેલી એક વીધાનસભામાં એક દીગંબર સાધુના પ્રવચનના આયોજન બદલ ખાસ્સી ટીકા પણ થઈ.

પરંતુ સાધુશ્રીએ હરીયાણાની નારીવીષયક દુઃખતી રગ પર આંગળી દાબી દીધી !! આપણે જાણીએ છીએ કે હરીયાણવી સમાજને છોકરીઓ જન્મે તે ગમતું નથી. આખા ભારતમાં સ્ત્રી-પુરુષનું સૌથી વ્યસ્ત પ્રમાણમાં હરીયાણામાં છે. એટલે કે દર 1000 નરદીઠ નારીની સંખ્યા દેશભરમાં અહીં સૌથી ઓછી (800ની આસપાસ) છે. કારણ આપણે સૌ જાણીએ છીએ. છોકરીઓને જન્મવા જ દેવામાં આવતી નથી, અથવા જન્મી જાય તો જીવવા દેવામાં આવતી નથી. મહારાજશ્રીએ સુચવ્યું કે જેમને ત્યાં સંતાનોમાં દીકરી ન હોય એમને ચુંટણીમાં ઉભા રહેવાની મનાઈ કરો. વળી, એ ઘેર દીકરી ન પરણાવો જ્યાં એક પણ દીકરી ન હોય.

આભાર, સાધુશ્રી !

પણ હરીયાણાના સત્તાધીશોનું શું ? એ આવો કાનુન લાવશે ?

### બાદશાહી બાળજન્મ

રુસના મહાન લોકલેખક મેક્સીમ ગોર્કીએ વર્ણવ્યું છે કે પોતે એક ગામથી બીજે ગામ પગપાળા જઈ રહ્યા હતા. થોડેક આગળ એક ગ્રામનારી માથે ટોપલો લઈને જઈ રહી હતી. અચાનક એ બહેન અટકી. એણે પોતાનાં ઘેરદાર ભારે વસ્ત્રોમાં કશુંક ફંફોસ્યું. પછી નજીક પડેલો એક પથ્થર લઈને કશુંક ભાંગ્યું કે તોડ્યું અને એક નવજાત શીશુને પોતાના ટોપલામાં સુવાડીને વળી ચાલવા માંડ્યું !!

સંભવ છે કે સમાજ સુંવાળો બન્યો તે અગાઉ બધી પ્રસુતીઓ આમ જ થતી હશે. ગાર્ગી વૈદ્યનાં નીકટ સંબંધી પણ વારંવાર પેલી રુસી ગ્રામનારીની જેમ જ બાળજન્મ કરનાર કાઠીયાવાડી ગ્રામનારીની વાતો કરે છે.

આવા સ્વયં-પ્રસવ (દાઈ કે ડોક્ટરનીય સહાય વીના)થી માંડીને પ્રસુતીનો પ્રસંગ ક્યાં સુધી પહોંચી શકે તેનું એક ઉદાહરણ હમણાં જાપાનના ટોકીયોથી મળ્યું. એતી મીઝુગુચી હોસ્પીટલમાં પ્રસુતી - વીભાગના ઓરડાઓમાં બેહદ પોચી પથારીઓ છે. સાટીનની ચાદરો છે. વેલ્વેટનાં ઓશીકાં છે. એસી, ઝુમ્મરો વગેરે તો હોય જ. વળી, બાળક જન્મે પછી હોસ્પીટલમાં જ પાર્ટી કરવાની સગવડ છે. નવજાત શીશુ સાથે માતાને બે-ચાર કરોડની મોટરગાડીમાં વાજતેગાજતે ઘેર મોકલવાની વ્યવસ્થા છે.

ખર્ચ પુછો છો ? પ્રસુતીગ્રહમાં છ દીવસ રહેવા સહીત પ્રસુતીનો ખર્ચ માત્ર 60,00,000 (સાઠ લાખ) રુપીયા છે !

### પ્રેમ જીવાડે, પ્રેમ જ મારે

આપઘાત-નીવારણ માટેની હેલ્પલાઈન (મદદગાર ફોન સેવા) સૌ મોટાં નગરોમાં શરુ થઈ ગઈ છે. એમને મળતા સંદેશાઓમાં, મદદ કે સલાહ માટેના કૉલમાં 30 ટકા જેટલા હૃદયભંગ અંગેના હોય છે ! પ્રેમમાં નીરાશા કે દગો સાંપડવાને પરીણામે યુવક-યુવતીઓ પ્રાણ કાઢી આપે છે. 2013માં અભીનેત્રી જીયા ખાન અને 2016માં ટીવી અભીનેત્રી (બાલીકા વધુ) પ્રત્યુષા બેનરજીના આપઘાત જાણીતા છે.

કહેવાય છે કે પ્રેમ માણસને જીવાડે છે. એનું ઉર્ધ્વીકરણ કરે છે. એના વ્યવહાર અને ચારીત્ર્યમાં અભુતપુર્વ ઉંચાઈ આણે છે. અમે નાના હતા ત્યારે અમેરીકાના એક મહાન ફીલસુફ થોરોની એક પ્રસંગકથા સાંભળેલી. પ્રાકૃતીક-જીવન જીવવાના આગ્રહી થોરોએ વોલ્ડેન નામના સરોવરને કીનારે રીતસર પ્રાચીન ભારતીય ઋષીની જેમ પર્ણકુટી બાંધીને રહેવા માંડેલું.

સ્વાભાવીક સંત સમા આ સજ્જનને મળવા અને એમની સામે બેસવા અને સાત્ત્વીક વાતો સાંભળવા નજીકના ગ્રામજનો આવતા. આવા એક ગ્રામજને એકવાર થોરોને જણાવ્યું, 'સાહેબ, આપણો પેલો વીલીયમ છે ને, એ પ્રેમમાં પડ્યો છે. William has fallen in love.'

મહાત્મા થોરોએ તરત એને ટપાર્યો, '- ભાઈ, પ્રેમમાં કોઈ પડતું નથી; સૌ ઉંચે ઉઠે છે. Nobody falls in love, everybody rises in love.'

પરંતુ જ્યારે પ્રેમમાં દગાખોરી ભળે છે ત્યારે ઘણીવાર ભોળીભલી યુવતીઓ પોતાના પ્રાણ કાઢી આપે છે.

આવી હાલતથી બચવા માટે દરેક યુવતીએ કેટલીક સોનેરી વાતો યાદ રાખવી. પોતાની ડાયરીને પહેલે પાને લખી રાખવી.

• તમે જેના સંપર્કમાં હો એનું તટસ્થનીરીક્ષણ કર્યા કરવું. તમે બાગમાં બેઠાં હો અને નજીકમાં મંકોડો નીકળે તો પ્રેમી શું કરે છે એનું નીરીક્ષણ કરો. એ મંકોડાને કાળજીથી ઉપાડીને દુર મુકે તો સંબંધ

ચાલુ રાખો. મંકોડાને કચડી નાખે તો વહેલી તકે સંબંધ છોડી દો.

• પ્રેમી દુર જાય તો મસ્તકમાં એને અંગેના વીચાર સામે દીવાલ ખડી કરી દો. એ માટે ઉત્તમ માર્ગ સામાજીક-સાંસ્કૃતીક પ્રવૃત્તીઓમાં વ્યસ્ત બનવાનો છે.

• સગાં, વહાલાં, બહેનપણીઓ, પ્રોફેસરોને ખુબ મળતાં રહો.

• વારંવાર મનને સુચવો : દગો દેનાર પાપી છે. એનાથી છુટકારો મળ્યો એ જ ઠીક થયું.

• માનસચીકીત્સકને જરુર મળો.

## બાલીકા–લગ્ન

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ની બાળકો માટેની સંસ્થા યુનીસેફ દ્વારા હમણાં બાળલગ્નો વીશે અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો. એમાં જણાવાયું છે કે દેશમાં ચાર રાજ્યો ગુજરાત, રાજસ્થાન, પશ્ચીમ બંગાળ અને તેલંગણામાં બાળલગ્નોનું સૌથી મોટું પ્રમાણ છે. (વાહ, ગુજરાત !) સમસ્ત ભારતમાં સૌથી નાની ઉંમરની બાલીકાઓને પરણાવી દેવામાં ગુજરાતનો પાટણ જીલ્લો સૌથી આગળ છે !!

ગુજરાતમાં આ વર્ષની શરુઆતમાં જેમને 10-14 વર્ષના વયજુથમાં પરણાવી દેવામાં આવી હોય એવી 1,00,143 છોકરીઓ હતી. આમાંથી 4,183 છોકરીઓ તો તરત જ વીધવા થઈ હતી ! એટલું જ નહીં, એમાંથી 811ને તો તરત જ છુટાછેડા આપી દેવામાં આવ્યા હતા ! જરા વીચાર કરો : 14 વર્ષની ઉંમર થતાં પહેલાં તો વૈધવ્ય !

છોકરા-છોકરીઓને આટલી નાની વયે પરણાવી દેવાનું સામાજીક દુષણ એકવીસમી સદીમાં પણ કેમ ચાલુ છે ?

• કેટલાક જ્ઞાતીસમુહોમાં સેંકડો વર્ષોથી આવી પ્રથા ચાલી આવે છે. • ગરીબ માબાપ છોકરીના ઉછેરનો ખર્ચ વેંઢારી શકતાં નથી. • નાની વયનાં છોકરાંઓને પરણાવવાનો ખર્ચ ઓછો આવે છે. • છોકરીઓને ભણાવવાની સરકારી સુવીધાઓ ઘણી ઓછી છે. પરીણામે છોકરીઓને ઘેર રાખવા કરતાં સાસરે મોકલવામાં સલામતી અનુભવાય છે. • કેટલાક સ્થાનીક નેતાઓ અને ધનવાનો દ્વારા સમુહલગ્નો થાય એમાં બાળકોને પરણાવી દેવામાં આવે છે. આગેવાનોનો પ્રસંગ હોવાથી સામાજીક સંસ્થાઓ તેમજ પોલીસ આંખ આડા કાન કરે છે.

## પણ એ માગે કોણ ?

વીવીધ ધર્મો પાળતા, વીવીધ વતન ધરાવતાં, વીવીધ આબોહવામાં જીવતા, વીવીધ આર્થીક ક્ષમતા-સાધનો ધરાવતા જનસમુહોમાં જન્મ, લગ્ન, મરણ, સામાજીક સંબંધો વગેરેની વીવીધતા હોય એ સ્વાભાવીક છે. સામાજીક અને શૈક્ષણીક સ્તર અનુસાર પણ વૈવીધ્ય સંભવે છે. અને આ પ્રકારનાં બધાં વૈવીધ્ય છતાં રાષ્ટ્ર વીશે, નાગરીક જીવન વીશે, રાજ્ય બંધારણ વીશે, કાનુનોના પાલન વીશે એકતા હોય. હોઈ શકે. હોવી જોઈએ. આપણા મહાન લોકનેતા જવાહરલાલ નહેરુ આને વીવીધતામાં એકતા (યુનીટી ઈન ડાઈવર્ઝીટી) કહેતા. આપણા દેશે હજારો વર્ષ પર્યન્ત ઘણે અંશે આવી એકતા સીદ્ધ કરી હતી.

આનો અર્થ એ નહીં કે પરાપુર્વથી ચાલતા આવતા કેટલાક રીવાજ બદલાતા સંજોગોમાં પણ ચાલુ રાખવા. જેમ જેમ શીક્ષણ, સમજણ અને માનસીક વીકાસ થતો જાય તેમ કેટલાક જુના રીવાજ બદલવાની પણ જરુર ઉભી થાય. જે જનસમુહને એ મર્યાદા જણાય તે પોતે તે દુર કરવા પ્રયત્ન કરે. દાખલા તરીકે હીન્દુ જનસમુહોમાં પતી પાછળ બળી મરવાની સતીપ્રથા હતી, ગમે તે નાની ઉંમરે પતી મરણ પામે છતાં જીવનભર વૈધવ્ય પાળવું ફરજીયાત હતું; બાળલગ્ન હતાં, પુત્રીને બાપની મીલકતમાં અધીકાર નહોતો વગેરે વગેરે દુષણો જણાયાં. છેક ઓગણીસમી સદીથી રાજા રામમોહન રાય, ઈશ્વરચન્દ્ર વીદ્યાસાગર, કેશવચન્દ્ર સેન, વગેરે વગેરેએ આ અન્યાયકર્તા રીવાજોનો વીરોધ શરુ કર્યો. લેખન, પ્રવચન, સેવા, કાનુન-ઘડતર વગેરે વગેરે ઉપાયો દ્વારા આ દુષણો દુર કરવા પ્રયત્ન શરુ કર્યા. એમના અને પછી ગાંધીજી, આંબેડકર, જવાહર વગેરેના પ્રયત્નોથી ઘણા સુધારા થયા. હજુ કેટલાક સુધારા બાકી છે.

આમાં અગત્યનો... સૌથી અગત્યનો મુદ્દો એ છે કે હીન્દુ જનસમુહમાં આવા સુધારાની માગ અને એના માટેના પ્રયત્નો અંદરથી જ પ્રારંભાયાં હતાં.

આજે દેશના મુસ્લીમ સમાજના કેટલાક રીવાજો બદલી નાખવાનો પ્રયત્ન એ સમાજની અંદરથી શરુ થાય તે આદર્શ સ્થીતી ગણાય. જેમને મુસ્લીમ સમાજના રાહબર કવી ગણવામાં આવે છે તે કવી ઈકબાલે ગાયું છે -

**ખુદાને આજ તક ઉસ**
**કોમ કી હાલત નહીં બદલી,**
**જીસે હરદમ ન હો ખયાલ**
**અપની હાલત બદલને કા.**

એવી અંદરની સુધારા માટેની માગ ઉઠે એ જ યોગ્ય ગણાય. મુસ્લીમ સ્ત્રીઓને ત્રણ તલાકની પ્રથા અન્યાયકારી છે, એ સ્વીકારતે છતે એ પ્રથા બદલવાનું બાહ્ય દબાણ ન થાય એ ઈચ્છનીય ગણાય. ભાઈનું ઘર બદલી નાંખવાનો ઉત્સાહ કેટલો યોગ્ય ?

❑

# નવું વાચન

***મીલે સુર મેરા તુમ્હારા :*** *મીરા ભટ્ટ, પ્રકાશક : અક્ષર ભારતી પ્રકાશન, 5, રાજગુલાબ, વાણીયાવાડ, ભુજ-370001, મુલ્ય રૂ. 210.*




વીનોબાજીની વીચારધારાને સમર્પીત થયેલી કેટલીક વ્યક્તીઓએ પોતાનું જીવન સમાજને ચરણે ધરી દીધું. સેવાના ક્ષેત્રને આવકાર્યું. સમાજે જે આપ્યું તેને સ્વીકાર્યું. આવું જીવન જીવનારાઓ આજની અને હવે પછીની પેઢીને માટે પથપ્રદર્શક બની રહેશે. આજે ભૌતીક જીવન ભોગવવાનું ચરમસીમા પર છે, એટલે અન્ય માટે અગવડો વેઠનાર સમુહ નાનો ને નાનો થતો જાય છે પણ તેમ છતાં આ ઝરણું સુકાતું નથી. એક મોટા વીચારબીજનો સધીયારો સાંપડ્યો છે. એવા આ સમુહમાં મીરાબહેન અને અરુણભાઈનું નામ હોય જ. સમાજસેવાનું કામ લોકઆધારીત થઈને કરવું - રહેવું એ આશ્ચર્ય પમાડનારી અને અલભ્ય વાત લેખાય, મનાય, એમાં આ બેલડીનું જીવન પુરેપુરું પ્રેરણાદાયી બની રહે તેવું છે. એમ પુસ્તક વાંચતા સહેજે સમજાઈ જાય એવું છે.

સમાજસેવા કરવા નીકળેલા યુવાન-યુવતીઓ, ચોક્કસ આવક (પગાર) હોય તો જ આ પ્રકારના કામો થઈ શકે એવું માનનારા છે. ભવીષ્યનું શું ? બાળકોનું મા-બાપનું શું ? એમ હજી ઉભી ન થયેલી ચીંતામાં ને ચીંતામાં રહ્યાં કરે. કશું ન કરે. માર્ગ પણ ન સુઝે એમ માનનારા માટે સમાજમાં કામો પડેલા છે, એનો સહજ સ્વીકાર કરી, મોજમસ્તીથી ઉકેલવાનો પ્રયત્ન કરવાની જરુર છે. એ માટે આશા-શ્રદ્ધા અને આવશ્યક કૌશલ્ય થકી કેવું અદ્‌ભુત જીવન જીવી શકાય છે તે અરુણભાઈના જીવન-પ્રસંગો દ્વારા જાણી શકાય છે.

નારાયણભાઈ દેસાઈને પરદેશમાં એવી મુસાફરી કરતાં મેં અનુભવાયા છે. એક થેલામાં ગાંધીકથાની પોથી અને ખીસ્સામાં પાસપોર્ટ. ક્યાંય પૈસાની લેવડદેવડ કરવાની હોય નહીં. અન્ય આધારીત એટલે ખીસ્સામાં કાવડીયું સરખું પણ ન હોય ! અરુણભાઈએ કેટલીક વીદેશયાત્રાઓ પણ કરી છે. જેમાં આફ્રીકા-સાયપ્રસ, લંડન, મોરેશીયસ. એમાં પણ થેલામાં વીનોબાના ગીતાપ્રવચનો. તેમજ પાસપોર્ટ, રુપીયા વગરની મુસાફરી કારણ કે જનઆધારીત પ્રવાસ. આ બધા જ પ્રવાસો પ્રેરક-પ્રશંસનીય છે પણ સાયપ્રસમાં શાંતી-મીશનમાંનો અનુભવ ટાંકવા જેવો છે : "એક ઠેકાણે જોવા ગયા તો ઘણીબધી બહેનો અને બાળકો વચ્ચે કશીક રકઝક ચાલતી હતી. બે બહેનોના હાથમાં બે નાનકડાં બાળ હતાં. એકના હાથમાં ઘણા બધા ફુગ્ગા હતા અને બીજાના હાથમાં થોડા હતા, તે પહેલા બાળક પાસેથી વધારે ફુગ્ગા મેળવવા હાથ લંબાવતો હતો. પણ પેલો બાળક પોતાના ફુગ્ગા પાછા ખેંચી લેતો હતો ! બંને બાળકોની માતાઓ અને બીજી બહેનો બાળકોને એમની ભાષામાં કાંઈક સમજાવતી હતી, પણ બંને બહાદુરો બાળહઠે ચઢેલા ! થોડીવાર આ ખેંચતાણનો તમાશો જોયા કર્યો અને પછી અરુણભાઈ મેદાનમાં ઉતર્યાં. ભાષા તો મદદે ધાય તેવું હતું જ નહીં, એટલે ફુગ્ગો માંગનાર બાળકને ગુજરાતીમાં કહે, 'તારે ફુગ્ગો જોઈએ છે ને ! ચાલ, આપણે ભાઈને સમજાવીએ !' એ બાળકની સહાનુભુતી પ્રાપ્ત કરી બીજા બાળક પાસે જઈને કહે, 'વાહ ભાઈ ! તારી પાસે તો ઘણા બધા ફુગ્ગા છે ને ! લાલ, ગુલાબી, ભુરો, પીળો !... ચાલ આપણે આમાંથી એક આ ભુરો ફુગ્ગો ભાઈને આપી દઈશું ? બીચારાને કેટલું બધું રડવું આવે છે !' પણ પેલા બાળકે તો પોતાના બેઉ હાથ ખેંચી લીધા અને પોતાની ચોખ્ખી અસંમતી પ્રદર્શીત કરી દીધી ! વળી પાછા પહેલા બાળકને થોડુંક આશ્વાસન આપી, બીજા સાથે કાલાવાલા આદર્યા... બધો સંવાદ ગુજરાતી ભાષામાં જ ચાલે ! હવે તો આખા ટોળાની સહાનુભુતી ફુગ્ગો માંગનાર બાળકના પક્ષે અને સૌ પેલાને સમજાવવા લાગ્યા કે, 'આપી દેને ! આપણો ભાઈ છે ને ! એક આપી દે. તારી પાસે તો આટલા બધા છે !' થોડી પળોની રકઝક અને નૈતીક દબાણ આવવાથી આખરે નાછુટકે પેલા બાળકે પોતાનો એક ફુગ્ગો સામે ધર્યો. ફુગ્ગો હાથમાં આવ્યો ને તરત એની મા બોલી કે, 'લાવ હું તને ફુગ્ગો ફુલાવી દઉં !' કહીને પોતાના મોંમાં મુકવા જાય ત્યાં પેલા બાળકે માના મોંમાંથી ખેંચી અરુણભાઈના મોંમાં ફુલાવવા ખોસી દીધો !"

મીરાબહેન સીદ્ધહસ્ત લેખીકા છે. મારા મતે તેમની લેખીની તો મોહીની જગાડનારી છે. વીનોબા પદયાત્રામાં પહોંચ્યા એનું કેવું સુંદર વર્ણન છે : 'ધુળમાં રગદોળાતું એક

ફુલ સતત પદયાત્રા કરતાં એક મહાયાત્રીકના પાદપંકજમાં પહોંચી ગયું ! બાકી અત્યાર સુધીનું મારું જીવન તો કોક પાંદડા પર ઝીલાયેલા ઝાકળબીંદુ સમું હતું. જેની ભીતર વીસ્તરતી રંગરેખાઓએ જીવનની કશી વણદીઠી સુંદરતાનો અણસાર માત્ર મને આપ્યો હતો !'

વીનોબા સાથેની પદયાત્રામાં અરુણભાઈ સાથેનું મીલન એમને 'સહજીવન' તરફ દોરી ગયું. 'સ્વ'થી 'વીશ્વ' અને અંતે 'વીશ્વેશ્વર' સુધીની યાત્રામાં સહજીવન સહભાગી બન્યું. એના દ્વારા આંતરવીકાસ થયો. એની વાત પણ મીરાબહેને પાને પાને માંડી છે. આ જ તો જીવન છે. જેમાં સમાજ સાથે સ્વનો વીકાસ અધ્યાત્મના મારગે દીનપ્રતીદીન થતો રહે. એ સમજણ વીકસતી જાય અને એમાં જ સાચો આનંદ છે. એ સમજાય. એ માટેનો પ્રયત્ન, એ પ્રકારનું કામ, એવા મીત્રોનો સાથ સહકાર આ બેલડીને સહજ રીતે મળ્યો. વીનોબા સાથેની પદયાત્રા પણ ચાલતી રહી. ક્યારેક નાની અમીને લઈને, ક્યારેક અનીકેતને લઈને; એકબીજાના કામોની, જવાબદારીની વહેંચણી કરતા રહે અને સંસાર વ્યવહારનું ગાડું ગબડાવતાં રહે.

મીરાબહેને અરુણભાઈના માતા દુર્ગાબાનું સુંદર અને રોચક વર્ણન, 'શાંત શક્તીની મુરત - દુર્ગાબા' નામના પ્રકરણમાં લખ્યું છે : 'દુર્ગાબહેનનું દામ્પત્યજીવન પ્રારંભથી જ પર્વતારોહણ સમું હતું ! એમની ખુબી એટલી જ કે બધા જ અંતરાયોને એમણે અવરોધો ન માન્યા, બલકે આરોહણ માની એકેક ટુંક પાર કરતાં ગયા.' દુર્ગાબહેન અંગે એક સ્થળે એમ પણ જણાવ્યું છે કે, 'આજકાલ આ ખમી ખાવાનું સહી લેવાનું શીલ હવે સ્ત્રીઓને માન્ય નથી. હવે હક માટે લડવાનું શીલ નીર્માણ કરવાની વાત છે. સમજવાની જરુર આટલી જ છે કે બીજા પ્રકારના શીલ-નીર્માણ કરતાં પહેલા આ પ્રકારનું શીલ અનેકગણી વધારે તપસ્યા, સમજણ અને તીતીક્ષા માંગી લે છે. બીજામાં કોઈની સામે રહીને ઝુઝવાનું છે. પહેલામાં સૌને સાથે રાખીને ઝુઝવાની વાત છે !'

દુર્ગાબાનું વર્ણન વાંચતાં ગાંધીજીના સત્યાગ્રહમાં જોડાયેલા નવયુવકોની પત્નીઓની દશાઓનો વીચાર કરુણા ઉભી કરે છે. મહાદેવભાઈ વીશે લખતાં, નારાયણભાઈ દેસાઈએ એમની બા દુર્ગાબહેન અંગે લખ્યું છે ને કે સ્નેહધામ સુનાં સુનાં. મહાદેવભાઈ ક્યાં રેલમાં (ગાંધીજી સાથેના પ્રવાસમાં) ક્યાં જેલમાં. તેમ આત્મારામભાઈ માટે કહેવાતું કે, 'બંદો કાં મેડીએ ને કાં બેડીએ'. આવા યુગલો સ્વરાજ આંદોલનમાં પ્રેમથી જીવ્યા.

વીચારોને વરેલું જીવન ! સાદાઈ, અપરીગ્રહ, જાતમહેનત વગેરે મુલ્યો જ ઘરની શોભા. માતા-પીતા બન્ને સમાજને વરેલાં. એમના બાળકો પણ સમાજ માટે જ સમર્પીત થયા. બે બાળકો સાથે સંસારનું ગાડું ગબડાવવામાં મુશ્કેલી તો આવે જ. ભણાવવાની, પરણાવવાની જવાબદારીની સાથે સાથે પાછું વીનોબા તરફથી કે સમાજ તરફથી આવતી માંગણીઓ સમયે બીજી કોઈ આવી સમસ્યાઓનો વીચાર કર્યા વગર ઝંપલાવવાનું. આ બન્નેના હાડમાં જ. તેથી ક્યારેક દુષ્કર પરીસ્થીતી પણ આવી ચડે. જેમ કે વડોદરામાં ભારે વરસાદને કારણે ઘરમાં અને અન્યત્ર પાણીનો પ્રકોપ વધ્યો. એ વખતે અરુણભાઈ ઘરે નહીં. એકલપંડે શરીર સાથે સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો. એ હાલતનું વર્ણન વાંચીને હસવું કે રડવું એમ થાય ! મીરાબહેન લખે છે કે : અમારું સાંસારીક જીવન સાવ 'આકાશી વૃત્તી'થી તો ચાલ્યું નથી કે સાવ જનાધારીત પણ નથી. પરંતુ મીત્રોને આધારે ચાલ્યું છે. ન અરુણે કદી કોઈ નોકરી- ધંધો કર્યો, ન મેં. ન કોઈ સંસ્થામાંથી કે કોઈ કેન્દ્રીય ફંડફાળામાંથી અમારો ગુજારો ચાલ્યો. અમારો ગુજારો અમારા 'ભરોસા'એ ચલાવ્યો.

એ જ ભરોસાએ એમને વડોદરામાં ઘર મળ્યું. ભાવનગરના ઘરની રોચક વાતો પણ પુસ્તકમાં છે. એ ખરીદનારની પણ હૃદયસ્પર્શી વાત વણાઈ છે. એમાં પ્રગટ થયેલું પ્રેમતત્ત્વ સ્પર્શી જાય તેવું છે. રાજુભાઈ મહંત પોતાના ઘરમાં વસવાટ કરવાનું સામેથી આમંત્રણ આપે છે. આ કેટલી મોટી, માની ન શકાય તેવી ભરોસાની ભેટ !

છેલ્લે જે જીવાયું, અનુભવાયું અને આવેલ અણસારને 'આતમરામનો અણસાર' એ પ્રકરણમાં સુપેરે ઝીલાયું છે :

**"જીંદગીને પાછા ફરીને મુલવવા જઈએ તો સમજાય છે કે આ નીયતીને પણ એની કોઈ નીયતી હોવી જોઈએ. Destiny has its destination અને આ નીયતીનો નીયંતા એ જ પરમેશ્વર, આવું કાંઈક સમજાય છે.**

**"પરંતુ જીવનને આંગણે સમજણની કળી હજુ ફુટુંફુટું થતી હોય ત્યારે 'ભગવાન' નામની હસ્તીની ઓળખરેખાઓ પાણી પર અંકાતી રેખાઓ જેવી જ અલપઝલપ, ધુંધળી હોય, એની કોઈ નીશ્ચીત આકૃતી ન હોય ! આરંભમાં તો શબ્દરુપે જ પ્રભુ ભીતર વસેલા મંદીરનો ઘંટારવ બનીને આવે. 'ભગવાન' શબ્દ વાતાવરણમાંથી ઝીલાતો આવે. ત્યારબાદ જીવનની નાનીમોટી ઘટનાઓમાં અચાનક 'અકસ્માત' બનીને ટપકી પડતો આવે, ક્યારેક વળી સપનામાં પણ અવનવા રુપ ધારણ કરી પ્રગટ થતો રહે. એની ગતીવીધી તો એ જ જાણે, પણ મેં તો ત્યારે આટલું જાણી લીધું કે મારી સાવ સમીપે કોઈ હોય તો આ ભગવાન છે. સાવ અડોઅડ, લગોલગ."**

અને 4 નવેમ્બર 2016ના રોજ મીરાબહેન સદાને માટે લગોલગ પહોંચી ગયા. એમની સ્મૃતીને શત શત

વંદન...! આવું આવું એ અઢળક લખી ગયાં છે, આપણને પ્રબુદ્ધ કરવા અક્ષરદેહે પ્રત્યક્ષ છે જ. આવો સુંદર અક્ષરદેહ પ્રગટ કરવા માટે આપણે રમેશભાઈ સંઘવી અને અક્ષર ભારતી પ્રકાશનના સદાય ઋણી રહીશું.

**– ભદ્રા સવાઈ**

***પાઠલેખક પરીચય :*** *લેખક - ડૉ. રમેશ પંડ્યા, સંપાદક - ડૉ. બી. એમ. દવે, પ્રાપ્તીસ્થાન : ગુર્જર, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 390.*




માતૃભાષાનાં પાઠ્યપુસ્તકો વારંવાર બદલાતાં રહે છે, તેથી અત્યાર સુધીમાં પ્રસીદ્ધ થયેલાં તમામ ધોરણોનાં લેખક - કવીઓનો પરીચય આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે. નરસીંહ મહેતા - ગંગાસતીથી લઈને પન્ના નાયક - ધ્રુવ ભટ્ટ સહીતનાં 151 સર્જકો, કલમકસબીઓ વીશે ઉપયોગી સંદર્ભોનો આ સંચય છે. સંપાદકે પુસ્તક અંગે નોંધ્યું છે :

'પાઠલેખક પરીચય' ગ્રંથ માટેનું નવું પરીરૂપ તૈયાર કરવામાં આવ્યું, જેમાં શરુઆતમાં જન્મતારીખ, જન્મસ્થળ, વતન તથા અવસાનની તારીખ અને તેમના સાહીત્યસર્જન (પ્રકાશનો)ની યાદી મુકવાનું નક્કી કરવામાં આવ્યું. ત્યાર પછી લેખકની જીવન-ઝરમર, સાહીત્ય-સર્જનની વીશીષ્ટતાઓ, તેમને મળેલાં માન-સન્માન - પારીતોષીકો તથા ચંદ્રકોની માહીતી ઉપરાંત તેમના સાહીત્ય વીશેના અન્ય સાહીત્યકારોના નોંધપાત્ર અભીપ્રાયોનો સમાવેશ અને અંતે લેખકની જાણીતી કૃતીઓના કેટલાક અંશો કે પંક્તીઓ સમાવી લેવાનું આયોજન કર્યું છે.

માત્ર વીદ્યાર્થીઓ માટે જ નહીં તમામ સાહીત્યપ્રેમીઓ અને પત્રકારો માટે ઉપયોગી ગ્રંથ.

***બાળપુષ્પોને મહેકવા દો ! :*** *ડૉ. ઉર્મીલા શાહ, પ્રકાશક : ગુર્જર, મુલ્ય : રૂ. 170.*




બાળક - કીશોરકેન્દ્રી કક્ષામાં આવે એવું લેખીકાનું આ પંદરમું પુસ્તક છે, જે પૈકી બે પુરસ્કૃત પણ થયાં છે. પુસ્તકના 41 પ્રકરણોમાં પાને-પાને બાળકો પ્રત્યેનો તેમનો નર્યો પ્રેમ નીતરતો જોવા મળે છે :

• બાળક આપણો સ્નેહ, આપણા તરફથી સહીસલામતી અને આપણી સહભાગીદારી ઝંખે છે અને એને તે મળે તો જ તે ખીલે છે, પાંગરે છે અને વીકસે છે. બાળકને આપણે જ્યારે શીક્ષા કરીએ છીએ ત્યારે તે આપણી નબળાઈની અભીવ્યક્તી છે, એ આપણી હાર છે. (પૃ. 5)

• શીક્ષકો !... એ પણ માત્ર કોર્સ પુરો કરવા પર જ તેમનો ડોળો... ક્યારેક તો 'Easy Easy repeated, Hard Hard, Omited and course is completed' ની જેમ જ કોર્સ પુરો થતો હોય ચારે બાજુ આ જ આત્મવંચનાનો માહોલ ! (પૃ. 38)

• બાળક નાનું હોય ત્યારથી એની આસપાસના વાતાવરણનું અતીસુક્ષ્મ અવલોકન કર્યા જ કરતું હોય છે અને એ અવલોકન કરીને એની બુદ્ધીના સ્તર પ્રમાણે એ પરીસ્થીતીને સમજવાનો પ્રયત્ન કરે છે. અને એ નીરીક્ષણ પછીનો તબક્કો છે અનુસરણનો, આપણે જે રીતે વર્તતા હોઈશું, બોલતાં-ચાલતાં હોઈશું એમ જ બાળક વર્તશે. (પૃ. 87)

• 'મારું બાળક ઘણી પ્રગતી સાધી શક્યું છે' તેવું ગર્વભેર ડોક ઉંચી રાખી કહેવું હોય તો તેની પાછળ માબાપે પોતાનો સમય, શક્તી બંનેનું બલીદાન આપવું જ પડે. તપ વીના ક્યારેય સીદ્ધી શક્ય બને ખરી ? (પૃ.134)

બાળવીકાસ અને પેરેન્ટીંગ માટે ઉપયોગી પુસ્તક.

***ખોવાઈ ગયેલું ગામ :*** *માવજી મહેશ્વરી, ગુર્જર પ્રકાશન, મુલ્ય : રૂ. 130.*




અહીં ઉર્મીઓના ઉછાળની રસભરી 20 નવલીકાઓ સંગ્રહ થયો છે. લેખકે વાર્તાસંગ્રહો ઉપરાંત નીબંધસંગ્રહો, નવલકથાઓ તથા અન્ય સાહીત્ય પ્રકારોમાં પ્રદાન કર્યું છે. પુસ્તકના નીવેદનમાં લેખકે નોંધપાત્ર વાત કહી છે :

'રણ અને દરીયો એવાં બે પરીમાણોથી જાણીતા કચ્છના ગુજરાતી કથાસાહીત્યમાં કચ્છની મુળ ઓળખ એવું કૃષીજગત જ સમુળગું રહી ગયું. મારા પુર્વસુરીઓ સામે મને કોઈ ફરીયાદ નથી. ટુંકી વાર્તા દ્વારા કૃષીજગતના આલેખનની શરુઆત મેં કરી તેનો મને આનંદ છે, પરંતુ અઢી દાયકા બાદ જ્યારે ફરી કૃષીજગતની વાર્તા લખું છું ત્યારે અકળ અજંપો ઘેરી વળે છે. હું ખોવાઈ ગયેલાં, ખોવાતાં જતાં ગામોને વીષાદભરી નજરે જોઈ રહું છું. આ નીયતીનો ખેલ છે, પણ એની અસરોથી મોં ફેરવી લેવાનું મને ન પાલવે. આ સંગ્રહમાં બદલાતા કચ્છનો નવો જ ચહેરો જોવા મળશે એવું હું માનું છું.'

કૃષી અને ગ્રામીણ જીવન ઉપેક્ષીત થતાં જાય છે ત્યારે પ્રગટ થયેલ આ પુસ્તકને આવકાર. **– ઈ૦**

**સાભાર સ્વીકાર :**

**જીવનની સફળતા-સાર્થકતાના સોનેરી ઉપાયો :** પ્રવીણચંદ્ર ઠક્કર, પ્રકાશક : જયશ્રીબહેન દેવચંદભાઈ સાવલીયા, વીશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ - બગસરા, જી. અમરેલી- 365440. મુલ્ય : રૂ. 10. (19 આવૃત્ત / 1 લાખ પ્રત પ્રગટ થઈ છે.)

**અદનો આદમી બદ્રીભાઈ** : સંપાદક - પ્રા. બીપીનચંદ્ર ર. ત્રીવેદી પ્રકાશક - મહેન્દ્રસીંહ કરમરીઆ, પ્રાપ્તીસ્થાન - શાંતીગ્રામ નીર્માણ મંડળ, તણછા, તા. આમોદ, જી. ભરુચ. મુલ્ય : પ્રતીભાવ. ❑

# દક્ષીણાયન - સ્વાતંત્ર્યની અભીવ્યક્તી

**હરેશ મકવાણા**

આજકાલ દેશ આર્થીક અરાજકતામાંથી પસાર થઈ રહ્યો છે. બીજી બાજુ આતંકવાદ વકરી રહ્યો છે. ભ્રષ્ટાચારનો અજગર ભરડો લઈ રહ્યો છે. સરહદ પર સૈનીકો શહીદ થઈ રહ્યા છે. ગરીબી, મોંઘવારી, રોજગારી, ભ્રષ્ટાચાર અને દુ:ખની વાત લોકોને ભુલાવવામાં આવી રહી છે. છેલ્લા ઘણા સમયથી દેશમાં વધતી જતી અસહીષ્ણુતા અને અભીવ્યક્તી સ્વતંત્રતા પર લગાવવામાં આવેલ પ્રતીબંધથી સમાજના સામાજીક નીસ્બત ધરાવતા સાહીત્યકારો, બુદ્ધીજીવીઓ, કર્મશીલો, પત્રકારોની સાથે સાથે સામાન્ય માણસ પણ હેરાન-પરેશાન થઈ ગયો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહેલું - 'બંધારણનું કેન્દ્ર બીંદુ ભારતનો સામાન્ય માણસ બનશે.' ભારત દેશને આઝાદ થયે ઘણા વર્ષો થવા છતાં દેશમાં આઝાદી અને લોકતંત્ર છે ખરાં ? દેશને આઝાદ કરવા માટે દરેક ધર્મ અને જાતીના લોકોએ ખભેખભો મીલાવીને પોતાનું બલીદાન આપ્યું છે. તેમ છતાં અલગ-અલગ ધર્મોમાં વીદ્વેષ ફેલાવીને અંદરોઅંદર ઝઘડો અને ડર ઉભો કરવામાં આવે છે. આપણું સંવીધાન ગૌરવપુર્ણ હોવા છતાં જાતીવાદનું પાતક મટતું નથી. થાનગઢ અને ઉના કાંડ તેમજ દેશભરમાં દલીતો ઉપર અત્યાચાર થતા જોવામાં આવે છે. આ દેશમાં દલીતોની દુર્દશા અને તેમના ઉપર થતા અત્યાચારે માઝા મુકી છે. ચારેબાજુ નફરતની રાજનીતીનો ઉન્માદ વ્યાપી ગયેલો જોવા મળે છે. આજે ધર્મ એ સત્તા અને પ્રતીષ્ઠા પામવાનો વીષય બની ગયો છે. ધર્મ અને કટ્ટરતાના નામે લોકોની માનસીકતા વીકૃતીનું સ્વરુપ ધારણ કરી રહી છે. ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ સીસ્ટમ માનવતાની, સ્વાતંત્ર્યની અને સ્વાભીમાનની બલી લેતી રહી છે. કર્ણાટકના પ્રગતીશીલ લેખક ડૉ. એમ. એમ. કુલબુર્ગીની ધોળે દહાડે હત્યા કરવામાં આવી. એના પહેલાં પુનામાં ડૉ. નરેન્દ્ર દાભોલકર અને કોલ્હાપુરમાં કોમરેડ ગોવીંદ પાનસરેની પણ હત્યા કરવામાં આવી હતી. આ ત્રણેયના હત્યારાઓ પર હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં નથી આવ્યા. આવા પ્રગતીશીલ વીચારના લોકોની નીર્મમ હત્યા થવાથી દેશભરમાંથી સાહીત્યીક, વીચારવંત અને કલાકારોએ સાહીત્ય અકાદમી અને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલ એવોર્ડ પાછા આપ્યા. આ ઘટનાએ વીશ્વની નજર ખેંચી.

ધર્મનીરપેક્ષતા અને દેશપ્રેમની વાત કલમ દ્વારા આગળ લાવવા તેમજ સ્વાતંત્ર્યની અભીવ્યક્તી માટે કટ્ટરપંથીઓને ચીંતનથી જવાબ આપવા તેમજ અભીવ્યક્તી કરવાનું આસાન થાય અને સામાન્ય માણસ સુખેથી જીવન જીવી શકે તે માટે 'દક્ષીણાયન - એક આંદોલન' આ ભુમીકા પર ડૉ. ગણેશ દેવીએ શાંતીપુર્ણ અને કટ્ટરપંથીઓનો વીરોધ કરવા માટે અભીવ્યક્તી સ્વતંત્રતામાં માનવાવાળા બુદ્ધીજીવી, સાહીત્યકારો, કર્મશીલો, પત્રકારો વગેરેને એકમંચ પર આવવા જણાવ્યું. તેના જવાબમાં સામાજીક નીસ્બત ધરાવતા લોકોએ પોતાનો સુર પુરાવ્યો અને 'દક્ષીણાયન' આંદોલનનો જન્મ થયો. આજે આ દક્ષીણાયન આંદોલન સાહીત્ય, કલા, સીનેમા અને નાટક જેવા માધ્યમ દ્વારા નીર્ભય અભીવ્યક્તીનું સામુહીક કાર્ય બન્યું છે. ધર્મ-પંથ, જાતી, વર્ગ-વર્ણ, ભાષા-લીંગ, આ બધાથી ઉપર શુદ્ધ માનવીય અને પ્રાકૃતીક પર્યાવરણની સાથે જીવનશૈલી અપનાવવાવાળા લોકોનું આ આંદોલન છે. દક્ષીણાયન કોઈ રાજનૈતીક પાર્ટી સાથે સંબંધ રાખતું નથી.

દક્ષીણાયનના પ્રથમ ચરણમાં - પુના, કોલ્હાપુર, ધારવાડમાં સંવાદયાત્રા યોજી. બીજા ચરણમાં ગુજરાતમાં 'સર્વ ભાષા સંવાદ' નામે દાંડીયાત્રા કાઢવામાં આવી. દક્ષીણાયનના ત્રીજા ચરણરુપે ગોવામાં 'રાષ્ટ્રીય દક્ષીણાયન અભીવ્યક્તી પરીષદ'નું દત્તા નાયક તેમજ મીત્રો દ્વારા તા. 18, 19, 20 નવેમ્બર-2016ના રોજ રવીન્દ્ર ભવન, મડગાંવ ખાતે આયોજન કરવામાં આવ્યું. આ દક્ષીણાયન રાષ્ટ્રીય પરીષદમાં ભારતભરમાંથી એક હજારથી વધુ સંખ્યામાં સાહીત્યકાર, કર્મશીલો, બુદ્ધીજીવીઓ અને પત્રકારો ઉપસ્થીત રહ્યા. તેમાં ખાસ કરીને બસોવીસ જેટલા સાહીત્યકારોએ પોતાનો એવોર્ડ પાછો આપ્યો હોય તેમણે ભાગ લીધો હતો. તેમાં હમીદ દાભોલકર, મેઘા પાનસરે અને વીજય કલબુર્ગી દ્વારા લોકશાહી




**ડાબી બાજુથી સર્વશ્રી નીખીલ વાગલે, રાજુ નાયક, પ્રકાશ ન. શાહ અને સાગરીકા ઘોષ**

હકોનો ઉપયોગ કરી સંવીધાનમાં રહીને અન્યાય સામે લડત આપી શાંતી અને સત્ય માટે પોતાની રજુઆતો કરી હતી. જ્યારે દેશભક્તી, રાષ્ટ્રવાદ અને માનવતાને લઈને રાજદીપ સરદેસાઈ, સ્વાતી જોશી, સરુપ ધ્રુવએ ચોટદુક અને વેધક રજુઆત કરી હતી. માર્ટીન મેકવાને આજની સ્થીતીએ દલીતોની પીડાની વાત કરી અને અફસોસ વ્યક્ત કર્યો હતો કે આજે પણ દલીત-બીનદલીતનું વીભાજન જતું નથી. પ્રસાર માધ્યમ - લોકતંત્ર અને સ્વાતંત્ર્ય વીષય ઉપર સાગરીકા ઘોષ, નીખીલ વાગલે, પ્રકાશ ન. શાહ અને રાજુ નાયકે ખુલ્લી ચર્ચામાં ધારદાર રજુઆત કરી હતી. આજે પણ નાગરીકો અને પત્રકારો ડરે છે તે કેવી લોકશાહી ? 'રુલ ઓફ લો' ઈન્ડીયામાં છે ખરો ? જેવા પ્રશ્નો દ્વારા આજે ચાલી રહેલી તાનાશાહી ઉપર વેધક સવાલો ઉઠાવ્યા હતા.



મંચસ્થ મહાનુભાવો જાહેર સંમેલન વેળા...

જાણીતા અભીનેતા આમોલ પાલેકર અને સંધ્યા ગોખલેએ સેન્સરશીપ ઉપર ચીંતા વ્યક્ત કરી હતી. યોગેન્દ્ર યાદવે 'ભારત એક ચૌરાહે પર' અંગે અસરકારક વીચારો રજુ કર્યા હતા. કવી સંમેલનમાં ગુજરાતમાંથી કાનજી પટેલ, પ્રવીણ ગઢવી, અનીલ જોશી, નગીન ડોડીયા, સાહીલ પરમાર વગેરેએ પોતાની કવીતા રજુ કરી હતી. રાષ્ટ્રવાદની સાચી વ્યાખ્યા 'કેમલુપ્સકી મછલીયાં' નાટકના ઉદાહરણ દ્વારા આતમજીત સીંઘે આપી હતી. તેમજ આનંદ પટવર્ધન નીર્મીત 'જય ભીમ કોમરેડ' ફીલ્મ પ્રસ્તુત કરવામાં આવી હતી. સંભાજી ભગત દ્વારા વીદ્રોહી શાહીરી જલસા રજુ કરવામાં આવ્યા હતા. ચંદીગઢથી આવેલ રંગકર્મી ગ્રુપની બાળાઓએ 'વારીસ' નાટક ભજવ્યું હતું. જ્યારે દલીત કલા મંડળી, કર્ણાટકના યુવાનોએ સુરીલા કંઠે ગીતો રજુ કર્યા હતા. રવીન્દ્ર ભવનથી શાંતીપુર્ણ સંકલ્પ યાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા લોહીયા મેદાને પહોંચી ને ત્યાં જાહેર સભામાં ફેરવાઈ હતી.

## કાર્યદક્ષ તબીબ દક્ષાબહેનની ચીરવીદાય...

**તા. 30મી નવેમ્બરે ડૉ. દક્ષાબહેને અમેરીકા ખાતે અંતીમ શ્વાસ લીધો... જયપ્રકાશજીના જીવન-કાર્યથી આકર્ષાઈને કેટલાક સાથીઓ પોતાની ઝળહળતી કારકીર્દીને ઠોકર મારીને રચના અને સંઘર્ષ ક્ષેત્રે સક્રીય થયાં; પોતાનું સમગ્ર જીવન 'આર્ચ' સંસ્થા સ્થાપીને તેના દ્વારા સેવાક્ષેત્રે સમર્પીત કર્યું. તેમાં તબીબદંપતી ડૉ. દક્ષાબહેન અને ડૉ. અનીલ પટેલ અલગ તરી આવે છે. '80ના દાયકાના આરંભે તેઓએ અન્ય સાથીઓ સાથે નર્મદાતટે માંગરોળ (તા. રાજપીપળા) ખાતે સ્થાયી વસવાટ શરુ કર્યો. વંચીત સમાજના આદીવાસીઓને આરોગ્યસેવા આપવાની શરુ કરી. અન્ય સાથીઓએ પણ આદીવાસીકલ્યાણના કાર્યો શરુ કર્યા. એ જ સમયગાળામાં નર્મદા નદી પર સરદાર સરોવર ડેમનું બાંધકામ જોરશોરથી શરુ થયું. ડેમના અસરગ્રસ્તોનું પુનર્વસન માનવીય**



**ધોરણે થાય તે માટે લોકજાગૃતી, સાહીત્યપ્રચાર, રેલીઓ દ્વારા આ સાથીઓ સતત કાર્યરત રહ્યા. ગધેર, વડગામના આદીવાસીઓની વીશાળ રેલીઓમાં જોડાવાનો લાભ મને પણ મળ્યો હતો. 'અમે માગેલી પુનર્વસન નીતી મળી છે તો તેનો સુપેરે અમલ થાય તે જોવાની અમારી ફરજ છે' એ દૃષ્ટીએ સહુ સાથીઓ કેટલાક સમય માટે સક્રીય રહ્યા. ડૉ. સુદર્શન આયંગાર તથા તેમના જીવનસાથી લક્ષ્મીબહેને પણ અમદાવાદ છોડીને રાજપીપળા ખાતે વસવાટ કર્યો હતો. જરુર પડ્યે 'આર્ચ'ના સાથીઓ હાઈકોર્ટમાં પણ ગયાં... જોકે છેલ્લાં કેટલાંક વર્ષોથી ડૉ. દક્ષાબહેને ધરમપુરમાં રહીને આ અત્યંત પછાત વીસ્તારના આદીવાસીઓને સારી આરોગ્યસેવાઓ મળે તે માટે નક્કર કામગીરી કરી, આરોગ્ય સેવાની તાલીમો આપી. આ દંપતી વર્ષે એકવાર અમેરીકાની મુલાકાત Fund raising લેતાં. બંનેએ વીદેશવસવાટ છોડીને ગ્રામીણ જીવન પસંદ કરેલું. માટે દક્ષાબહેન અમેરીકા ગયેલાં; બીમાર પડ્યાં અને ટુંકી માંદગી બાદ અવસાન પામ્યાં... ડૉ. દક્ષાબહેનને સ્મરણાંજલી...**

**- ઈo**

❑

આ દેશ કોઈ ધર્મ અને સંપ્રદાયનો નથી પણ ઈન્સાન અને ઈન્સાનીયતનો દેશ છે. સુફી- સંતોનો દેશ છે. બધા ધર્મોની સારી વાતોનો સમન્વય થાય અને સર્વધર્મ સમભાવની ભાવના કેળવાય તેમજ વીચાર પરીવર્તન, ભાષા પરીવર્તન અને વૈચારીક બદલાવ દ્વારા સકારાત્મક ચીત્ર ઉભું થાય તે માટે આ આંદોલન નવો રસ્તો શોધશે તેવી સૌએ આશા વ્યક્ત કરી હતી. હાલમાં રાજકીય અને ધાર્મીક તાકાતોથી સામાજીક સમરસતા અને સાંસ્કૃતીક બહુવીધતાને જોખમ ઉભું થયું છે. આને એક પડકાર સમજીને નીશ્ચીત કાર્ય કરવાના ઉદ્દેશ્યથી દક્ષીણાયન આંદોલને પગલું ઉપાડ્યું છે, જે આજની તાતી જરુરીયાત છે. વર્તમાન પરીસ્થીતીનો સામનો કરવા માટે દક્ષીણાયનની નીતી સુનીશ્ચીત કરવાની સંપુર્ણ જવાબદારી ડૉ. ગણેશ દેવી, દત્તા નાયક, ઉત્તમ પરમાર, કાનજી પટેલ, મનીષી જાની, સંદેશ ભંડારે, શંકર હલગટ્ટી વગેરે મીત્રોએ સંભાળેલ. તેમજ ડૉ. નરેન્દ્ર દાભોલકર, ડૉ. એમ. એમ. કલબુર્ગી અને કોમરેડ ગોવીંદ પાનસરેની હત્યાનો ન્યાય નહીં મળે ત્યાં સુધી નારાઓથી નહીં પણ ચીંતનથી સૌએ સાથે રહીને લડત આપવાનું નક્કી કર્યું હતું. આ રાષ્ટ્રીય પરીષદમાં ગુજરાતમાંથી હીમાંશી શેલત, પ્રકાશ ન. શાહ, ભરત મહેતા, સરુપ ધ્રુવ, સ્વાતી જોશી, માર્ટીન મેકવાન, કીશોર ગૌડ, કાનજી પટેલ, મનીષી જાની, ઉત્તમ પરમાર, બકુલ ટેલર, રમેશ સોલંકી, વીનોદ ગાંધી, વીક્રમ ચૌધરી, અશોક ચૌધરી, દમયંતીબેન પારેખ, હેમંતકુમાર શાહ, નગીન ડોડીયા, કીર્તી માંડલેવાલા સહીત પચાસથી વધુ સાહીત્યકારો, કર્મશીલ અને બુદ્ધીજીવીઓએ પ્રતીનીધીત્વ કર્યું હતું.

સાહીત્ય અને કલાના ઈતીહાસમાં આટલી સ્થીરતાથી, સ્પષ્ટતાથી અને ગંભીરતાથી પ્રગતીશીલ વીચારના લોકોએ ભેગા મળીને પુરા ત્રણ દીવસ મનોમંથન કર્યું હતું. બંધારણના મુલ્યો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનું જતન કરવું તેમજ ભારતીય સંસ્કૃતીનો ચીરંજીવ આદર્શ 'વસુધૈવ કુટુંમ્બકમ્'ને જીવંત રાખી વૈશ્વીક માનવવાદના સંસ્કાર કેળવાય તે માટે દક્ષીણાયન સતત પ્રયત્નશીલ રહેશે. નફરતની સામે પ્રેમ વહેંચીને દક્ષીણાયન આંદોલન એ નવો રસ્તો શોધીને અભીવ્યક્તી કરવાનું સરળ થાય, સામાન્ય માણસ પોતાની વાત બેધડક રજુ કરી શકે તેવા સત્ય તરફ પ્રયાણની શરુઆત કરી હતી. મજરુહ સુલતાનપુરીએ કહ્યું છે -

**'मैं अकेला ही चला था, जानी-बे-मंजील मगर,**
**लोग साथ आते गये और कारवां बनता गया.'**

તો ચાલો આપણે સૌ સાથે મળી આપણી સામાજીક નીસ્બત અને પ્રતીબદ્ધતાથી સ્વાતંત્ર્યની અભીવ્યક્તી માટે 'દક્ષીણાયન' સાથે જોડાઈને આ કારવાંને વીસ્તૃત કરીએ.

❑

# પત્ર-સાર

થોડા દીવસો પહેલાં ઉત્તર પ્રદેશના વારાણસીમાં એક બાબાના ધાર્મીક સંમેલનમાં દોડધામ મચી જતાં 25થી વધુના મોત થયા અને 70થી વધુ ઘવાયા. જે તે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આવા પ્રસંગે મૃત્યુ પામેલા અને ઘવાયેલાઓના કુટુંબીજનોને લાખો રુપીયાની મદદ ફાળવી દે છે એટલે જાણે સરકારનું કામ પત્યું. પરંતુ આવા બનાવો કેમ બનવા પામે છે તેમાં ઉંડા ઉતરતા નથી. આમને આમ વરસે દહાડે આવા બનાવોમાં પ્રજાના પરસેવાની કમાણીના કરોડો / અબજો રુપીયા મદદની લહાણીમાં વેડફાઈ જાય છે. જો કે આ માનવતાનું કામ હોવાથી પ્રજાને એમાં કંઈ વાંધાજનક લાગતું નથી. પરંતુ સરકારે જ જોવું જોઈએ કે આવા બનાવો બનતા અટકે. ખાસ કરીને લોકોની ધર્માંધ માનસીકતા જ મુળ કારણભુત છે અને તેને હવા દે છે આપણા ઢોંગીબાબાઓ જેની સંખ્યા પણ બેસુમાર છે.

રેશનાલીસ્ટો લોકોમાં ઘરબાયેલી અંધશ્રદ્ધા દુર કરવા પ્રયત્નો કરે છે પરંતુ કોઈ દાદ મળતી નથી. આવું અભીયાન ચલાવનારા રેશનાલીસ્ટો પૈકી ડૉ. દાભોલકર અને કલબુર્ગીને તો ધાર્મીક કટ્ટરવાદીઓએ બેરહમીથી ગોળીએ વીંધી મોતને ઘાટ ઉતારી દીધા હતા. થોડા એવા સાચા ધર્મગુરુઓ તેમજ બાબાઓ પણ છે જેની સમાજના ઉદ્ધાર માટે જરુર ખરી, પરંતુ જે કેટલાક બાબાઓ ઢોંગી છે, જેઓ ફક્ત તેમનો ઉલ્લુ સીદ્ધ કરવા જ આવો ધંધો લઈ બેઠા છે તેમના ઉપર સરકારે લાલ આંખ કરવાની જરુર છે. પણ મુશ્કેલી એ છે કે બાવાઓ પાસે ખાસ્સું ભક્તમંડળ હોય છે જેને ચુંટણી સમયે મતોમાં ફેરવવા કેટલાક રાજકીય પક્ષોની દાઢ સળકતી હોય છે જેના લીધે તેમની હરકતો સામે આંખ આડા કાન કરવામાં આવે છે. આપણે ચન્દ્ર ઉપર પહોંચી ગયા છીએ પરંતુ આવા અંધશ્રદ્ધાના કુવામાંથી બહાર નથી નીકળી શકતા એ આપણી કમનસીબી છે. સરકારે પ્રજાને અંધશ્રદ્ધામાંથી બહાર લાવવા અસરકારક કાયદો બનાવવાની જરુર છે.

**- મણીભાઈ યુ. પટેલ**

[સુરત (મો) 9998002488]

❑

# દલીત સમાજની વીવીધ જ્ઞાતીઓ

**પુર્વભુમીકા :**

સમગ્ર ભારતની વસતી જુદા જુદા સમુદાયમાં સમાવીષ્ટ છે. મુખ્યત્વે હીન્દુઓ, મુસ્લીમો, શીખો, ક્રીશ્ચીયનો વગેરેનો તેમાં સમાવેશ થાય છે. હીન્દુઓ દલીતો અને બીનદલીતોમાં વીભાજીત છે. ભારતની બધી વસ્તી વીભીન્ન જ્ઞાતીઓમાં વહેંચાયેલી છે. અદલીતોમાં બ્રાહ્મણ, વાણીયા, પટેલ, આંજણા, રબારી, રાજપુતો અને ઈતર કારીગર વર્ગોનો સમાવેશ થાય છે. આગળ લખ્યું તેમ ભારતનો માનવ સમુદાય વીવીધ જ્ઞાતીઓમાં વહેંચાયેલો છે. કુદરતે માનવસર્જન કર્યું છે પરંતુ 'ગીતાગ્રંથ' ના રચયીતા શ્રીકૃષ્ણે કહ્યું છે કે : ચાતુવર્ણ્યમ્ મયા સૃષ્ટમ્, ગુણકર્મ વીભાજન:' કૃષ્ણ ભગવાન જ્ઞાતીઓનું સર્જન કરે જ નહીં, પરંતુ માનવ પૈકી કોઈકે આ ભેદભાવ ઉભો કર્યો છે, ને તેને શ્રીકૃષ્ણના મુખે વ્યક્ત કરાવ્યો છે. શ્લોકને ધાર્મીક પૃષ્ટી મળે તે માટે ગીતા ગ્રંથને 'ભગવત્ગીતા' નામ આપ્યું છે. આ ચાર જ્ઞાતીઓમાંથી અઢાર અને અઢારમાંથી અઢળક જ્ઞાતીઓનું સર્જન કરવું એ સ્વાર્થી-સત્તાધારી લોકોનું ષડયંત્ર છે.

**વણકર સમાજ :**

દલીત સમાજ અંગે સ્પષ્ટતા કરવાની અહીં વાત છે. આ સમાજમાં બહુસંખ્યક અગ્રેસર જ્ઞાતી છે વણકરો. વણકર સમાજના લોકોનો ધંધો છે કાપડ વણવાનો. ધંધો શુદ્ધ છે પરંતુ આ સમાજના કેટલાક લોકો મરેલાં ઢોર ખેંચતા હોવાથી તેઓને અસ્પૃશ્યો ગણવામાં આવ્યા છે. સરકારમાં કાયમી લાગત-વેરો ભરીને ઢોર ખેંચવાનો હક્ક મળતો હતો. આ માટે દૈનીક વારાઓ રાખ્યા હતા. જે ગામમાં ચમારોની વસતી ન હતી ત્યાં વણકરોએ હક્ક સંપન્ન કર્યો હતો. હાલમાં આ જુની પ્રથા બંધ છે. વણાટ ઉદ્યોગ પણ બંધ થયો છે. તેથી આ જ્ઞાતીના લોકો નાનામોટા વીવીધ ધંધામાં અને સરકારી નોકરીઓમાં વ્યસ્ત છે. છતાં તેઓની અસ્પૃશ્યતા આજે પણ યથાવત્ છે. જ્ઞાતીઓની છુતાછુત બંધ કરવા માટે જ્ઞાતીવીહીન સમાજની આવશ્યકતા છે. સરકાર કાયદા દ્વારા આ કદમ ભરી શકે છે. પરંતુ માનવતાના આ ગંભીર પ્રશ્ને મૌન છે જે દુ:ખદ છે.

**ચમાર સમાજ :**

વણકર જ્ઞાતી પછી બીજી મોટી જ્ઞાતી છે ચમાર યાને રોહીત. તેઓનો ધંધો મૃત પશુઓને ચીરીને તેનાં ચામડા ઉતારવાનો ! ચર્મકુંડોની વ્યવસ્થા એવી છે કે તેમાંથી દુર્ગંધ આવે, પરીણામે આ જ્ઞાતી પ્રત્યે લોકોને સુગ છે. વણકરો અને ચમારો સાથે ભોજન લઈ શકે છે. તેઓ વચ્ચે રોટી વ્યવહાર છે પણ બેટી વ્યવહાર નથી. સૌરાષ્ટ્રમાં તદ્દન ભીન્ન પરીસ્થીતી છે. એક સગોભાઈ વણાટનું કામ કરતો હોય છે ને બીજો ભાઈ ચમાર કામ કરતો હોય છે. જ્ઞાતી રીવાજો લગભગ એક સરખા છે પણ વણકર ચમાર જ્ઞાતી એક થઈ શકતી નથી. આ દુષણ ડામવા માટે જ્ઞાતીવીહીન સમાજ રચનાની તાતી જરુર છે. કેટલાક ગામડાઓમાં વણકર ચમારના મહોલ્લા અલગ અલગ છે. પરંતુ શહેરોની સોસાયટીઓમાં તેઓ સાથે રહેતા હોય છે. અસ્પૃશ્યોમાં ભણતરની શરુઆત વણકર કોમ દ્વારા થઈ હતી. વણકરો ભણતા હતા તેના દશ વર્ષ પછી કેટલાક સ્થળોએ ચમાર લોકોએ ભણવાનું શરુ કર્યું. આજે આ જ્ઞાતી શીક્ષણમાં સમગ્ર દલીત સમાજમાં અગ્રેસર છે. સંપેલી અને બહાદુર જ્ઞાતી છે. સરકારી નોકરીઓમાં અને વીવીધ ઉદ્યોગોમાં પણ આગળ પડતા છે.

**ગરોડા સમાજ :**

દલીત સમાજની ત્રીજી જ્ઞાતી છે ગરોડા યાને ગરો - બ્રાહ્મણ. આ જ્ઞાતી મુખ્યત્વે સીવણકામ સાથે અને ગોરપદું - ધાર્મીક ક્રીયાકાંડ સાથે સંકળાયેલ છે. શીક્ષણમાં તેઓ વણકર સમાજની હરોળમાં છે. મુળ તેઓ જનોઈધારી પંડીતો છે પણ પછાત કોમ સાથે સંકળાયેલા હોવાથી તેઓની ગણના દલીત સમાજમાં થઈ છે. જ્યોતીષ વીદ્યામાં આ કોમ નીષ્ણાત છે. આ સમાજના લોકો દર મહીનાની પુનમે ખડીયો (અનાજ ભરવાની ખાસ થેલી) લઈને કણક માગવા જતા હતા. ગરીબાઈના કારણે તેઓ મજબુર હતા. તેઓએ કણક માગવાની પ્રથા બંધ કરી છે, જે પ્રશંસનીય છે. વણકર-ચમારોને ત્યાં જમણવાર પ્રસંગે આ લોકો પોતાના ઘેરથી વાસણો લઈને જતા હતા ને તેમાં રાંધેલું ભોજન લેતા હતા. આ પ્રથા પણ તેઓએ બંધ કરી છે. વણકર-ચમારોને ત્યાં ધાર્મીક પ્રસંગોએ, લગ્ન ઈત્યાદી પ્રસંગોએ આ કોમ ધાર્મીક વીધી કરે છે તેથી દલીતો તેઓ પ્રત્યે પુજ્યભાવ રાખે છે. શીક્ષણના

લીધે તેઓ સરકારી નોકરીઓમાં સામેલ છે.

**તુરી સમાજ :**

દલીત સમાજની ચોથી જ્ઞાતી છે તુરી-બારોટની. તેઓનો બાપુકો-પરંપરા ધંધો છે વહીવંચાનો. વહીવંચા એટલે દરેક કુટુંબની વંશાવલીના ચોપડા નોંધનારા યાને પેઢીની યાદી રાખનારાઓ. તેઓનો બીજો ધંધો છે ભવાઈના ખેલ કરવાનો. ગામેગામ ફરી ભવાઈના ખેલ કરી આજીવીકા સંપન્ન કરવી તે તેઓનો વ્યવસાય છે. દુઃખદ વાત એ છે કે આ લોકોને વણકર-ચમાર પોતાના વાસણમાં જમવાનું આપતા ન હતા. તેઓને પોતાનું ઘરનું વાસણ લઈને જવું પડતું ! આ જ્ઞાતીએ કદી હલકું ગણાતું કામ કર્યું નથી તેમ છતાં વણકર-ચમાર સાથે રહ્યા તેથી તેઓની ગણના અસ્પૃશ્યોમાં થઈ. આર્થીક સ્થીતી નબળી હોઈ ખુબ મોડેથી તેઓએ ભણતર શરુ કર્યું છે આજે તેઓ સરકારી નોકરીઓમાં અને અન્ય વ્યવસાયમાં વીદ્યમાન છે. સંગીત અને વાજીંત્ર તેઓની ગળથુથીમાં છે તેથી સારા ગાયકો પણ છે.

**સેનમા સમાજ :**

સેનમા જ્ઞાતીના ઉદ્ભવ અંગે કોઈ આધારભુત માહીતી નથી. તેઓનો મુખ્ય ધંધો સાવરણાં બાંધવાનો છે. ઓઢણીઓ, સીંકા વગેરે તૈયાર કરતો સમાજ છે. કેટલાક સ્થળોએ સુવાના ખાટલા પણ ભરતા હતા. આર્થીક સ્થીતીએ નબળો સમાજ છે. શીક્ષણ ક્ષેત્રે પણ પછાત છે. વણકર-ચમાર સાથેના વ્યવહારને કારણે તેઓ અસ્પૃશ્ય ગણાયા છે. વણકરો ચમારો તેઓને અલગ વાસણોમાં જમવાનું આપતા હતા. સમયના વહેણ સાથે આજે આ પ્રથા રદ થઈ છે, લાંબા ગાળા પછી આ લોકો શીક્ષણ લેતા થયા છે. રાજકારણમાં પણ રસ લેતા થયા છે. વસતી ખુબ ઓછી છે પણ શીક્ષીત બનતાં સરકારી નાની મોટી નોકરીઓ ધરાવે છે.

**નાડીયા સમાજ :**

નાડીયા સમાજ કાગળના ટુકડાઓ, કાપડના ફાટેલા ગાભા, પરચુરણ નકામો કચરો એકઠો કરી વેચવાનો ધંધો કરે છે. મોટા શહેરોની ઔદ્યોગીક મીલો, કારખાનાઓમાં અગ્ની- ચીમનીઓને ચેતનવંતી કરવામાં આ કોમનો મોટો ફાળો છે. નાડીયા લોકો વણકર-ચમાર સાથે રહ્યા તેથી અસ્પૃશ્ય છે. આ જ્ઞાતીની બહેનોના ખાસ વસ્ત્ર પહેરવેશને લીધે અદલીતો તેઓના પોતાના ઘેર વાસણો માંજવા, પોતું કરવા બોલાવે છે. આર્થીક સ્થીતીએ નબળો સમાજ આજે પરચુરણ કામોમાંથી વીમુક્ત થઈ શીક્ષણ ક્ષેત્રે સામેલ હોઈ સરકારી નોકરીઓમાં અને અન્ય વ્યવસાય કરતા થયા છે.

**ભંગી સમાજ :**

ભંગી સમાજની દશા શરુઆતથી જ બદતર છે. ગંદા વ્યવસાય સાથે સંકળાયેલા છે. માનવ મળમુત્ર ઉપાડવાના હલકા કામને કારણે આ જ્ઞાતી તીરસ્કૃત રહી છે. હાલમાં આ સમાજ વાલ્મીકી તરીકે ઓળખાય છે. તેઓએ ગંદુ કામ ઉપાડવાનું છોડી દીધું છે પણ ગટર સફાઈ અને અન્ય સફાઈ કામ ચાલુ રાખ્યું છે. પરીણામે સફાઈ કામદારો તરીકે નવું નામ ધારણ કર્યું છે. સફાઈ કામ જેવું હલકું કામ બંધ કરવાને બદલે આ કામ વારસાગત ચાલુ રહે તે માટે તેઓ સક્રીય છે. આ સમાજના કેટલાક લોકો આજે પણ અદલીતોને ત્યાં રાત્રે એંઠુ જુઠું ખાવા ‘વાળુ’ લેવા જાય છે. આ સમાજે સફાઈ કામ છોડીને માનવ ખુમારી લાવવી જ પડશે. ગંદા વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેઓ અસ્પૃશ્ય ગણાય છે. જ્ઞાતીવીહીન સમાજ રચના જ તેઓને મુક્તી અપાવી શકશે. સમાજના કેટલાક લોકો સરકારી સારી નોકરીઓમાં છે. તેઓએ સમાજને જાગૃત કરવાની જરુર છે.

**ઉપસંહાર :**

આપણે સૌ લોકશાહીમાં જીવીએ છીએ. કોઈ ઉંચ નહીં, કોઈ નીચ નહીં. ભારતમાં દરેકને એક મતનો અધીકાર છે પરંતુ અસ્પૃશ્ય સમાજની એક પણ વ્યક્તી વડાપ્રધાન કે રાષ્ટ્રપતી બની શકશે ખરો ? બહુસંખ્યક અદલીતો આ કદી થવા દેશે નહીં. છુતાછુત નષ્ટ થઈ છે પણ ઉંડે ઉંડે આ લોકોના દીલમાંથી દલીતો પ્રત્યેનો ભેદભાવ ચાલુ છે. ફક્ત જ્ઞાતીવીહીન સમાજ બધાને સરખા હક્ક અને હોદ્દા અપાવી શકશે. સમાજમાંથી જ્ઞાતી અને અટકો દુર કરવાની તાતી જરુર છે. માણસ માત્ર નામથી કે ધંધાના નામથી ઓળખાવો જોઈએ, પણ જ્ઞાતી અને અટકથી નહીં. આ માટે કાયદો લાવવાનું કામ સરકારનું છે. સરકાર આ કામ ના કરી શકે તો વીકલ્પે દલીતો માટે અલગ રાજ્ય શ્રેષ્ઠ ઉપાય છે. દલીત સમાજ માટે આ મુદ્દો પડકારરુપ છે.

**- બબલદાસ બી. ચાવડા ઉર્ફે કવી બુદ્ધીધન વીસનગરી**

(મો. 94289 60548)

❑

# અહીંસા કાયરતા છે ?

સ્વામી સચ્ચીદાનંદે 'મહાભારતની કથાઓમાં', વીદુલાની કથા લખી છે. તેમાં કહ્યું છે કે વીદુલાનો પુત્ર યુદ્ધમાં ગયો અને ત્યાંથી ભાગીને ઘેર આવતો રહ્યો અને ચાદર ઓઢીને સુઈ ગયો. તે જાણી વીદુલાને ખુબ દુઃખ થયું. તેણે પુત્રને ધીક્કાર્યો કે તારા કરતાં તો મારી કુખે પથરો પેદા થયો હોત તો સારું થાત વગેરે. કડવી વાણીથી પુત્ર ઉઠ્યો. ફરીથી યુદ્ધમાં ગયો અને વીજયી બન્યો વગેરે. તે કાયર થઈને મોતથી ડરીને ભાગી આવ્યો તે કાયરતા છે. મોતનો ડર છોડીને લડ્યો તેમાં બહાદુરી છે. આ કબુલ કરી શકાય તેવું છે. પણ સ્વામીજીએ ગાંધીજીની અહીંસાને કાયરતા ગણાવી છે તે સ્વામીજીનું અજ્ઞાન છે.

જેને અહીંસા બરાબર પચી ગઈ હોય છે તે પણ માથું હાથમાં લઈને ફરનારા હોય છે. એવા સરદાર-નેતા તરફ અનન્ય શ્રદ્ધા રાખીને હીંસાને મોરચે અહીંસા ધારણ કરીને લડે છે; તે પણ માથું હાથમાં લઈને લડે છે. તેની ઉપર લાઠીઓ ચાલતી હોય, ઘોડા દોડતા હોય, ભાલા ચાલતા હોય, ગોળીઓ ચાલતી હોય તો પણ ! ભલે તેના જીવનમાં અહીંસા ન પચી હોય પણ સરદાર પરની અનન્ય શ્રદ્ધાને કારણે લાઠીને રોકવા કે ભાલાને રોકવા હાથ પણ ઉંચો નહીં કરે કે તેનાથી પોતાના શરીરને એક ઈંચ પણ તારવવાનો પ્રયત્ન નહીં કરે. મોતને ભેટવા તે તૈયાર હશે. ગાંધીજીની લડતમાં આવા હજારો સૈનીકો લડ્યા છે અને મોતને ભેટ્યા છે. આ નેતા પરની શ્રદ્ધાને કારણે અહીંસાનું પાલન છે. તેને કારણે જ દેશને સ્વતંત્રતા મળી છે. હીંસક ક્રાંતીકારીઓ પણ માથું લઈને લડ્યા છે. તેઓ કાયર નથી બન્યા. પણ અંગ્રેજોએ તેમના હાથમાં લગામ નથી આપી. લગામ ગાંધીજી અને તેમના સાથીઓના હાથમાં આપી છે કે જેઓએ નવી જ ક્રાંતી - અહીંસક સામુહીક ક્રાંતી કરી છે.

વ્યક્તીગત રીતે અહીંસાની શક્તી બતાવનારા પ્રહ્લાદ વગેરે અનેક મહાત્માઓ થઈ ગયા. તેઓ જુલમીઓ સામે શરીરબળ કે શસ્ત્રબળથી નથી લડ્યા. તેઓ આત્મબળથી માથું હાથમાં રાખીને પોતાના સત્યને સીદ્ધ કરવા લડ્યા છે અને વીજયી બન્યા છે. આવા હજારો દાખલા એકઠા કરી શકાય. આ વ્યક્તીગત બહાદુરોની અહીંસા છે. પણ ગાંધીજીએ સામુહીક અહીંસાની શક્તી દેશ અને દુનીયા પાસે મુકી અને તેને સીદ્ધ કરી બતાવી. તેમના અનુયાયીઓને આ શક્તી પચી નહોતી તેથી આજે તે અહીંસાનો વીસ્તાર થતો નથી. ખુણેખાંચરે થતો પણ હશે અને તેવા વીચાર પર શ્રદ્ધા રાખનારા પણ હશે પણ એ વીચારની (ખરેખર આપણી) કમનસીબી છે કે એ વીચાર પર શ્રદ્ધા રાખનારા સંગઠીત થઈને એ વીચારને આગળ ધપાવતા નથી અને ઘોર નીદ્રામાં સુતા છે. ગાંધીજીની લડત વખતે સરદાર - ગાંધીજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી અહીંસાથી લોકો લડ્યા છે. તે પ્રવાહ આજે પોતાને ગાંધીજીના અનુયાયી ગણાવનારાઓમાં સુષુપ્ત છે. તેથી રાજકારણીઓ દ્વારા દેશ અવળે માર્ગે દોડી રહ્યો છે તેનો અર્થ એવો નથી કે અહીંસાની શક્તી મરી પરવારી છે. તેનો અર્થ એટલો જ છે કે ગાંધીજીના હાલના ખરા અનુયાયીઓ અથવા ગાંધીજી પ્રત્યે દુર્ભાવ ન રાખનારા સજ્જનોમાં ગાંધીજીની અહીંસા પચી નથી.

સ્વામી સચ્ચીદાનંદે વીદુલામાં અને અન્યત્ર પણ લખ્યું છે કે 'અહીંસાવાદીઓના ક્યાંય પાળીયા ભાગ્યે જ જોવા મળશે.' ભાગ્યે જ મળશે એમ લખ્યું છે એટલે તેઓ નથી માનતા એવું નથી. તેમના ખ્યાલમાં એ તો હશે જ કે અહીંસાવાદીઓનાં સ્મારકો રચાયાં છે. વળી પાળીયા તો જુના જમાનાનાં સ્મારકો છે. દેશ માટે હીંસા દ્વારા લડનારા ક્રાંતીકારીઓના પણ પાળીયા ક્યાં મુકાયા છે ? સ્મારકો છે.

પોતે પ્રખ્યાત થઈ ગયા પછી જે વીચારોને પોતે સમજ્યા નથી કે ઉંડાણપુર્વક સમજવાના પ્રયત્ન કર્યા નથી તે વીચારને અંગે ફાવે તેવાં વીધાનો કરી નાખવાં એ તટસ્થ વીચારકનું લક્ષણ નથી. વીદુલાનો દીકરો માથું હાથમાં લઈને ફરીથી લડવા ગયો તેમાં બહાદુરી છે જ, તે કાયર ન બન્યો. પણ ગાંધીજીની સરદારી નીચે માથું હાથમાં લઈને અહીંસાથી લડ્યા તેમનામાં વીશેષ પ્રકારની ભરપુર અને અદ્‌ભુત બહાદુરી જ છે. આજે અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ પેદા થયા છે તેમાં હાથ બોમ્બ કે સાદા બોમ્બ લઈને લડવા જનારા ખરેખર બહાદુર પણ ખાખ થઈ જવાના ! તેઓ બોમ્બથી લડવા જઈ રહ્યા છે તો તેની સામે વધુ વીનાશક બોમ્બ જ કામ કરશે. આમ શસ્ત્રનો વીકાસ ક્યાં સુધી કર્યા કરવો ? અણુબોમ્બ જેવાં શસ્ત્રો સજીવનીર્જીવ બધાંના વીનાશનાં સાધન છે. સ્વામીજીને આત્મવીકાસનું સાધન કયું લાગે છે ? અહીંસાના સામુહીક બળે લાઠી, ભાલા અને ગોળીઓ સામે

પોતાનું બળ સીદ્ધ કરી બતાવ્યું જ છે. એ બળનો સામુહીક વીકાસ વધુ થાય તો અણુ બોમ્બ કે હાઈડ્રોજન બોમ્બ સુરસુરીયાં થઈ જવાનાં.

સ્વામીજી પોતાના રક્ષણ માટે બંદુક રાખે છે પણ એમની ઉપર કોઈ નાનું એવું મીસાઈલ છોડે તો ? માણસનો વીકાસ શસ્ત્રના વીકાસમાં નથી. ઉમાશંકર જોશી કહે છે કે ‘નખે, દાંતે, પંજે, તનબળ થકી માનવી લડ્યું; વદ્યા ગાંધી, શસ્ત્રો નીડર જન રાખે નવ કદી.’ નખ, દાંત વગેરેથી વાઘસીંહ વગેરે લડે છે. તે રીતે માનવી પણ જંગલી અવસ્થામાં હતો ત્યારે નખ, દાંત વગેરેનો ઉપયોગ કરતો હશે. પછી તેણે પથ્થરમાંથી છરા, કુહાડી, ભાલા વગેરે બનાવી કાઢ્યા તેથી હીંસક પ્રાણીઓ સામે વધારે શક્તીથી લડી શક્યો. પછી તીર, તલવાર વગેરે શસ્ત્રોનો વીકાસ કર્યો. તેની સામે ઋષીમુનીઓએ આશ્રમો દ્વારા ‘હું માનવી માનવ થાઉં તો ઘણું’ તેની કેળવણી આપી. તેથી હરીશ્ચંદ્ર, સુદામા, શ્રીકૃષ્ણ વગેરે અનેક મહાત્માઓ પાક્યા. કીશોરલાલભાઈ મશરુવાળાએ ‘રામ અને કૃષ્ણ’ પુસ્તક લખ્યું છે. તેમાં રામને આદર્શ બતાવ્યા છે અને કૃષ્ણને તેમના વીશીષ્ટ ચરીત્રને કારણે માણસ ભુલાવામાં પડે એમ બતાવ્યું છે. આપણે કોઈ કોઈ વખતે છાપાંઓમાં વાંચીએ છીએ કે ‘અમુક હરામખોરે કૃષ્ણની લીલાને નામે સ્ત્રીઓ સાથે દુરાચાર કર્યા.’ આ તો દુષ્ટ માણસોનું કામ છે. જે શ્રીકૃષ્ણે કંઈક અંશે ધર્મમાર્ગે ચાલનારા પાંડવોને અવારનવાર મદદ કરી અને મહાભારત વખતે અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો. એ ગ્રંથ જીવન સુધારનારાઓ માટે શ્રેષ્ઠ સીદ્ધ થયો છે. એવા ઉત્તમ ગ્રંથની રચના કરનાર શ્રીકૃષ્ણના ચરીત્રમાંથી દુષ્ટો દુરાચારનો આશરો લે છે તે નરકના કીડા સમાન છે. ગીતાની રચના કરનાર શ્રીકૃષ્ણનું જીવન આશ્રમમાં ઘડાયું હતું. આશ્રમોની એ શ્રેષ્ઠ કેળવણી હતી. પ્રહલાદ, મીરાંબાઈ વગેરે અહીંસાનું શુદ્ધ પાલન કરનારાઓ આપણે માટે આદર્શ બન્યાં છે.

તીર, તલવાર, ભાલા જેવાં શસ્ત્રો વખતે ઋષીમુનીઓએ આશ્રમમાં વીદ્યાર્થીઓને જીવનની તાલીમ આપી. બંદુક અને તોપોના જમાનામાં ગાંધીજીએ લોકોને અહીંસાની સત્યાગ્રહની તાલીમ દ્વારા બ્રીટીશ સલ્તનતને રવાના કરી. એ ગાંધીજીમાં કાયરતા કહેનાર સ્વામીજીમાં અધુરપ અને અજ્ઞાન જ ગણાય.

**– પીનાકીનભાઈ મકવાણા**

મો. 9974404093

❑

# ભાષા-ચર્ચા

## લીપી-સુધાર

**કાકા કાલેલકર**

જો આપણે ગુજરાતી લીપીમાં અત્યંત જરુરી સુધારો કરવાનો સવાલ અને તેની ઉપયોગીતા સમજ્યા હોત તો ગુજરાતમાં સાક્ષરતાપ્રચાર વધારે સહેલો થયો હોત, ગુજરાતી દૈનીકોનો ખર્ચ ઘણો ઓછો થયો હોત.

અને લીપીમાં ફેરફાર કરવાના તે કેટલા ? ગુજરાતીએ અમુક ફેરફારો કરવામાં તો પહેલ કરી જ છે. ગુજરાતી લીપીએ શીરોરેખા ક્યારની કાઢી નાખી છે. એટલે કે ગુજરાતીમાં અક્ષરોનાં માથાં બાંધવાં નથી પડતાં. દેવનાગરીના અટપટા ए ऐ કાઢી નાખીને ‘અ’ ઉપર એક (એ) અને બે (ઐ) માત્રા આપણે ચડાવીએ છીએ. ‘ર’, ‘વ’ સાથે ગોટાળો કરતો દેવનાગરીનો ख આપણે ખસુસન્ ખસેડ્યો.

ગુજરાતી પ્રજા પાસે વહેવારની દૃષ્ટી છે, એ લાભહાની સમજે છે. ‘આત્મહત્યા કરીશું, પણ રુઢીને છોડીશું નહીં’ - એ જાતની ઉત્તરભારતીય જીદ ગુજરાત પાસે નથી. ગુજરાતી સાહીત્ય પરીષદે લીપી-સુધારની બાબતમાં પ્રારંભ કર્યો હતો. પણ એ સુધારાની પ્રવૃત્તી ત્યાં જ અટકી અને આખા ભારતને નવી દીશા બતાવવાની તક ગુજરાતે ખોઈ. શ્રી વીનોબા ભાવે, શ્રી કીશોરલાલ મશરુવાળા, શ્રી બચુભાઈ રાવત અને હું ગાંધીજીની મદદથી તે વેળાએ જે કરી શકત તે ન થઈ શક્યું. પછી આજે એકલા શ્રી મહેન્દ્ર મેઘાણી જોર કરે તે ક્યાં સુધી ચાલવાનું ? મહાત્મા ગાંધીએ શરુ કરેલું એ કામ હવે ન કરી શકે આજની કોંગ્રેસ કે ન કરી શકે આપણી ગુજરાતી સાહીત્ય પરીષદ. હવે જો ગુજરાતી દૈનીકો ચલાવનાર પ્રેસવાળાઓ અને પ્રકાશન સંસ્થાઓ પોતાનું હીત સમજે અને હીંમત કરે તો જરુર ઘણું થઈ શકે. અથવા જો દેશમાં નવી શક્તી જાગે અને એને ગળે આ વાત ઉતરે, તો જ આ જરુરી ફેરફાર થઈ શકશે. તેમ થાય તો ગુજરાતી પ્રકાશનોની સંખ્યા હજારોથી નહીં પણ લાખોથી ગણવાનો વારો આવશે. ગુજરાત પાસે આજે બધું છે, પણ ક્રાન્તદર્શી નેતૃત્વ નથી.

[સૌજન્ય : **‘મીલાપની વાચનયાત્રા’** : 1959] ✻

## જોડણી સુધારણાનો પ્રશંસનીય પ્રયત્ન

**મધુ કોઠારી**

કેટલાક સમયથી ગુજરાતી જોડણી વીષે મનોમંથન થઈ રહ્યું છે. ગુજરાતી જોડણીમાં જરુરી એવા ફેરફાર કરવા જોઈએ, એવું કેટલાક ચીંતકો માને છે. તેમનો આશય ગુજરાતી જોડણીને સરળ બનાવવાનો છે. તેનાથી નીરર્થક શ્રમ - સમય બચે તેમ છે, એવો તેમનો મત છે. એક દૃષ્ટીએ તે યોગ્ય પણ લાગે છે. કારણ કે આજના પરીવર્તનના યુગમાં જો બધા ક્ષેત્રોમાં પરીવર્તન આવતું હોય તો જોડણીના ક્ષેત્રમાં શા માટે નહીં ? અને તે પણ લખવામાં સરળતા અને સુગમતા માટે હોય તો તેમાં ખોટું શું છે ?

આ દીશામાં જાણીતા શીક્ષણશાસ્ત્રી શ્રી રામજીભાઈ પટેલ અને તેમના મીત્રો કાર્ય કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે આ અંગે એક પુસ્તીકા 'ગુજરાત કે ગૂજરાત ?' પણ પ્રગટ કરી છે. તેમાં તેમણે નવ્ય જોડણીની જરુરીયાત અને લખવામાં તેની સરળતાની છણાવટ કરી છે. ઉપરાંત નવ્ય જોડણી વીષેનાં નીષ્ણાતોનાં મંતવ્યો પણ આપ્યાં છે.

તા. 9-01-99ના રોજ ઉંઝા મુકામે 'અખીલ ગુજરાત જોડણી પરીષદ' યોજાઈ હતી. તેમાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો : 'ગુજરાતીમાં ઈ-ઉની જોડણીના વીદ્યાપીઠના કોશના નીયમો અતાર્કીક અને ઘણી અસંગતીઓથી ભરેલા છે, તેમજ ગુજરાતી ભાષામાં ઈ- ઉનું હ્રસ્તત્વ - દીર્ઘત્વ અર્થભેદક ન હોઈને એ અવાસ્તવીક પણ છે. તેથી એ નીયમો હવે છોડી દેવા અને લેખનમાં સર્વત્ર એક ઈ અને એક ઉ યોજવા.'

આ ઠરાવ પ્રમાણે શ્રી રામજીભાઈ અને મીત્રો માને છે કે હવે હ્રસ્વ-દીર્ઘના ભેદ દુર કરવા અને એક જ પ્રકારની જોડણી કરવી. આમ કરવાથી આમ આદમી અને વીશેષ તો વીદ્યાર્થીઓને સુગમતા રહેશે. તેમનું માનસીક ભારણ ઓછું થશે.

આ વીષે થોડાંક મંતવ્યો જાણીએ તો વધુ સ્પષ્ટતા થશે. જાણીતા સાહીત્યકાર અને કેળવણીકાર શ્રી મોહનલાલ પટેલ જણાવે છે કે 'જોડણીની બાબતમાં તમારી (રામજીભાઈની) વાત બરાબર ગળે ઉતરી છે. પણ વર્ષોથી પેલી ઘરેડમાં ચાલ્યા કરવાનું થયું એટલે કલમ ચીલો ચાતરવા તરફ વળતી નથી એનો અફસોસ છે. જોડણી માટેની તમારી તપશ્ચર્યા મસ્તક નમન કરાવે તેવી ગાઢ અને દૃઢ છે. હું એને (જોડણી સુધારણાના કામને) યજ્ઞકાર્ય કહું.'

તે જ પ્રમાણે શ્રી મીતેશ શેલક જણાવે છે કે 'ભાષામાં એક જ ઈ અને ઉ વાપરવાથી મોટાભાગના શબ્દોની જોડણીની ભુલો ટાળી-સુધારી શકાય છે. એક શીક્ષક તરીકે શાળાના વીદ્યાર્થીઓ સાથે પ્રમાણ્યું છે કે જો નવી જોડણીનો સ્વીકાર કરવામાં આવે તો શીક્ષકો- વીદ્યાર્થીઓનો નીરર્થક શ્રમ-સમય બચે તેમ છે.'

રુઢીગત જોડણીમાં કેટલી વીસંગતતા છે તે બતાવવા શ્રી રામજીભાઈએ 'ગૂજરાત' કે 'ગુજરાત' શબ્દ લઈ તેની વીશદ છણાવટ કરી છે. ગુજરાત વીદ્યાપીઠના જોડણીકોશમાં બન્ને જોડણી માન્ય રાખી છે. હવે પ્રશ્ન એ થાય છે કે બન્ને જોડણી આ શબ્દ માટે માન્ય હોય તો અન્ય શબ્દો માટે શા માટે નહીં ? ખરેખર તો દરેક શબ્દ માટે એક જ જોડણી હોવી જોઈએ. જાણીતા વીવેચક સ્વ. જયંત કોઠારી આ અંગે જણાવે છે કે 'છેલ્લેથી ચોથા સ્થાને આવતો ઉ જોડણીકોશે સ્વીકારેલા નીયમ મુજબ હ્રસ્વ લખાય તેથી 'ગુજરાત' ગણાય. 'ગૂજરાત' વીકલ્પ કેમ આપ્યો છે એ અનુમાનનો વીષય છે.' આવા તો ઘણા શબ્દો છે જેને અપવાદ રુપ ગણી બબ્બે જોડણી આપી છે. આમ ગુંચવાડો ઉત્પન્ન થાય છે. તેથી સરળતા લાવવા માટે પણ 'ઉંઝા જોડણી' સ્વીકારવી જોઈએ એમ લાગે છે. જોડણીનો નવેસરથી વીચાર કરવા વારંવાર સેમીનાર ગોઠવવા જોઈએ અને વીસ્તારપુર્વક વીચારણા થવી જોઈએ. પણ આ માટે કોને નવરાશ છે ? બધા ટી.વી.ની લપેટમાં આવી ગયા છે અને વાચનમાંથી તો જાણે રસ જ ઉડી ગયો છે. આવું હોય ત્યાં 'જોડણી વીચાર' એ તો બહુ દુરની વાત છે.

[સંપાદક : અનીયતકાલીક **'મોનો-ઈમેજ'** : 3, તીરુપતીનગર, રૈયા રોડ, રાજકોટ-360007]

❑

**નયામાર્ગ**

**વાંચો અને વંચાવો**

**વાર્ષીક લવાજમ રુ. 150**

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-12-2016

# કાવ્યોમાં સાંપ્રત

## વી-નાયક !

સુરજની એ વાત કરે છે,
ને અંધારી રાત કરે છે,

દંભી વસ્ત્રોથી શણગારી,
ખુલ્લમ ખુલ્લી જાત કરે છે.

નવજીવન દેવાના બહાને -
ઘાત ઉપર બસ ઘાત કરે છે.

ઠાલા વચનો, પોકળ શબ્દો;
સાવ જુઠડી વાત કરે છે.

ઐક્ય તણા પોકળ દેખાડા,
અનૈક્યના આઘાત કરે છે.

**- કરસનદાસ લુહાર**

## કેમ અટકે ?

બોલવું, બોલાય ના,
હોઠ પણ ખોલાય ના !

ઉઘડે કંઈ દૃશ્ય પણ,
આંખથી જોવાય ના !

કામનું શું દ્વાર એ ?
કોઈ જો ડોકાય ના !

ફુલનો શું ભાર છે ?
ડાળથી ડોલાય ના !

કાલું છે વાગડનું એ,
એમ એ ફોલાય ના !

કેમ અટકે... ભાગદૌડ ?
ક્યાંય પગ ખોડાય ના !

પા, 'સીકંદર' એ અમી,
કોઈ વખ ઘોળાય ના !

**- સીકંદર મુલતાની**

[લીંબડી (મો) 92281 16363]

## જાલી લાગે

દસ, વીસ ને પચાસ સોની નોટો વહાલી વહાલી લાગે,
હજાર, પાનસો હોય છતાં એ ગજવું ખાલી ખાલી લાગે.

ખર્ચા ઉપર કાપ પડ્યો છે, તીજોરીમાં સાપ પડ્યો છે,
કાળાધોળા રંગો વચ્ચે માણસ પોતે જાલી લાગે.

કોઈ કહે છે આમ કરો ને કોઈ કહે છે તેમ કરો,
વાત કરે છે આડીઅવળી અંતે સહુ દલાલી લાગે.

નટખટ, નમણી ને રુપાળી, બે હજારની નોટ હુંફાળી,
પત્ની કરતાં વ્હાલી લાગે, જાણે નટખટ સાળી લાગે.

જેની પાસે કાંઈ નથી એ ખુબ જ સુખીયો માણસ લાગે,
હસીહસીને વાત કરે છે એકબીજામાં તાલી લાગે.

**- સુલતાન લોખંડવાલા**

[બગસરા (મો) 93746 02852]

## ત્રીપદી ગઝલ

કાગળોના વ્હાણ તરતા થૈ ગયા છે.
લાકડું તરતું હતું એ વાત જુની,
આજ તો પાષાણ તરતા થૈ ગયા છે.

સંત થઈને એ વીહરતા થૈ ગયા છે.
કાલ જેના વસ્ત્રમાં ખીસ્સું જ ન્હોતું,
એ હવે ખીસ્સાઓ ભરતાં થૈ ગયા છે.

સુર્યને પણ અર્ધ્ય ધરતા થૈ ગયા છે.
રાત સાથે છે સંબંધો ગાઢ જેને,
એ અહીં અજવાળું કરતા થૈ ગયા છે.

પાંદડા લીલા જ ખરતા થૈ ગયા છે.
વૃક્ષ ખુદના મુળને ખોદી રહ્યું છે,
ડાળ પર ટહુકાઓ મરતા થૈ ગયા છે.

આયનો જોઈ થથરતા થૈ ગયા છે.
કેમ ઉગારી શકો એને પરાજીત,
માણસો ખુદથી જ ડરતા થૈ ગયા છે.

**- પરાજીત ડાભી**

[ભાવનગર (મો) 98249 03903]

## બોલ વાલીયા !

કેટલાં યુગથી બન્યો તું ઢોલ વાલીયા ?
વાસ્તવીકતામાં જ પોલમપોલ વાલીયા !

ચીસ, શોષણ, વેદના : કોઠે થીજેલ છે;
આગ ભીતરની તલેતલ તોલ વાલીયા !

તુંય નેતા થઈ ગયો પણ સ્વાર્થમાં રહ્યો;
શીંગ માફક નાતને ના ફોલ વાલીયા !

એ જ અંગુઠો હજીયે આપતો રહ્યો;
છળકપટના તુંય કરતો મોલ વાલીયા !

'દાન' સઘળાં મર્મ સાથે શાસ્ત્ર પણ કહે -
હાંક મારી હક વીશે પણ બોલ વાલીયા !

**- દાન વાઘેલા [ભાવનગર]**

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001